મી૦ મનસુખનાં કીમતી ભાશાંણો.

મુંબઈ મધેનાં જરતોશતી અંજુમનનાં આતશ બેહરાંમને લગતી બાબતો વીશેનાં,—તથા અશલી ઈરાંન મધેનાં તેમજ હીંદુશતાંન મધેનાં આતશ બેહરામોની તવારીખી બાબતો વીશેના,—તથા ઈરાંનનાં પાદશાહોએ આતશ બેહરામોમાં કીધેલી બંદગી તથા બખશેશો,—તથા માંગેલી મોરાદ અને બીજી બાબતોને લગતાં ભાશાણ શાહનામા મધેનાં ફારશી બેતોની શાહદતો તથા તેમનાં ગુજરાતી બોલાશા શાથેનાં.

ઈગ્લંડ મધેનાં "ઈલશતરેટેડ લંડન નીઉઝ"—નાં તા૦ ૩ ફેબરવારી શને ૧૮૯૪ નાં અંકમાં મી૦ મં૦ કા૦ મનસુખની છાપેલી શબી તથા હેવાલ નીચે મુજબનો છે.


(પરગટ કરનાર.—ડો૦ અ૦ પેશતનજી.)

શને ૧૨૬૭ ઈઅઝદે ઝરદી—શને ૧૮૯૮ ઈશવી. કીમત એક રૂપીઓ.



(*From the " Illustrated London News " of the 3rd February 1894.*)

The influential and intelligent Parsee community of Bombay possesses not only men distinguished for commercial ability, wealth, and beneficence, whose acts of liberality we often record, but also literary scholars, authors, and poets, highly esteemed by students of Oriental languages. Mr. Muncherji C. Munsookh, whose portrait has been sent us by his fellow-citizen, is sixty-five years of age, and has during nearly half a century been an active contributor to literature in the current vernacular of Western India, having composed about thirty books of history, moral philosophy, poetry and romance, including his accurate translation of the poems of Firdousi, a great classic of ancient Persia eight centuries ago, who wrote the grand national epic, the " Shah Nameh " or Book of Kings, in 60,000 Pehlevi verses. Muncherji Munsookh, moreover, is also well acquainted with modern European literature; he has translated the German songs of the Rhine, and wrote an ode upon the death of our Prince Consort, for which he was thanked by Queen Victoria and by the Empress Frederick of Germany. He has been a very useful citizen, taking part in many works of local improvement and of social reform in Bombay.



શેઠ કાવસજી દીનશા એડનવાલા C. I. E. નો બનાવેલો મારબલ પથરનો ગુંબજ તથા
શેઠ શાપુરજી શેરાબજી નારીએરવાલાનું રૂપાનું મોટું અફરગાંનીઉ.

શાહનશાહી જરથોશતી અંજુમનનાં નવાં આતશબેહરાંમ વીશેનાં તથા તેને લગતી બીજી બાબતો વીશેનાં મી૦ મનચેરજી મનસુખનાં અગતના તથા વાંચવા લાયક અને દીલપસંદ ભાશાંણો— આગલાં તવારીખી લખાંણોની શાહદતો—

તથા

ફીરદોસીનાં શાહનામાં મહેનાં દીલપજીર ફારસી બેતોનાં વાંચણો અને તેનાં ખોલાસા સાથેનાં.

મી૦ "મનસુખ"

તે

મનસુખી—ગંજનામું, એહવાલે જંદ અવસતા, પરીનસ આલબરટ,
જમશીદી નઓરૂજ, બેત રીતી, પારસીઓના ધારા વીશે
તકરાર, સર જમશેદજી બારોનેટ, કાંઉનટ ગોબીનોએ
બનાવેલા ખીલા રોકા હરફો વાંચવાની રીતનો તરજુમો,
મુનતખબે શાહનામે, શેર ને સટાબાજી, પારસી પાદ-
શાહોની તવારીખ, નામ સેતાએશને, રાહીન નદીનાં
ગીતો, મનસુખી મનાજાત તથા અરજ ગુજારી,
ગુજરાતી શાહનામું નામનાં પુસતકો
અને બીજી ચોપડી-ચોપાનીઆંના
બનાવનારની પરવાનગીથી

પ્રગટ કરનાર,

ડો૦ અ૦ પેસતનજી.

મુંબઈ: ધી રીપન પ્રીંટીંગ પ્રેસ કં૦, લી૦ માં છાપ્યું છે.

સને ૧૮૯૮.

Registered under Act XXV. of 1867.

(કીંમત રૂ. ૧ એક.)—(*Price Re. One.*)

55674

શાહનશાહી જરથોશતી અંજુમનનાં મુંબઇ મધેના નવાં આંતશબેહરામને લગતું મી૰ મનસુખની તરફનું ફીરદોસીનાં રંગીન બેતોનાં વાંચણ અને ખોલાસા સાથેનું ભાશાંણ.

ઇસવી શને ૧૮૯૭ ના માશ અકટોબરની તા૰ ૧૦ મીની સાંજે ફરાંમજી કાવશજી હાલમાં, જરથોશતી બાનુંઓ અને ગ્રહસ્થોના એક મોટા મેલાવડાની સનમુખ, મી૰ મનચેરજી કાવશજી મનસુખે, મુંબઇ મધેનાં શાહનશાહી જરથોશતી અંજુમનનાં નવાં બંધાએલાં આતશબેહરામની બાબતને લગતું, તથા આગલા પાછલા બનાવોની તવારીખ ઇત્યાદીને લગતું, તથા પાક આતશી નુરના કેબલાની ખુબીને લગતું ભાશણ કહી સંભલાવયું હતું. તેનો અગતનો સાર નીચે મુજબનો છે:—

મી૰ મનચેરજી મનસુખ ઉપલે દીને જેવા મીજલસમાં દાખલ થયા તેજ વખતે સભાસદોએ ખુશાલીની તાલીઓ અને આવાજોથી તેવણને વધાવી લીધા હતા અને મી૰ મનસુખે નમીને સરવેને સલામ કીધા બાદ, મી૰ મનસુખ એમ બોલ્યા હતા કે—

મીજલસની બાંનુઓ અને ગ્રહસ્થો,—ફકત એક સાદી જાહેર ખબરનો એશારો વાંચીને, તમોએ આટલી મોટી સંખ્યામાં અતરે હાલ હાજર થવાની તસ્દી લીધી છે, તે માટે હું મારાં ખરાં અંતકરણથી તમારો ઉપકાર માંનું છું. આગલ જેમ બીજાં મારાં ભાશણો ધયાંનથી, ધીરજથી, તથા શાંતપણે અને હશીખુશીથી શાંભલવાની મેહરબાંની કીધી હતી, તેવીજ મેહરબાંની આજની આએ ગંજાવર સભામાંબી કરશો એવી આશા રાખું છું.

મીજલસના સાહેબો,—શરૂઆતમાં મારે જણાવવું જોઇએ છે કે, જરથોશતી અંજુમનની તરફનું એક જાહેર આતશબેહરાંમ બંધાવું જોઇએ છે, એવી જીકરી ગયાં ઘણાં વરશો થયાં, જાહેર તેમજ ગુપત રીતેથી હું ચલાવતો રહયો હતો, અને ગયાં આશરે તેર વરશોની વાતપર, કોટમાં મરહુમ માંણેકજી શેઠની વાડીનાં મકાનમાં. તેમજ આએ ફરાંમજી હાલમાં જાહેર ભાશાંણોપર ભાશણ આપીને ઉશકેરણી કીધી હતી, તેની યાદી તે

વખતે જાહેર રીતે છપાઈ હતી, તે છપાયલી ઇયાદી મધેનાં કેટલાએક અસલ સખુનો તમો હજુર રજુ કરવાને હાલ ઘટતું વીચારૂં છું, જે નીચે મુજબનાં છે :—

"આખી પારસી અનજુમનની તરફના આતશબેહરામની આપણને હાલ બહુ મોટી અગત છે. અનજુમનની સતા વગર, હાલ આપણી કોમને લગતાં કામો, તથા દીનઆંઇનને લગતી ઇમાનદારીની લાગણીઓ, દીન ઉગે સુસત અને બરબાદ થતી જાય છે. આપમતલબ અને આપખુદી ધરાવનારા ખાનગી ગ્રહસ્થો અસતકનાં ખાંનગી આતશબેહરામનાં મકાનોનાં બેદાદ કારોબારથી, આપણને બહુ ખમવું પડે છે, તે બાબેના પકા વીચાર તેજ ગ્રહસથો કહી શકશે કે જેઓને એ બાબેની અજમાએશ મલી ચુકેલી હશે."

સાહેબો—હાલનાં એ નવાં આતશબેહરામને બરપા કરવાની તવારીખને લગતો ખોલાશો સમજાવવા બેશું તો ઘણું લંબાણ થઇ જાય અને વળી એ બીનાં ખુદ તમારા જમાનામાં અને તમારે કાંને સંભલાતી જીકરીઓ અને વાતો હજુર બનેલી છે તેથી હાલ કંઇબી બોલવાની અગત જોતો નથી.

પણ શોકર ખોદાતાલાના કે ઘણીએક રીતની ધારેલી તેમજ નહી ધારેલી અડચણો અને હરકતો છતાં, તથા દુશમન દાવાની ચાવાચાવી અને હસદ અદેખાઇના તથા રીતને અંગેજીના કાવા દાવાઓ છતાં, લગભગ ૧૪ વરશોની લાંબી મુદતેબી, એ પવીત્ર મકાનનું કાંમ અંતે પુર ફતેહમંદી સાથે સરંજાંમ પુગું છે, અને આવતા આદીતવારની તા૦ ૧૭ મી અકટોબર ઇસવી સને ૧૮૯૭ અને જરથોશતી ઇઅજદેજરદી સને ૧૨૬૭ ને માહ અરદીબેહશત તથા રોજ અરદીબેહશતને દીને, એ પવીતર કેબલાને તખતનશીન કરવાની અશલી કેઆંની દીનઆંઇન મુજબની ક્રીયા, જરથોશતી સમશત અંજુમનની મંડલી હજુર થનાર છે, તેવા મુબારક સમે તમો સરવે મીજલશીઓએ, તેમજ તમારાં સગાં વાહલાંઓએ અને દોશત આશનાઓએ હાજર થઇને, પવીત્ર તુરી કેબલાને માંન આપવાની, તથા દીનનાં ફરમાન મુજબની ખોદાઇ શેતાએસ અને નીઆશ અદા કરવાની તસદી લેવાને ભુલવું નહી. (**તાલીઓના અવાજ.**)

એ હીંગામને તમો દરેક અને સરવે મીજલશીઓએ મોટાં પુનવંતો સમજવો જોઇએ છે, અને તેમાં શામેલ થવામાં મોટી નેકબખતી સમજવી



દશતુરજી ડાકટર. જામાસપજી મીનોચેહરજી જામાસપ આશાનાં.

એમ. એ. પી એચ. ડી. ડી. સી. એલ.

જોઇએ છે, તથા તનઆશાંની, તેમજ બીજી ભલી ખુબીઓ હાંશલ કરવાની ખાતરી અને ઇમાનદારી રાખવી જોઇએ છે.

ઉડવાડા મધેનાં જરથોસ્તી અંજુમનનાં આતશબેહેરાંમ સાહેબને સથાપેઆમાં આવેઆને લગભગ ૧૨૦૦ બાર સો વરશો ગુજરી ગીઆંછે અને એ લગભગ ૧૨૦૦ વરશની મુદ્દત બાદ એવાં અંજુમનનાં આતશબેહ- રામની સ્થાપનાં હાલ અતરે થઇ છે, તે બનાવને અતરેનાં તેમજ પરદેશ ખાતેનાં જરથોસ્તીઓનાં હકમાં મોટી મુબારકબાદી અને ખુશબખ- તીનો ગણવો જોઇયે છે. (તાલીઓ.)

લગભગ બે લાખથી વધુ રૂપીઆનો ખરચ એ નવું મકાંન બરપા કરવા કીજે, તથા કેબલાને લગતાં પુશકલ ભણતરો અને કીરીયા કરવા પાછલ થયો છે, તે સધલો આપણા દીનદાર અને સખી દીલનાં અતરેનાં તેમજ દેશાવર ખાતેનાં જરથોશતીઓએ પુરો પાડયો છે. એ કામમાં આગેવાની લેનારા તથા સ્થાપનારા નામદાર સર દીન- શાજી પીતીત જેવા તથા બીજા ગ્રહસ્થોએ શરૂઆતમાં એક હજારથી પાંચ હજાર તથા બાર હજાર રૂપીઆ સુધીની રકમો ભરી હતી, તથા સર દીનસાજીનીજ માલેકી અસતકની જગા ખરીદેઆમાં આવી હતી, અને તે બાદ એ પવીતર ઇમારતનાં બાંધકામનું તથા સણગારનું કામ નાણાંની તંગીને લીધે અધુરૂં પડી રહયું હતું તે પુરૂં કરવા સારૂ, નીચલા સખી અને ધરમી દીલના આસામીઓએ મોટી રકમો આપી હતીઃ—

રૂ ૨૫૦૦૦ શેઠ કાવશજી દીનશાજી એદનવાલા, C. I. E.
રૂ ૨૫૦૦૦ મરહુમ શેઠ શાપુરજી સોરાબજી નારીએલવાલા.
રૂ ૨૫૦૦૦ શેઠ દાદાભાઇ નશરવાનજી કનટરાકટર.
રૂ ૧૦૦૦૦ દશતુર જમશેદજી કુકાદારૂએ.
રૂ ૧૦૦૦૦ શેઠ પેસતનજી રૂસતમજી કાંગાએ.

(દસતુરજી જામાસ્પજીને મલેલી દસતુરી.)

ઉપલી સધલી રકમો અને પેહલવેહલી શરૂઆતના લીસતમાં ભરી આપેલી બીજા દીનદાર અને સખી દીલનાં ધણા ગ્રહસ્થોની રકમો અને બખશેશની ચીજો મેલવવા પાછલ, તથા એ નેક મકાનનું કામ સરંજાંમ પોંહચાડવા પાછલ, આપણા શેહનશાહી જરથોસ્તી ટોલાના વડા દસતુર શાહેબ ડાકટર જામાસપજી મીનોચેરજી જામાસપ આશાનાએ અતી ધણી

મેહનત લીધી હતી, અને તરેહવાર જાતની ઇનતેજારી અને જેહમત ખેંચવામાં કશી બાકી રાખી નહી હતી, એવું એ ધરમી મકાંન ઉભું કરનાર અને કરાવનાર દીનદાર ગ્રહસ્થોની મંડલી અછી રીતેથી સમજતી હતી, તેથી એ માહભારત અને માનવંતાં મકાંનની દસતુરી અને બીજા કારોબારની મુખતીઆરીની લગામ એજ નેક દસતુરજીના હાથમાં સોંપવામાં હાલ આવી છે. (તાલીઓના આવાજ) અને હવે પછીથી એવણનાં વારેશ વકીલોનો હક એ ગાદી ઉપર રહેશે એવો બંદોબસ્ત થયલો સાંભલીને તમો શરવે મીજલશીઓ તેમજ બીજા અતરેનાં અને પરદેશ ખાતેનાં અશરાફ અને ઇમાંનદાર જરથોશતીઓ ખુશી થયા વગર રહેશો નહી એવી આશા રાખી શકાય છે. (ખુશાલીના આવાજ.)

એ કેબલાને તખતનશીન કરવાની કીરીઆમાં યાને બોએ દેવામાં આગેવાની ભરેલો પહેલો ભાગ એ દસતુરજીના વડા દીકરા એરવદ કેખશરૂ લેનાર છે, તેટલા કીજે નવ રાતરીના બરશનમની કીરીઆ કામમાં તેવણ મશગુલ થઇ ચુકેલા છે.

(દસતુરજીને મી૰ મનસુખનો તરફથી કરવામાં આવેલી સુચના.)

દસતુરજી જામાસપજીએ સમજવું જોઇએ છે કે પોતાની જઇફીના વખતમાં, પોતાની નેકી તથા લાએકી તથા સબુરી અને શંતોશને પ્રતાપે, જે મોટું માન અને મરતબો ભોગવનારા તેવો હાલ થયા છે, તથા પોતાનાં ફરજંદો કીજે એક જાતનો શોભાયમાંન અને રોજીરજક ભરેલો રસતો મોકલો કરવા કીજે ફતેહમંદ થયા છે, તેથી જામાસ્પ આશાનાં ખાનદાનનાં આગલ ગુજર પામેલાં નેકબખત નીઆગાનોનાં ભલા રવાંનો ખુશાલ થયા વગર રહેશે નહી, અને તેઓના રૂડા આસીરવાદથી, હાલનાં ખુશબખતી ભરેલા દરજ્જામાંથી, હવે પછે વધારે જીઆદતી થશે, (તાલીઓ.) વાશતે તે યઝદાંની તરફથી થયેલી એ બખશેશનો ઉપયોગ હીમતથી અને સવતંત્રપણેથી કરતા રહીને, હાલનાં બારીક સમે, પોતાના હમદીનોને ફાયદો થાય તેવાં કામો અને વાયજો હીમતથી કરતા રહે, કે જેથી જે નેકનામી અત્યાર સુધી મેલવી છે તેમાં વધારો ને સુધારો થાય, અને પોતાનાં ફરજંદો કીજે ખરો રૂડો અને નકલ કરવા જોગ દાખલો મુકી જાય. (તાલીઓ.)

(જશનને દીવશની રોશની તથા નેઆતના જમણ વીશે.)

એ ખુશાલી ભરેલું જશન અને કીરીયા કામ તા૰ ૧૭ મી અકટોબરને દીને સરઅંજામ પોંહતા બાદ, રાતની વખતે મોટી રોશનીનો

દેખાવ, રસતા ઉપર લંબાણુ જગા તલક કરવામાં આવનાર છે, તથા તમામ દીનદાર જરથોશતી અંજુમનનું ખાણું મરહુમ સર જમશેદજી બારોનેટનાં બાહરકોટ ખાતેના અલાહીબાગમાં થનાર છે.

દેશપરદેશ ખાતેથી અથોરનાંનો તથા બેહદીન સાહેબો, આપણા ભલા દસતુરજી જામાસપજીને વાસતે શેઆલોની તથા બીજાં માન અકરાંમની ભેટો મોકલવાની તઇયારી કરતા સંભલાય છે, અને તે ઘણુંજ હક વાજબી રીતે થયેલું ગણાશે એમ આપણે કબુલ રાખવું જોઇયે છે.

આ નવાં આતશબેહરાંમને લગતાં ક્રીરીયા કાંમોની અથવા બોએદેનાર અથોરનાંનોની આવતા બાર માસની કમાંનીના આશરે ૪૦૦૦ થી વધુ રૂપયાની એક વરશની ઉપજ થવાની વકી હાલ તુરત રાખયામાં આવે છે અને તેથી એ બોય દેવાની રૂ ૩૫૦૦ ની માંગણી થઇ ચુકી છે.

(એ આતશબેહરામનાં હરીફોને અથવા તેની સામને અડાવત રાખનારા શખશોને લગતા સખુનો.)

ધંધાની હરીફાઇ તથા માન મરતબા અને પઇસાની અદેખાઇ, અકશર કરી સઘલા દેશોના લોકોમાં અને સઘલા જમાનાથી ચાલતી આવી છે, તેથી ખરા દાનાવ લોકો તે તરફ દરગુજરની નજરથી જોતા રહે છે, એમ આપણે કબુલ કરવું જોઇએ છે. પણ મોટી દલગીરી સાથે જણાવવું પડે છે કે, જે જે અડાવત અને હરીફાઇ, તથા જે જે સમજાવટ અને શખુનપરવરી, કેટલાએક ગ્રહસથો તરફથી, મજકુર આતશબેહરામનાં બરપા થવાના બાબમાં, તેમજ દસતુર જામાસપજી અને તેઓનાં મલતીઆઓનાં બાબમાં, આજ દીન તલક વાપરવામાં આવી છે, તે એવી છે કે, એ બાબે જેટલાબી સખત તીરસકાર બતાવીએ અથવા જેટલાબી ટીકા કરીએ તેટલા થોડા અને વાજબી ગણાએ. પણ આએ હીંગામ એ વીશેની નાપસંદ ચુનોચરા લંબાવવાનો અને તમો ભલા મીજલસીઓનો વખત રોકવાનો નથી. આપમતલબી વીચારો અને હસદખોરાં લખાણો, સમજુ તથા ખરી દીનદાર વાંચનારી આલમની તરફનાં જાહેર તેમજ ગુપત તીરસકારને ફેજે પોંહચવાં જોઇતાં હતાં, તે ફેજે તે પોંહચી ચુકેલાં ગણાએ છે, અને તેથીજ સઘલા લગતા વલગતાઓએ જાણવું જોઇએ છે કે, ખરી ઇનસાફી કુદરતનો કાયદો અંતે ખરોજ ઇનસાફ ભલા તથા સાચા શખશોનેજ આપવાનો હોય છે, તે ઇનસાફ લગભગ ૧૪ વરસની લાંબી મુદત ગુજરી ગયા પછીબી, દસતુરજી જામાસપજીને અને તેવણના સાથીઓને

મલી ચુકો છે, અને પાક આતશબેહેરામની એક માહ કીમતી અને શોભાયમાન ઇમારત, મોટી ફતેહમંદી ભરેલી રીતે બરપા થઇ ચુકી છે, કે જેવી ઇમારત આખા હીંદ ખંડની જરથોશતીઓની વસતીમાં આજ દીન તલક કેથેબી નથી. (**જોશદાર તાલી અને ખુશાલી.**) ગયા આશરે ૧૩ વરશોની વાતપર એજ નવાં આતશબેહેરામ ઉભા કરવા વીશે, હમોએ અનેક ભાશાણો જુદી જુદી વખતે અને જુદી જુદી જગોએ કીધાં હતાં, તે વખતેબી એવાં નેક કામની સામે થનારાઓને ઘટતી સલાહ જાહેર રીતે આપવાને અમો ભુલયા નહી હતા, તેની ઇયાદી છપાયલી આજદીન તલક મોજુદ છે, અને તે વખતથીજ જો તે આપમતલબી ભાઇઓ પોતાની હુશીઆરીમાં રહયા હતે, તથા ઘટતો અને દીનઆંઇનની ખરી એકીનદારી ભરેલો દુરઅંદેશો કરી, સારી તદબીરો વાપરી હતે તો, આજે જે પશેમાંની અને શરગરદાંની ભરેલી હાલતમાં તેઓ પોતાને ગીરફતાર થયલા જોએ છે, તેવી હાલતમાં તેવો આવતે નહી, એવું હમો ખાતરીથી માનીએ છઈએ. (**તાલીઓ.**)

(દસતુર પેશુતનજીને તથા વાહડીઆજીઓને અપાએલી વાજબી સલાહ.)

સઉથી ઉતમમાં ઉતમ જે સલાહ દસતુર પેશુતનજી બેરામજી સંજાણાને અને તેવણના લગતા વલગતાઓને આપવામાં આવી શકે, તે એજ છે કે, સઘલી આગલી પાછલી ભાંજગડો તથા હસદ ભરેલી હુજતો ભુલી જઇને, તથા સઘલી તકરાર અને જીકરી એક કોરે નાંખીને, દસતુર જામાસપજી સાથે મલી જઇને, ખરી દીનદારીની દોસતીનો દસ્ત લંબાવવો અને એકસંપીનું હઇડું મેલવીને, તમામ દીનઆઇનનાં તથા દુનીઆદારીનાં કામમાં હમશરીક થઇ ચાલવું. એમ કરવામાંજ આજના દસતુરજીઓની તથા આજના અથોરનાન શાહેબોની ઇજતની સલામતી અને જરથોશતીઓની હશતી તથા એકીનદારીની પાએદારી સચવાઇ શકશે. એનું સમજવું એ છે કે, મજકુર નવાં અનજુમનનાં આતશબેહેરામ શાહેબનાં જશન તથા કીરીઆને દીને, દશતુર પેશુતનજીએ પોતાના લાયકીવાળા દીકરાઓની, તથા પોતાના શેઠ વહાડીઆજીઓની, તથા પોતાના અશતકના મોબેદોની સાથે, નવા અંજુમનનાં આતશબેહેરામનાં મકાનમાં જવું, અને તમામ જાતનાં ભણતરમાં તથા બીજાં કામોમાં શામેલ થઇને, દસતુરી તથા દીનદારીની ભાઇબંધાઇનો ગાંઠ મજબુત કરવાને ભુલવું નહી. (**પુરાકલ તાલીઓ.**)

વલી એ આતશબેહરામને લગતા વાહડીઆજી શેઠોનેબી લાએક છે કે, પોતાનાં બાપદાદાના માહ પ્રખયાત અને પવીતર મકાનમાં, ધરમી કીરીઆ કામ કરનાર મોબેદો, તથા દસતુરોને સારી સલાહ આપીને, દીન દુશમનીની જુદાઇનાં બુરા નક્શને દફે કરી, જરથોશતી ટોલામાં સુખ તથા સલાહ સંપજ ફેલાએ અને જલવાએ, તેવી કોશેશો કરવાને, આ તક હાથથી જવા દેવી નહી. આજની જરથોશતી આલમમાં, તેમાં ખશુશ કરીને દસતુર સાહેબો તથા આગેવાંન સાહેબો અને બીજા અથોરનાંન સાહેબોમાં, એકદીલી અને એકસંપીની મોટી જરૂર છે. (મી• મનસુખનાં ઉપર મુજબનાં બોલવાની અને સમજાવટની વખતે તમામ મીજલસીઓની તરફથી વારંવાર ખુશાલીની તથા પસંદગીની અને એકમતીની તાલીઓનાં આવાજોપર આવાજો નીકલતા સંભલાયા હતા.)

(આતશબેહરામ બરપા કરવા કીજે નેમાએલી કમીટી વીશે.)

એ આતશબેહરામ બાંધવાની ગોઠવણ કરવા માટે ૭૫ ગ્રહસ્થોની એક કમીટી, ગયાં ૧૪ વરસોપર નેમવામાં આવી હતી, ત્યારે તેજ વખતે મેં મારી તરફથી જાહેરમાં ટીકા કરી હતી કે—"**ઉંટ લાંબુ ને પુછ ટુંકુ**" (**હસાહસ**)ની કહેવત મુજબ, આતશબેહેરામનું એક નાંધલું મકાન બાંધવાને સારૂ એટલી મોટી કમીટીની શું જરૂર હોય ? એથી ઓર ગુંચવાડો અને મતફેર તથા ભાંજગડ વધુ ચાલુ રેહશે અને કામમાં ધીલ તથા હીલા-હરકતો નડયા કરશે. હવે આપણે જોયું કે અંતે તેમજ બન્યું હતું, અને એક મકાન જે ઘણામાં ઘણા બે વરસોની મુદતની અંદર બંધાઇ તઇયાર થઇ શકતે, તે લગભગ ૧૩ થી ૧૪ વરસે બંધાઇ રહયું છે. પેલી કેહવત છે કે "**નીર બંદી નેઆતમાં પંચોતેર પટેલ**" હોય (હસાહસ) અને તેથી જણ—જણખુદ પોતાની તરફનાં મતો અને હુકમો ચલાવવાની કોશેશ કરતા રહે, ત્યારે કંઇબી કામ પાધરૂં કે બર વખતે થઇ શકેજ નહી. તેમજ આએ પવીત્ર મકાન બાંધવાનાં કામમાંબી થયું હતું, તેનું ખોલાસાદાર બેઆન સમજાવાને હાલ હું અગતનું વીચારતો નથી. પણ મારી ગણતરી મુજબ જે જે અણઘટતી ધીલ થઈ હતી, તથા જે જે હરકતો તેથી નડી હતી, તેથી લગભગ એક લાખથી વધુ રૂપીયાની નુકસાની એ આતશબેહેરામનાં ફંડમાં તથા કામમાં થઇ હતી. એ ૭૫ ગ્રહસ્થો એકઠા મલે કયે દહાડે અને એકમત થાય કેમ ? (હસાહસ) વલી તેમાં તો સવલાજ ભગર સાથનાં અથોરનાનો હતા, અને બેહદીનતો એકબી નહી, હો ! (હસાહસ) ભગર સાથનાં સઘલા અથોરનાંનોજ શરૂઆતની એ કમીટીમાં

હતા, અને આજ તલક જે થોડા અથવા દસથી પંદર ગ્રહસ્થો બાકી રહેલા છે તેઓબી અથોરનાનોજ છે. !

(મકાન બાંધવાને લગતી મુશકેલી અને નડતસો વીશે.)

એ મકાન તઇયાર કરતાં જેટલાં સુથણાં પડયાં હતાં, તથા જે જે વીઘણો ગુજરયાં હતાં તેનો કશો પાર નથી. કેટલાએકો ભરેલાં નાણાં આપવાને દહેશત ખાઇ ગયા હતા. કેટલાએકો એ અખાડા કરવા માંડયા હતા. કેટલાએકો નાણાં ભરવાને ખુલ્લું ના કેહતા હતા, કે અરે ! કંઇબી ભરીશું તો હમો અથવા હમારા કુટુંબીઓ મરી જશે ! (હસાહસ) અથવા કંઇબી અચબુચી આફ્ત આવી પડશે ! વલી સાહેબો, તેમાં એવીબી નાલાએક કોશેશો કેટલાએકો તરફથી થતી સંભલાતી રહી હતી કે, નાણું ભરનારા શખસો ઉપર છુપે નામની ચીઠીઓ તથા કાગલો લખીને, તથા તેઓને ઘરેબારે વટીક જઇને, દેહસત આપતા હતા કે, સાહેબ નવા આતશબેહરામનાં ફંડમાં પઇસા આપશો તો તમારૂં ખાનું ખરાબ થશે, તથા તમારે ત્યાં મરણ નીપજશે અને ખુવાર થશો ! એવી રીતની હરકતોથી કામ માથે ઉઠાવનારા ગ્રહસ્થોને ઘણી મોટી વેદના તથા ગમગીની અને ઈંતેજારી ભોગવવી પડી હતી. પણ સબર અને ધીરજ પકડવા શીવાય તેઓ કીજે બીજો કશો ઇલાજજ તે વખતે નહી હતો.

સેવટે એવી તદબીર સોધી કહાડયામાં આવી હતી કે, જે જે સાહેબો મોટી મોટી રકમો આપે, તેઓનાં નામ નીશાન ને લગતી ચીજો અથવા જગા, અથવા કંઇબી આતશબેહરાંમને લગતા ભાગો બાંધવામાં આવશે, અને તે ઉપર જાથુકની કોતરેલી તખતીઓ મારીને તેઓની યાદગારી રાખ્યામાં આવશે. એ ઉપરથી આગલ જણાવેલાં નામવાળા પાંચ—છ દીનદાર ગ્રહસ્થોએ, હીમતથી મોટી મોટી રકમ ભરી આપી હતી, તેમાં શેઠ કાવશજી દીનસા એડનવાલા, તથા શેઠ દાદાભાઈ ન૦ કંટરાકટર અને શેઠ શાપુરજી શોરાબજી નારીએલવાલા મુખ્ય હતા. મરહુમ શેઠ શાપુરજી નારીએલવાલાના વડા અને લાયકીવાળા દીકરા શેઠ અરદેશર, હાલ આપણી આએ મોટી મીજલસમાં મારા જમણા હાથપર બેઠેલા છે, અને તેવણ તે આએ છે ! (તાલી અને ખુશાલીના આવાજો) વલી તમો જુઓ શાહેબો, કે જમશેદજી દસ્તુર કુકાદારૂ જેવા એક કાબેલ તથા પહરેજગાર અથોરનાંન, જેવણે બાજનું ઈંદું-કેરૂં-ને મલીદો તથા દરાંન ઈજીને પોતાનું ગુજરાન કરી, મોટી જેહમ-

તનો પઇસો જમાવ કીધેલો (હસાહસ) તેવા ભલા અને દીનદાર નરેબી દશ હજાર રૂપીઆ આપ્યા છે, અને એ નવા આતશબેહરામનાં સઘલાં કીયા કામો પેસંદ અને કબુલ મંજુર રાખ્યાં છે. એમાં જો કંઇબી વાંધા ભરેલી ચીજ લાવ્યામાં આવી હતે, અથવા અણુઘટતાં કીરીઆ કામો થયાં હતે તો, સઉથી પેહેલાંમાં પેહલો અને મજબુતમાં મજબુત વાંધો એજ દીનચુસત કુકાદાર દસ્તુર ઉઠાવ્યા વગર રેહતે નહી. (તાલીઓ.) એવું છતાંબી— "**ચરખો કાંતનારી વીધવા સ્ત્રીઓનાં રડાકુટા**"—જેવાં લાંબાં લાંબાં પીજણો અતરેનાં કેટલાંએક જાહેર પતરોમાં છપાયલાં તમારા વાંચવામાં આવી ચુકાં હશે ! (હસાહસ) તે ઉપર ટીકા ચલાવવાને હાલ અગત્યનું જોતો નથી, અને તે વખતેબી દસ્તુરજી જામાસ્પજી અને તેવણુના સાથી સોબતીઓએ, તેવાં હસદખોરાં તથા બદએકીનનાં અને આપમતલબી પીજણોની કશી "નોટીસ" નહીજ લેવાને દરૂસત વીચારયું હતું, કારણ કે એવાં લખાણો માટે ચુપકીદીનો તીરસકારજ બતાવવો લાએક સમજાયો હતો. **પરદામાંની બીબીઓની** મીશાલે, એ લખનારાઓ તથા પતરવાલાઓ પોતાના તેમજ પોતાનાં સોબતીઓનાં અને ચરચાપત્રીઓના નામ નીશાંનો બુરખાની ચાદર હેઠલ છુપાવી રાખવામાંજ પોતાની શોભા અને સલામતી સંમજે (હસાહસ) અને તરેહવાર રીતના શકો ઉપજાવવાની તથા સવાલો પુછવાની બેઅદબી કરે, અને પછે દસતુરજી જામાસપજીને અને બીજાઓને કહે છે કે તમો ખરે નામે બાહેર પડીને એનાં જવાબો આપો અને ખોલાશા કરો ! (હસાહસ) એવી એ આજના જાહેર લખનારાઓની ચાલ કેટલી નાસુનાસેબ ગણી શકાય તેની મુનસફી કરવાનું કામ હું તમો મીજલસીઓનેજ તેમજ વાંચનારી ચંચલ આલમનેજ સોંપું છું.

(એ આતશબેહરામનાં આગેવાંનો તથા મદદ આપનારાઓનાં મરણ વીશે.)

આએ આતશબેહરાંમનાં કામમાં મદદ આપનારાઓ મધેથી તેમજ તેને બરપા કરવાની આગેવાંની કરનારાઓ મધેથી કેટલાએકો પે-દર-પે ગુજરી ગયા હતા ખરા, પણ તેઓ પોતાની ઉમરે પોંહચેલા હતા અથવા કોઇ પ્રકારનાં મરણતોલ દરદથી આગમચથી હેરાંન થનારા હતા અને તેથી પોતાને કુદરતી મોહતે ગુજરી ગયા હતા, એમજ સમજવું જોઇએ છે. અંતે તે પરવરદેગારની અને પાક ઇજદ અમશાસ્પંદોની મદદથી એ પવીતર મકાન હાલ બંધાઇને સંપુરણ થયું છે, અને આવતા આદીતવાર ને અરદીબેહસ્ત રોજ અને અરદીબહેશત મહીનાને દીને એ તુરી કેબલાને

તખતનશીન કરવાની સેવટની કીરીઆ થનાર છે. (તાલીઓ) તે વખતે તમોએ તથા તમામ દીનદાર જરથોશતીઓએ ત્યાં હાજર થવાને તથા ઘટતી નીઆએશ તથા સેતાએશ કરવાને ભુલવું નહી. જેમ એક ભુખયા શખસને તેની ભુખ અને પેઆશની હાજતની વખતે, અન—પાણી આપવાને કદાચજ કોઇ મલી આવે છે, તેમ એ આતશબેહરામ સાહેબનાં મકાનનું કામ અધુરૂં અને બીસમાર હાલતમાં કંઇ વરશો સુધી પડી રહયું હતું, ત્યારે પઇસાની કે કંઇબી બીજી ચીજની મદદ આપવાને સઉ અચકાતા હતા, પણ જ્યારે હાલ સરવે પરકારે તે સંપુરણ થયું છે અને તેનું પેટ ભરાઇ ચુકું છે, તયારે ચો તરફથી વધુ મદદો અને બખશેશો આપવાની માંગણી થતી રહી છે. (તાલીઓ).

(એ આતશબેહરામના કામમાં રાખવી જોઇતી ચોકાશી.)

એવાં ધરમનાં બીજાં મકાનોમાં આજ દીન તલક કેટલીએક રીતની ગફલતી તથા બેદરકારી અને બેઢંગાપણું ચાલતું આવેલું દીશે છે, તેવું આએ અંજુમનનાં નવા આતશબેહરામના કારોબારમાં થાય નહી તે બાબે દસતુરજી જામાસપજીએ તથા કારોબાર મંડલીના બીજા ગરહસથોએ ખુબ સંભાલ રાખવી પડશે. અને જરથોસતીઓના ફાયદા માટે દીનઆઇનની તથા જરથોસતી નીઆગાનોની તવારીખોને લગતી વલગતી બાબતોસર, વાએજો અને ભાષણો દરએક બનતી અને ઘટતી જોગવાઇસર આપતા અપાવતા રહેવું જોઇશે, તે એ દસતુરજીએ તથા તેવણનાં સાથી સોબતી ઓએ ખુબ યાદ રાખવું.

(મી૦ મનસુખ અને દસતુર પેશુતન વચેની આગલા વખતની જીકરો.)

દસતુર પેશુતનજી સાથે ગયા પુશકલ વરશોથી મને એજ તકરાર અને ભાંજગડ થઇ હતી કે, તેવણે પોતાના આતશબેહરામમાં પોતે દર હમકારે તથા બીજી તીરથો અને બીજા ઘટતા પરસંગોએ વાયેજો કરતા-કરાવતા રહેવું. અને લાખો રૂપીઆના મકાનો જે ધરમી દીલના જરથો-શતીઓએ બંધાવી આપેલાં છે, તે હાલના જેવી નકામી અને પડતલ હાલતમાં રાખી મેલવાં ઘટે નહી. અગર તમારા એખલાથી નહી બનતું હોય તો, અવારનવાર હુંબી (યાને મી૦ મનસુખબી) તમારી સાથે રહીશ. અને મને એ મકાનની રજા આપ્યા કરજો. પણ એ દસતુરને એવી મેહનત અથવા એવું કામ ભાવ્યું નહી અને મારી વારંવાર કીધેલી સુચના-

પર તથા માંગણીઓપર ધયાન આપયું નહી, ત્યારે સેવટે છેક મરહુમ શેઠ અરદેસરજી હોરમજી વાહડીઆ, તે એ મકાનના માલેકની પાસેબી માંગણી કરી હતી, પણ તેવણે એવી રજાની મુખતીઆરી દસતુર પેશુતન-નાંજ હાથમાં જણાવી, તેવણે વચે આવવાને ના પાડી હતી. ત્યારે એવાં ખાનગી અને એક ધણીના અસતકનાં મકાન વીશે કંઇબી બીજો એલાજ સોધવાને બાકી રહયું નહી હતું. અને તે દીનથીજ, યાને લગભગ ગયાં ૨૦) થી વધુ વરસોની મુદતથીજ **જરથોસ્તી અંજુમનની** તરફનું એક ખરૂં જાહેર આતશબેહરામ ઉભું કરાવવાનો વીચાર અને જહનુન મારાં (મી૦ મનસુખના) ભેજાંમાં પેઠો હતો, અને તેથીજ ભાશણોપર ભાશાણો અને તકરારોપર તકરારો ચાલુ રાખવામાં આવી હતી, અને અંતે આએ **નવાં અંજુમનનાં આતશનું કુશાદે અને રલીઆમણું મકાન**, તે પરવરદેગારની ઈઆરીથી હાલ બરપા થઇ ચુકું છે, એવું જણાવવાને હાલ અતી ઘણી મોટી ખુશાલી ઉપજે છે. (ખુશાલી અને હરશનાદના મોટા આવાજ.)

(આજના પારસીઓની એકીનદારીની પડતી હાલત વીશે.)

અરે મીજલસના સાહેબો,—શું કોઇબી દેશમાં કે કોઇબી જમા-નામાં એવા બનાવો બન્યા હોય કે પોતાની દીનઆંઇનને લગતી બાબતો તથા પોતાના નીઆગાંનોને લગતી તવારીખો, એવાં આતશબેહરામના અને અગીઆરીના ધરમનાં મકાનોમાં વાંચી અથવા બોલી નહી સમજાવે, અને વરસોનાં વરસો તલક તેવાં મકાનો નકામાં અને આલસુઓનાં તથા અજ્ઞાન શખસોના સુવા–બેસવાના કોથાર તરીકેનાંજ કામમાં વપરાતાં રહે ? (હીસ-હીસ) જો એવુંજ અંધેર ચલાવ્યામાં આવે તો, તે ધરમ કે ધરમ પાલનારા-ઓની હસતી ચાલુ કેમ રહી શકે ? દુનીઆમાં કોઇબી બીજા દેશ કે બીજી કોમનાં લોકો શું એવાં છે કે પોતાનાં ધરમનાં મકાંનો અને મંદીરોમાં પોતાનાં ધરમને લગતી બાબતો અને પોતાના વડવાઓને લગતી તવારીખો પોતાનાં હમજાતીઓને નહી સમજાવે ? વલી ખુદ દસતુર દાવરોમાં ખપનારા શખશો પોતે તો નહી સમજાવે, પણ કોઇ બીજા લાએક દીનદારો સમજાવવાની અથવા વાંચવાની તજદી લેવા ચાહે તો તેઓનેબી અટકાવે ? એવીજ બેહુંદી ચાલ દેખાડે છે કે પારસીઓની એકીનદારીની કેવી પડતી દશા છે. એમ તો વરસ છ મહીને, કોઇ કોઇ જગોપર કેટલાએકો વાજાં–વજનતર અને બઇરાંઓનાં ગીત–ગાએણો સાથેની વાઅજો અને ભાશાણો કરવા નીકલે છે, અને તરેહ-વાર રીતની વાભંગી ભાંજગડો ઉઠાવીને, જુઠા ઢોંગની ફજેતી મચાવે છે !

(હસાહસ અને હીસ હીસના અવાજ.) એવા દેખાવો ઘણાજ શરમ ભરેલા ગણાય છે, તેમાં શક શું ? એવા સુધારાની વાઅજો અને ભાશણો કરનારાઓ આપણને સમજાવા નીકલયા છે કે, " **સોના જેવી જરથોસ્તી દીન ઉપર કાટ ચહડી ગયો છે!** (હસાહસ) જો તમો આજના જુવાંનીઆઓ અને " ગ્રાદીઉએટસો, " અમારી ઇઆને સુધારાવાલામાં ખપનારાઓની સાથે જોડાઓ—અને હમારી સફમાં આવો તો, એ કાટ હમો કાહડી દેખાડીએ અને તમારી નજરે જરથોશતી મહજબનું નીરમલ કંચન પાડીએ "! ! (હસાહસ.) પણ મીજલસની બાનુંઓ અને સાહેબો, ગયાં ૫૦ વરસો થયાં તેઓએ ઇઆને એ સુધારાવાલાઓએ પોતેજ ઉંધી અને અધરમી કેલવણી પારસી બચાંઓને આપવાનું ચાલુ રાખયું, તથા જરથોસ્તી ઇમાનદારી અને ક્રીયા વીશે, વેહમી તથા વસવસા ભરેલા અને બેવીસવાસુ કાફરી વીચારો દરશાવ્યા, અને "ધોલાંનું સઘલું કાલું કથીર કરી નાખયું," અને ફજેતીમાં આવી પડયા છે, ત્યારે હાલ એમ કહેવા નીકલ્યા છે કે,—અરે આવો—આવો, હમારી સંફમાં અથવા મંડલીમાં આવો, એટલે ચહડી ગયલો કાટ કાહડી નાખી નીરમલ સોનું બતાવીએ ! (હીસ હીસ અને હસાહસ.) અરે પણ સાહેબો, એ સુધારાવાલાઓને કહેવો કે અવલમાં ખુદ પોતાનાં ભેજાં ઉપરનો બદએકીનીનો કાટ કાહડી સાફ થાય (હસાહસ), તથા સારી સલુકાઇ દેખાડે, તથા ધરમ અને કીરીઆને ચાહે અને માન આપતા રહે—ત્યારેજ આપણને તેમની સંફમાં હાથ જોડીને ઉભા રહેવાનું દરૂસ્ત લાગશે. ! (તાલીઓ) આ તરફ કહે છે કે, આવો—આવો—હમારી સાથે મલી જાઓ—અને પેલી તરફથી પોલીસ કાનસટેબલ અને શીપાઇઓ પાસે ચંચલ અને નીરદોશ જુવાનીઆઓની અને ભલા મીજલસીઓની ધર પકડ કરાવે છે. (હસાહસ.)

(નવા આતશબેહરાંમ વીશે સઘલા લાગતા-વલગતાઓને)
આપવામાં આવેલી ઘટતી સલાહ.)

આગલ ચાલતાં મી૰ મનસુખે એમ કહી સંભલાવયું હતું કે—મીજલસની બાનુઓ અને ગ્રહસ્થો,—આ બીજું આતશબેહરામ અતરે ઉભું થવાથી અને તે પારસી અંજુમનતું હોવાથી, વાહડીઆજીવાલા પેહલાં આતશબેહરાંમના લાગતા વલગતાનાં અને ધંધાદારી દસતુર મોબેદોનાં દીલમાં કેટલીએક રીતનો કચવાટ અને અણગમો ઉતપન થયો હોએ, તે વાત સ્વભાવીક છે. પણ એમાં હાલ કોઇનીબી કસુર કાહડી, કજીઓ અને હસદ ઉપજાવવા જેવી ચાલ ચલાવવામાં કંઇબી ખુબીવંતો સાર હાંસલ થઇ

શકશે નહી. વાસતે આપણી તરફથી એવીજ સુચના થવી જોઇએ છે કે, એ નવું મકાનબી જરથોશતી દીનદારી અને એકીનદારીનું રૂડું કામ વધારનારૂં અને સાચવનારૂંજ છે, વાસતે વાહડીઆજીના આતશબેહરાંમને લગતા સાહેબોએ તેની તરફ ખરી દાનાઇ તથા દુરઅંદેશી અને નીરમલ દીનદારી અને દસતુરીનીજ નજરથી જોતા રહીને, અદેખાઈ તથા દુશમનાઇને સદંતર દુર રાખે (તાલીઓ.) એમ કરવામાંજ ખરી સોભા તથા શાબાશી અને ખરૂં સવાબ છે. એથી ઉલટી ચાલમાં દીનઆંઇનની રાહે મોટો ગુનાહ તથા દુનીઆઇ રીત મુજબ મોટી બદનામી છે. (તાલીઓ.) આજના પારસી ટોલાને એકસંપીની અને એકીનદારીની મોટી જરૂર છે, અને તેવું છતાં, જો અથોરનાન ટોલાના આગેવાનો અને દસતુર દાવરોમાં ખપનારાઓ, તથા પારસી કોમના શેઠીઆઓ અને લાગવગ ધરાવનારાઓ આપઆપસમાં જુદાઇ અને અદેખાઇ બતાવયા જાય તો, તેમાં પારસી ધરમને તેમજ એ ધરમ પાલનાર નીરદોશ ટોલાને મોટી હાણી અને હીણપસતી ભોગવવી પડે છે. વાસતેજ આવતા આદીતવારને દીનનું આપણા એ પવીતર કેબલેગાહનું જશન ઘણુંજ મુબારક ગણાઈ શકાય છે, કે જ્યારે વાહડીઆજીનાં આતશબેહરામને લગતા વલગતા ગ્રહસથોએ, તેમાં ખશુશ કરીને દશતુર પેશુતને અને તેવણુના બેટાઓ તથા નબીરાઓએ, તે પવીત્ર જશનની મીજલશમાં હાજર થઇને, દીનદારીની દોસતી અને એકસંપીનો ગાંઠ મજબુત અને પાએદાર કરે. (જોશદાર તાલીઓ.) દસતુરો અને આગેવાનો વચેની કુસંપીને લીધે, મોબેદો અને બીજાઓની ચાલચલણ ઉપર જે ઘટતો કાબુ અને દેહશત રહેવી જોઇએ તે રહી શકતી નથી, અને તેથી જ્યારે એક અગીઆરી કે આતશબેહરામને લગતા મોબેદને કોઇ પરકારની તેની આડી ચાલને લીધે ઠપકો આપવામાં આવે છે, ત્યારે તે તેની કંઇબી પરવા કરયા વગર, એક અગીયારી અથવા આતશ બેહેરામ મધેથી નીકલી, તેની વીરૂધ પક્ષના બીજાં મકાનમાં ભરાઇ જઇ, સહેલાઇથી અથવા શોખાઇથી રહી શકે છે, અને પોતાનું ગુજરાન ચલાવી શકે છે. એવા બનાવો હરગેજ થઇને બનવા દેવા નહી જોઇએ, અને તે ત્યારેજ નહી બની શકે કે, જ્યારે દસતુરો અને ધરમના મકાનોના આગેવાનો વચે એકમતી અને અરસપરસનુ માન મોહબત સચવાએલું હોય. જુવો સાહેબો, એવા બેરડા અને નાફરમાંન મોબેદોને કુમક શું છે! કે જ્યારે તેવા મોબેદોને એક મકાનમાંથી કોઇ ઘટતાં કારણુસર રૂખસત આપ્યામાં આવે છે, ત્યારે ખુલ્લી

રીતે જવાબ દીએ છે કે, "આમાંથી કાહડી મુકશો તો પેલામાં જઇશું"! (હસાહસ) અને એવા બનાવ બનતા રહે છે, ત્યારે ટોલાના ધરમગુરૂમાં અને આગેવાનોમાં ખપનારાઓનો માન મોભો તે કેમ સચવાઇ શકે?

(આતશબેહરામો વીશે એક સરખુંજ માન ધરાવવાની તથા વાહડીઆજીનાં મકાંનના વહીવટમાં સુધારો કરવાની અગત.)

આ આપણું નવું આતશબેહરામ થયું તેથી બેહશતી હોરમજી વાહડીઆનાં આતશબેહરામ વીશે કંઇ ઓછો વીચાર આપણ લાવી શકીએ તેવું તો કંઈ નથી. એમ કરવું કોઇબી દીનદારને ઘટારતજ નથી. (તાલીઓ) કોઇબી પવીતર અને નુરી કેબલા વીશે ઓછો અથવા અપમાન ભરેલો વીચાર લાવવો, એ એક મોટાં પાપ તરીકે ગણાય. પણ વાહડીઆજીનાં આતશબેહરામનાં વહીવટમાં સુધારો કરવો ઘટારત છે, તે મારા વીચાર પ્રમાણે એટલોજ છે કે, જે આપખુદી તથા આપમતલબી ભરેલી વરતણુકો બાજે વખતે એ મકાનના લગતા વલગતા કેટલાએકો તરફથી બતાવવાની હીમત ચલાવેઆમાં અથવા હુલરાઇ કરેઆમાં આવે છે, તેનો તદનજ અટકાવ થવો જોઇએ છે. (તાલીઓ.) પ્રજાનાં ઉપયોગને ખાતર ધરમી તથા પરોપકારી શેઠો તરફથી સ્થાપવામાં આવેલાં એવાં ધરમનાં મકાનોમાં કોઇબી કારોબારી તરફની આપસવારથ અને—"હું પણું"—બીલકુલજ હોવું નહી જોઇએ. અને ચોકસ નેમેલા અને જાહેર કીધેલા કાયદા કાનુનો મુજબજ તેનો કારોબાર પ્રજાની સગવડ અને રાજી—મરજી મુજબનો ચાલુ રાખવો જોઇએ. ત્યારેજ એવાં મકાનો—"ખાનગી મકાનો"—તરીકે નહી ગણાય, અને પ્રજાની દીલસોજી તથા વીશ્વાસ અને માન અકરામ તેમની તરફ એક સરખી રીતનાં ચાલુ રહી શકે. (જોશદાર તાલીઓ) બાકી "બાપાજીઓએ અને દાદાજીઓએ" કીધેલાં ભોલાઇ તથા ભુલ ભરેલાં લખતો અને "ત્રસ્ટ ડીડો" ના લેખોને આધારે, આજની અધરમી તથા ખામી ભરેલી અને કાફરી કેલવણી લીધેલા જુવાન બેટાઓ અથવા વારસોના હાથમાં, એવાં મકાનોના સઘલા કારોબાર અને ઉપરીપણાની લગામ સોંપીને, માન અથવા વખાણ મેલવવાની આશા રાખવી તે વાત તદનજ વ્યરથ અને હસી કાહડવા જોગ છે. (તાલીઓ).

(પવીતર આતશના નુરી કેબલાની ખુબી ઇત્યાદી.)

આપણી અસલ ઇરાંન જમીનનાં લોકો, પુરાતન જમાનાથીજ સુરજને તથા આતશને પવીતર કેબલા તરીકે માન આપતા હતા.* ખોદાતાલાનું રેહઠાણ પોતે એક ઉતમ રોશનીનો ભંડાર છે, અને ખોદાતાલાનું રૂહ ખુદ પોતે નુર છે. એવાં એકીનથી ઇરાંન દેશનાં લોકોનાં તેમજ તે પછીથી બીજા દેશોનાં લોકોનાં દીલ તે તરફ ખેંચાયલાં રહયાં હતાં, એવી હકીકત તવારીખી નોંધ ઉપરથી જણાતી આવી છે. છેક અવસતાનાં જમાનાથી, યાને પારસીઓનો ધરમ અવલમાં ઇરાનમાં બરપા થયો તે દીનથી તે આજ તલક, એ નુર તરફ ઘણાએક દેશોનાં અને ઘણી એક જાતનાં લોકો, માન અને દીનદારી ભરેલી નજરનાં એકીનથી જોતા આવયા છે. જરથોશતી દીનઆંઇનને લગતાં પુશતકોમાં, આતશને જુદા જુદા તબકાના અને જુદા જુદા દરજજાના ગણેલા છે. ઇજશનેના ૧૭ મા હા મધે આતશના ૫) પાંચ મુખય વરગોનાં નામો જણાવેલાં છે;—૧—આતર બેરેજીહીસવંઘ. ૨—આતર વોહુફ્રરઇયાંન. ૩—આતર ઉરવાજીહીશત ૪.—આતર વાજીહીશત. ૫—આતર સપેનીશત. એ નામોવાલા આતશની અસરનું વરણન અથવા ખુલાસાબી જુદી જુદી કેતાબોમાં સમજાવેલા છે. એ સઘલા ખુલાશાનો સાર કહાડતાં આતશના બે મુખય વરગો કેહેવાઇ શકાય છે. તેમાં એક તો તે આતશ, કે જે આપણ દરરોજ આપણી નજરે આપણા ઘરમાં બબરચીખાનામાં જોઇયે છીયે, અને દરએક જાતની આપણી રસોઇ અથવા ખાંણા પીણાનાં પકવાંન કીજે કાંમે લગાડયે છીયે, કે જેને "સપેનીશત" નાં નામથી આપણા અવસતામાં જણાવેલો છે. અને બીજો વરગ તે અણદીઠ આતશનો છે, કે જે ભીતરથી ગરમીની આતશી અસર કરે છે ખરો, પણ આપણી સાદી નજરે પડી શકતો નથી. જેમકે પ્રાણીનાં તન અને દીલની ગરમીનો

---

* એ વીશે ફીરદોશીએ શાહનામાં મધે ખોલલી રીતે જણાવેલું છે કે—લોહરાસપ પાદશાહે ખોરશીદ ઈજદની બી નીઆએશ કીધી હતી અને, એવી નીઆએશ કરવાનો રવઈઓ અથવા એકીન છેક જમશેદ નામના માહ કદીમ પાદશાહથી ચાલતું આવીઉ હતું.

(બેત.)

નીઆએશ હમીકરદ ખોરશીદરા—
ચુનાંન ચુન કે બુદ રાહે જમશીદરા.

આતશ, ઝાહાડપાનનાં બદન મધેની ગરમીનો આતશ, વીજલીનો આતશ, આકાશનાં મથાલાંપરનો ને જમીનનાં પેટાં મધેનો આતશ, ઇતયાદી.

એટલાજ માટે આપણા સઉથી પુરાંણા, તથા પુરવીણ અને પરતાપી પેગમબર હજરત જરથોસ્તે, આતશને, તથા સુરયને અને નીલમલ કુદરતી નુર અથવા રોશનીને, કેબલા તરીકે ગણવાને અને તેઓ તરફ જોઇને, તે પાક પેદા કરનાર સાહેબની સેતાયસ કરવાને ફરમાવયું છે, તેની ખરી સમજબી એજ છે. કેટલે એક ઠેકાણે તો એમપણ સમજાવીઉ છે કે ખુદ સુરજના બદનમાં તે પાક ખોદાતાલાનુ રેહેઠાંણ અથવા ઘર છે. ધરમનાં ફરમાન મુજબ તન, મન પાક કરી, તે ખોદાતાલાની સ્તુતીમાં અને બંદગીમાં એકાંત બેશી, વીચાર તથા અંદેશા કરીને, જેમ આએ દુનયાના એલમ હુનર શીખવા સારૂ, કોલેજમાં અથવા સ્કુલમાં ધયાન દેઇ, આપણા ઉસતાદથી લેકચરો શાંભલી, આપણ ઘેરે જઇને, તે "લેકચરો" ની તથા તે ઉસતાદે મોહડેથી કહી સંભલાવયામાં આવેલી વાતોની, ખરી મતલબ આપણે મોહડે કરી લેવાની મેહનત કરીયે, તેજ મીશાલે, આતશનાં અથવા રોશનીનાં નુરની તરફ ધયાન રાખી, બંદગી કરતાં અને ખરી દુવાઓ ચાહતાં, જે જે ભલા વીચારો આપણને સુઝે, અથવા જે જે સવાબવંતા શખુનો આપણે બોલીયે, તે વીચારો અને તે શખુનો મુજબનો અમલ કરવાને કોશેશ કરતા રેહવું ઘટે છે. એ પ્રમાણેનું જે છુપું "લેકચર" અથવા ગુપત શીખવણી આપણા આતમાને મલે, તેમાં દાન ઉગે વધારો અને સુધારો કરતા રેહવાને, અને તે આતમાનાં નુરને વધારે સ્વચ્છ અને વધારે ઝલકાટ ભરેલું રાખવાને આપણે આપણી ફરજ સમજવી જોઇયે છે.

(આપણા જીગરની અંદરનો આતશ કેમ સફાઇદાર રહી શકે તે વીશે.)

ખરા દાનાંવો અને વીદવાનોની તરફથી સમજાવેઆમાં આવેલું છે કે—ઇનસાનનાં તનની અંદરનો રવાંની આતશ કેમ સફાઇદાર અને રોશન રહી શકે તે વીશે જાણવું જોઇએ છે કે,—બાહેરનાં દીસતાં આતશનો ઇઆને આપણા ઘર મધેના આતશનો ખોરાક તો સુખડ લોબાંન તથા હરેક જાતની બીજી બલતણ અને ખુશબો છે, અને એબાદત કરતી વખતે આતશને તે પુરૂં પાડવા વીના ચાલતું નથી, કારણ કે તે વગર તેનું તેજ અને ગરમી નીભી અથવા ખીલી નહી શકે, અને એમ થવાથી,

યાને તે આતશ બુજાઇ જવાથી, કુદરતી રીતે આપણો આતમા તેના બનાવનાર તરફ઼ ધટતા ભાવથી ખેંચાય નહી. એટલા સારૂ આતશ ઉપર લાકડાં તથા લોબાંનની ખુશબો મુકીને, જ્યારે એક બંદગી કરનાર શખસ, અફ઼રગાંનીઆં મધેનાં દીસતા આતશને રોશન કરી, તેને જીવતો અથવા રાજી રાખે છે, અથવા એમ કરતા રહેવાની ફ઼રજ આપણાં પેગમબર સાહેબે ફ઼રમાવેલી છે, ત્યારે તો દરએક ઇનશાંને પોતાનાં અંતકરણનાં ગુપત આતશ અથવા ઇજદી નુરનાં ભીતરનાં આતશનેબી, સારા વીચાર તથા સવાબવંતાં કાંમો, અને નીરમલ વચનોનાં એક જાતનાં ગુપટ બલતણથી અથવા ખોરાકથી, અથવા એ જાતની ગુપત ખુશબોઇથી, હરદમ તેજી અને પ્રકાશતો રાખવો જોઈએ છે, તેમાં શક શું છે? એવા સબબ અથવા એવી દેઆનતદારીને આધારેજ, પેલી જેહાંનની સદાકાલની રોશની અને રાહતના કોથારમાં મલી જવાને, કોઇબી પહરેજગાર શખસ ફ઼ાવી શકે છે. હજરત જરથોસત પેગમબર સાહેબ પોતે બંદગી કરતી વખતે, આતશનું પાતરૂં અથવા ધુપદાન પોતાની સનમુખ રાખીને બંદગી કરતા હતા, તેની મતલબબી એવીજ સમજવી અને યાદ રાખવી જોઇએ છે. તથા આજેબી આપણા ટોલાના નામદાર **સર દીનશાજી** તથા નામદાર **સર જમશેદજી** અને બીજા દીનદાર અકાબરો અને બીજા ઇમાનદાર જરતોશતીઓ એજ મુજબ પોતાની સનમુખ આતશનું પાતરૂં રાખી બંદગી કરે છે, તે અસલી કેઆંનીઓની રીત મુજબજ છે.

હવે અતરે દરીઆફ઼ત કરવો જોઇએ છે કે, બંદગી કરતાં બાહેરના દીસતા આતશને કેબલો કરતી વખતે, ભીતરના રવાંની આતશને સ્વચ્છ અને સવાબવંતો રાખવાની કેવી ઉતમ તદબીર આપણા પેગમબર સાહેબે બતાવેલી છે. અને જે જરથોશતી શખસ અથવા શખસો એવીજ તદબીર હર વખતે કામે લગાડવાને ભાગ્યેગશાલી રહે, તેનીથી ગુનાહ જેવી નજીસ ચીજો તો કબુબી બની શકેજ નહી તેમાં શક શું છે? (તાલીઓ) કારણ કે એવી નેક તદબીરથી આપણને એવું શીખવ્યામાં આવ્યું છે કે, જેવા વાસવાલી ચીજ અથવા કાઠી, તમે આએ દુનીઆઇ બલતા આતશની ઉપર મુકશો,—તેવોજ ખુશબુદાર અથવા દુરગંધી વાસ તમોને આવશે. એજ મીસાલે જેવાં કરતુકોવાલી કાઠી અથવા ચીજ, તમે તમારાં અંતકરણના ગુપ્ત આતશની ઉપર મુકશો, તેવોજ બદલો અથવા તેવોજ ફ઼ેજ તમોને કુદરતથી મલશે. (તાલીઓ) જેમ ખરાબ ચીજ બબરચીખાનાના આતશપર બાળવાથી દુરગંધી ધુમાડા અને વાસ નીકલે છે,—

તેજ મીશાલે સુગંધી કાઠી અથવા સુખડ લોબાંન બાળવાથી સારી અને જીવ ખુશ થાય તેવી ખુશબુ નીકલે છે. તેમજ• આએ દુનીઆઇ કારોબારમાં સારાં કરતુકોથી ખરેખરા સુગંધી અને સારા સુખવાસનાં ફેજે પોંહચી સકશો, અને પાપી કરતુકોથી દુરગંદી અને દુખીઆરૂં નરકજ ભોગવશો. એ મુજબની ફીલસુફીની વાત કંઇ થોડાં ડાહપણની, કે થોડી વખાણની નથી. (તાલીઓ) વાસતે દર એક જરથોસતી ભાઇને ઘટારત છે કે, દર બામદાદે અથવા રાતે બંદગી કરતી વખતે, એ ઉપર અમલ કરવાનો ચુસત ઠેડાવ રાખવાને પોતાથી બની શકતી સઘલી કોશેશ સદા કરતા રહે.

(છુપી બંદગીની ખુબી વીશે અને બઇરાંઓ સાથેના ગ્રાયણ વજંતરની બંદગીનાં ધીકાર વીશે.)

હવે જો ખરેખરૂં પુછો તો એકાંતપણેથી અથવા એકદીલીથી બંદગી કરવાની રીત, તથા બંદગીનો ભલો બદલો મેલવવાની કોશેશ, એ કરતાંને બીજી વધારે સેહલ તથા શોભાયમાન હોયજ નહી. (તાલીઓ) બાકી આજના બેસમજ સુધારવારા જાહેર રીતે દુનીયાને સંભલાવવાના રાગડા કાહડીને, તથા બઇરાંઓ અને બીજાઓ પાસે ગીતો ગવાડીને તથા વજંતરો વજડાવીને, બંદગી કરવાના અવતીઆં મારે છે તેમ કરવાથી શું સારા અને ખુબીવંતા ફેજો હાંસલ થઇ શકે તે વીશે અકલની રાહે વીચાર કરતાં, આપણને કશું સમજાઇ શકતું નથી. એ રીતી તદનજ નીરઉપીઓગી અને તદનજ અણઘટતી છે તેમાં શક નહી જાંણવો. એક દાનાવે એમ સમજાવેલું છે કે આતશી કેબલાને આગલ રાખી ભણનારા એકાંત બંદગીખોર પહરેજગાર શખસને, જાહેરમાં કોઇ ઓલખતું નહી હોય અથવા તેની એવી રીતની બંદગીને માટે બેખબરાઓ તેની મશકેરી કરતા હોય તો શું થયું ? એવી મશકેરીની તે બંદગી કરનાર પહરેજગાર દરકાર કરતો નથી. દુનીઆઈ માનનો તે કંઇબી રીતે ભુખયો કે લોભી હોતો નથી. સદા સંતોશી,—હસમુખો,—ભલો, બીનકપટી, નેક, ગ્નાની અને વીચારવંતો, તે એવી ગુપ્ત બંદગી કરનારો શખસ રહે છે. (તાલીઓ) બાહેરથી તે સાદો—ભોલો લાગે છે, તોપણ ભીતરથી તે બહુજ ચલકતો તથા ઇમાનદાર અને શ્યાણો હોવાથી, પોતાની આસપાસના કાવા—દાવાની ગલીચી જોઇ તે કમકમતો રહે છે, તથા પાપી શખસોની

તો ઓર તે દયા ખાય છે, અને પોતાથી બની શકતી મદદ તેઓનાં દુખની વખતે કરવાને તે તતપર રહે છે, અને ઉલટથી બાહેર પડે છે. એવો પહેરેજપાર પુરૂશ તે નુરી કેબલા અથવા આતશની સનમુખ ગુપત રીતથી સેતાએશ કરવાને મરવા તુલીક પણ ભુલતો નથી. તે સાધારણ આતશને, એટલે પોતાના ધર મધેના આતશને પણ કદી બુજાવતો નથી.

(આતશ ઉપર બાલેઆમાં આવતી સુખડ-લોબાણની સુગંધીથી જેહેરી હવા સાફ થાય છે તે.)

ઉપર જણાવેલાં તેમજ બીજાં મોતેબર કારણોને લીધે, એક દીનદાર અથવા પહેરેજગાર શખસ, કરકસરને ખાતર, અથવા તેવાંજ બીજાં તકલીદી કારણસર, પોતાના ધરના આતશને કબુબી બુજાવતો નથી, અથવા અપમાન આપતો નથી. જેમ બાહેરના અથવા ધરના આતશનો ખોરાક, સુખડ, લોબાંન, બોએ, અગર અને એવીજ બીજી સુગંધી વસ્તુઓ છે, કે જેથી જેહેરી અને રોગીશત હવાની અસર નાબુદ થાય છે, અને ખુશબો તથા તંદરૂસતી ફેલાએ છે, તેજ મીશાલે આપણા શરીર મધેનાં આતશનો ખોરાક પણ નેક વમાસવામાં તથા નેક બોલવામાં અને નેક કરવામાં ફરમાવેલું છે, કે જેથી કુદરતને હાથે સુખ સંપજનો વધારો થાએ છે. જેમ એક સમજુ જરથોસતી વરશનાં ૩૬૫ દાહડા પોતાના ધરમાં કે અગીઆરીમાં, સઉથી સારૂં અને સફાઇદાર સુખડ લોબાણ બાલવાની કાલજી રાખે છે, તેનીબી એજ મતલબ છે, કે એમ કરીને, તે પોતાના આતમાને કબુલાત આપે છે કે, બને તાંહાસુધી ઉંચામાં ઉંચી કીસમની નેક મનશની, તથા નેક ગવશની અને નેક કુનશનીજવાલાં કામો, પોતાની જીંદગી તલક તે કરતો રેહવાની તજવીજમાં રહેશે, અને એવાંજ નેક કામોની કાઠી અથવા ખોરાક તે પોતાના ખોદાઈ આતમાના આતશને હમેશ લગી અરપણ કરતો રહેશે.

(આતશની ખાક અથવા રખેઆના ભેદ ભરમ વીશે.)

વલી બલતા આતશની સનમુખ ઉભા રહેવાથી તરેહવાર ખીલતા તથા ધુમાતા દેખાવ અને ચલકાટનાં ફેરફાર આપણી નજરે પડે છે, અને તેથી એક દાનાવના મત મુજબ ગોયા આપણને એમ બતાવે છે કે, હરએક ચીજનો અથવા હરએક ઇનસાનનો દમામ તથા હાલત અને ઝલકાટ જેમ વધે છે, તથા ખીલે છે, તેજ મીશાલે તે પેંડતો તથા ધટતો અને નાબુદ થતોં રહે છે,-

અને શેવટે તે આતશની સુકી રજ અથવા રખેઆનીજ મીશાલે, આપણું આએ તન તથા ધન અને જોબનબી, રાખજ થનાર છે! અને એ ઉપરથી આ દુનીયાની સઘલી પેદાએશનો અંત તદન ફનાં અને ધુલધાંની જેવો છે,—એમ દરએક અને સરવે નાંધલા અથવા બુલંદ હાલતનાં ઈનસાંને સમજીને, પોતાની હુશીઆરીમાં રેહવું જોઇએ છે, તથા ગરૂરી અને તુંદાઇને સદા દુર રાખવી ઘટે છે. પચાસ રૂપીએ રતલનું ઉંચું અગર અથવા પાંચ અરધીએ રતલનું હલકું લાકડું, એજ આતશની ઉપર એક સરખી રીતે બલી જલીને એક સરખી રીતની રાખ થાય છે, અને તે રાખની ચમટી જયારે બોઓએ દેનારો મોબેદ, દરએક બંદગી કરનાર શખસને આપે છે, ત્યારે તેથી તે એમ સમજાવે છે કે, એ બંદગી કરનાર ભાઈ! અગર તું ગરીબ ફકીર હોય, અથવા તો તું ગામનો શુબો અને શાહનશાહ હોય, તોબી શેવટે આ રખેઆની ખાકનીજ મીસાલે, આ જમીનની સપાટી ઉપર રગડાઇને ખાકજ થનાર છે. વાસતે જે ભલાઇ અને સફાઇ તાહરીથી અખતીઆર થઈ શકે, તે તારી જીવતાં જીવત હાલતમાંજ કરી લેજે. મીજલસના સાહેબો,—આપણા બોઓ દેનાર પહરેજગાર મોબેદો, જે રખેઆ આતશબેહરાંમના તથા અગીઆરીના મકાનોમાં આપે છે, તેની ચમતી લઇને તમે કપાલે વલગાવો છો તથા ગજવામાં મુકો છો., તેમાં કંઈ બીજો સાર નહી સમજવો,—પણ તેમાં તો ઉપર જણાવેલા જેવા ખુબીવંતા અને ઉતમ નસીહત આપનારા ભેદ ભરમ છે. તે ભરમની યાદદાશત દીલમાં હરદમ રાખીને ચાલેઆથી, આએ ભવમાં તેમજ આવતા ભવમાં ખરો ખુબીવંતો આસરો અથવા ફેજ ભોગવી અથવા હાંસલ કરી શકશો.

(આતશ દાદગાહને લગતો ખુબીવંતો તથા નસીહત ભરેલો ખોલાસો.)

અનેક પરકારની કીરીઆ તથા ભણુતરો કરીને, આતશી નુરના કેબલાને પવીતર કરયામાં આવે છે, તથા તે ઉપર યજશ્નેના કલામો લાંબી મુદત તલક પઢયામાં આવે છે. તે પછે તે પવીતર થએલા આતશને એકઠા કરીને, એક જગોએ અથવા એક ગુંબજમાં પરથયામાં આવે છે, અને તેને "આતશ દાદગાહ" કરી કહે છે. એ મુજબે સથાપેઆમાં આવેલા આતશની ખરી ખુબીનો સાર દાનાવ લોકોથી એમ સમજાવયામાં આવેલો છે કે—

“ આતશ દાદગાહ ” અથવા આતશબેહરામમાં પરથાએલો આતશ તે ઘણીજ વધારે પવીતરાઇ ભરેલો આતશ છે, તથા ઘણાજ પવીતર આતશ મધેની મેલવણી મધેથી ખેંચી કાહડેલા અથવા ગાલી કાહડેલા અરક અથવા (Essence) તરીકે તે નુર ગણાય છે. હવે એ અરકરૂપી નુરનાં આતશનાં દેખાવ ઉપરથી તે આતશની સનમુખ ઉભા રહીને બંદગી અથવા સેતાએશ કરનારા શખસોએ એમ સમજવું જોઇએ છે કે,—તે બંદગી કરનારાઓનેબી, આવતી દુનીઆની પવીતર જગા અથવા **દાદગાહ** હાંસલ કરવા સારૂ પોતાની તમામ કરણી અથવા ચાલ ચલણને, પેલા સુરાખદાર ચારણી મધેથી ગાલી કાહડેલા આતશનાં અરકની મીસાલે, નીરમલ તથા પવીતર બનાવવા સારૂ, ખરી નેકીની અથવા સવાબી કામની ચારણી મધેથી ગાલી કાહડીનેજ, જે ભાગ ખરો નીરમલ અને સ્વચ્છ રેહશે, તેજ ભાગને પેલી જેહાંનમાં લઇ જઇ શકશે. **સેવટની દાદગાહ** જેવી જગામાં, બરકરારી અથવા પાએદારી મેલવવા સારૂ, આતશ જેવી અસલ ચોખી ચીજનેબી, પોતાનો નીરમલ અરકજ, કેટલીએક ચોકસ ક્રીઆ મુજબ ગાલી કાહડવો પડે છે તો,—માણસ જાત જેવાં ગદલાં અને અપવીતર પ્રાણીને તો, પોતાની દુનીઆઇ કરણીનો અરક, ઘણી વધારે સફાઇ અને સાઉચેતીથી કાહડીને પેલી જગમાં લઇ જવો જોઇએ છે. ખરેખર એમ થાય તોજ પેલી દુનીઆના **દાદગાહની** ઇઆને સુખ સંપજના બેહશતની માહ ઉતમ જગામાં તે દાખલ થવા ફતેહમંદ ઉતરી શકે. (પુશકલ તાલી.)

મીજલસના સાહેબો,—**દાદગાહ** એ અસલ ફારસી ભાશાનો શબદ છે, અને તેનો અરથ સેવટના “ ઇનસાફની જગા ” એવો થાય છે. “ દાદ ” એટલે ઇનસાફ અને “ ગાહ ” એટલે જગા. જેમ એક એબીએલ અથવા તકસીરવાર શખસને, આ જગતની ખરી અદાલતમાં સજા અને સરમીંદગીજ ભોગવવી પડે છે, અને ચોખા અથવા વગર ગુનાહનાં નીરદોશ શખસને શોભા અને સુખવાસ મલે છે, તેમજ ભલા વીચારવાલા તથા નીતીમાન કરણીવાલા અને નેક વચનવાલા શખશો માટે, પેલી જેહાંન મધેની સેવટની “ દાદગાહ ” નાં અથવા ઇનસાફી દરગાહનાં બેહસ્તના દરવાજા હરદંમ મોકલા અને ખોલ્લા રહે છે, એટલું સઘલા દીનદાર શખસોએ યાદ રાખવું જોઇએ છે. (તાલીઓ.)

(આતશપરની ખુશબુઇ વીશે તથા એક હજાર જાતના આતશ વીશે એક યુરોપીઅન વીદવાંનનું મત.)

આતશબેહરાંમનાં આતશપર સુગંધી મુકયામાં આવે છે, તથા ભણતર અને કીરીયા થાય છે, તેને લગતા ભરમ અને ખુબી વીશે વીદવાનો તથા ઘણુએક પહરેજગારો તરેહવાર સખુનો સમજાવી ગયલા છે. પણ એક વીદવાન યુરોપયન ગ્રંથકાર જે લખી ગયો છે તેનો સાર નીચે મુજબ છેઃ—

એ પારસી ભાઇઓ,–તમારા આતશકદેહમાં આતશને શા માટે હમેશાં રોશન રાખેયામાં આવે છે? બોએ દેનાર ધરમગુરૂ શા માટે તેને બુજાઇ જવા દેતો નથી? આહ! પણ એમાં એક મોટો ભેદ સમાએલો છે. અરે! અરે! તમો જુવો કે લુહાડનો આતશ, તથા બલતી ભઠીનો આતશ, તથા મુરદાં બાલવા માટે સલગાવેલો આતશ, તથા સોનીનો આતશ, તથા દરએક ધંધાદારી અને કારીગરનો આતશ, તથા બીજાં દરએક કલપીત મુલોમાંથી મેલવેલો આતશ મલીને જુદી જુદી એક **હજાર કીસમના આતશ** ભેગા કરવાની શું જરૂર છે વારૂં ? એમ કરવાનું ખરેખરૂં કારણ શું? આહ! એમ કરવાનું ખરૂં કારણ માત્ર એજ અથવા એટલુંજ છે કે,—આએ સઘલી કુદરતમાં ઇઆને આ જેહાનની આસપાસની ચીજોમાં જે આતશનું તુરમંદ તત્વ ફેલાએલું છે, અને જે સઘલી કુદરતનો તે ખરો જીવ અથવા આતમા છે, તેનાં રજકણોને તે આતશ બેહેરામનો આતશ એક જાતની ગતીમાં મેલે છે, કે જેથી કુદરતી ગરમીના બનાવો ઉતપન થતા રહે છે. આએ જગતની હસતીના આટલા બધા ભાગોની મીસાલે, આતશ બેહરામ કીજે એક હજાર જાતના એ સઘલા આતશને એકઠા કરી, એક જગાનાં ખોલ્લા ચોકમાં રોશન કરે છે, કે જે અહુરમઝદની રોશનીની બનતાં તુલીક સંપુરણ તથા એકંદર નીશાંન તરીકે જલવાએલી રહેશે. આએ જુદી જુદી જાતનાં આતશો મધેથી, ફકત તતવો મેલવવા સારૂ કેવી મોટી સંભાલ તથા સાઉચેતી રાખવામાં આવે છે તે જુવો. "જુદી જુદી સગડીઓ, તથા ભઠીઓ, તથા ખાડાઓ મધેથી આતશ એકઠો કરનારો ધરમગુરૂ, કાચો કોલસો લેતો નથી. પણ દરએક આતશ મેલવતી વખતે, ગંધકનો એક કટકો, તથા રૂનો એક ગોલો તથા બલવા લાએકની કોઇ એવી બીજી ચીજ, તે ધરમગુરૂ સલગાવે છે. વલી બીજાં મુલમાંથી મેલવેલા આતશથી, બલતંણનો એક

બીજો જયો તે સલગાવે છે, અને તેની જોતથી વલી એક ત્રીજો સલગાવે છે, તથા ત્રીજાની જોતથી ચોથો, એ મુજબ તે ધરમગુરૂ આતશ પાડેઓ જાએ છે. કેટલીક વખતે નવ અને કેટલીએક વખતે વીશ જોતથી તે આતશને મેલવે છે. જયાં સુધી જે મુખય આતશને હલકા ઉપયોગમાં લીધેલો હોય છે, તેનો અપવીત્ર ભાગ સાફ થઇને સરવેથી પવીત્ર અને ખાલેસ ભાગ બાકી રહે છે, તયાં સુધી પેલો ધરમગુરૂ, ઉપર કહેલાં પ્રમાણે નવી નવી જોતો બનાવતો રહે છે. એવી એવી રીતની કીરીયા કીધાથીજ તે આતશ અહુરમઝદની ચેહ ઉપર મુકવાને લાએકનો ગણાય છે.

(ખોદાશનાશીનો એલમ જાણનાર દસતુરો, તથા સંજાન મધે બરપા કીધેલા કુદરતી આતશ વીશે એજ . યુરોપીઅન વીદવાન એમ જણાવે છે કે–)

" હીંદુસતાન તરફ નીકલી આવેલા ઇરાની પારસીઓ માટે, સંજાન મધે સઉથી પહેલલું આતશબેહરામ રોશન કરવાને જયારે પારસીઓનાં નીઆગાંનો ભેગા થયા હતા, ત્યારે તેમની સાથે ઇરાનથી આવેલા **" દારાબ "** નામના એક પહરેજગાર દસતુરે, પોતાનાં હમદીનોને તેમજ પરદેશી અથવા બીજી જાતના લોકોને એક જંગલનાં મેદાંનમાં, પોતાની આસપાસ ઉભા રાખીને, પથરની એક મોટી સીલા ઉપર સુકાં સુગંધી સુખડનો ધગલો મુકયો હતો. એ પછે ચાર મુખય દશાઓ તરફ, ચાર પહરેજગાર મોબેદોને ઉભા રાખયા હતા. એ મોબેદો અવસતાના અથવા ગાથાના કેટલાએક કલામો બુલંદ આવાજથી પઢયા હતા, અને મોટી નમનતાઇ સાથે, પોતાનાં સરો નમાવીને નમન કીધું હતું. એ પછે દસતુર દારાબે આકાશની તરફ ઉંચું સર કરીને, તથા નજર ટેકવીને, ગેબી શકતીવાલા સખુનો પઢયો હતો, અને આકાશી આતશનો સોલો આએ જમીન ઉપર મેલવ્યો હતો. પેલા બીજા એક હજાર જાતના આતશમાં જયારે એ આકાશી આતશનું નુર ઉમેરાય છે, ત્યારેજ કેબલો સંપુરણ થયલો ગણાય છે, અને **અહુરમઝદની** આરાધના કરનારાઓની સનમુખ તેનું નુર પ્રકાશીત રાખયામાં આવે છે.

" **સંજાંનમાં** એવીજ રીતેથી આકાશી આતશ આ જમીન ઉપર પાડયામાં આવેઆ હતા, અને (આજ કંઇ સેંકડો વરસો થયાં) એ આતશ (**.ઉદવાડામાં**) ઇઆુને ઉદવાડાના આતશબેહરામમાં આજ તલક

રોશન રહેલો છે. વાસતે એ પારશી ભાઇઓ, હવે પછે તમારી પારસી કોમમાં કોઇ બીજો નવો પહરેજગાર **દસતુર દારાબ** જેવો નર ઉતપન થાય ત્યાં સુધી એ ઉદવાડાના આતશબેહરામ મધેનાં પવીતર નુરી કેબલાને મોટી સંભાલથી સાચવી રાખવાની કોશેશ કરતા રહેજો."

(આકાશપરથી આતશ આએ જમીન ઉપર નીચે પાડવાની રીત વીશે.)

"આકાશમાંથી એવી રીતે આતશ મેલવવાની રીતી અથવા ગેબી અને મંતરી હુનર, "સેમોઠરેશીઆ" તથા "કેબીરીઆ" ની ભેદ ભરેલી ક્રીરીઆઓમાં જણાવેઆમાં આવેલો છે. "નીઉમા" નામના તપેસરીએ આતશની પરેસતેશ કરવાની ઇમાનદારી અથવા ભેદ ભરેલો તરીકો, અસલ રોમ દેશમાં દાખલ કીધો હતો, તેણેબી એવીજ જાતનો આકાશી આતશ પેદા કીધો હતો, ઇઆને જમીનપર પાડેઓ હતો. અને તેની જાલવણી કરવાનું કામ ચાર પવીતર અથવા પહરેજગાર કુમારી કન્યાઓને સોંપ્યું હતું, તે એવી શરતે કે જો તે આતશ તેઓની ગફલતીથી કદાચ બુજાઇ જાય તો તેઓને ગરદન માર્યામાં આવે.

"આગલા જમાનામાં, ઉગમણુ પ્રાંતનાં દેશોમાં એ ભેદી વીદયા જાણનારા ઘણા હતા. અને એ ભેદી વીદયાનું જ્ઞાન સઉથી પહેલાં "ખાલદીઆ" નામના મુલકમાં ઉતપન થયલું જણાવેઆમાં આવેલું છે. એ દેશમાંથી તે "ગ્રીસ" માં ફેલાયું હતું, અને એ પછે પશ્ચીમ તથા ઉતર તરફના બીજા દુરના દેશોમાં તે જાણીતું થયું હતું. એ આકાશી આતશ, જયારેબી પ્રગટ થાય છે, ત્યારે તેને આકાશનાં નુર સાથે પરસપર સંબંધ રહે છે, અને ભેદી વીદયા જાણનાર પહરેજગાર ધરમગુર, પોતાના મંતરી હુનરથી તેને પ્રકાશીત કરી શકે છે." (અતરે મી૦ મનસુખે એમ કહી જણાવ્યું હતું કે, હાલના જમાનામાં એવા ખોદાઈ એલમ અથવા મંતર જાણનારા અને આકાશી આતશ પોતાની બંદગીને જોરે મેલવનારા પહરેજગારો રહયા નથી. તેથીજ આપણા લોકો વીજલીનાં બલતણનો આતશ લઇ હાલના જમાનામાં આતશબેહરામમાં કામ ચલાવે છે.

(દસ્તુર મેહરજીરાણાની ગીબત કરનાર મુંબઇ મધેના એક પારસી વીદીઆરથીને અપાએલો ઠપકો.)

એ પછે મી૦ મનસુખે પોતાની તરફના લંબાણ ટીકા કરતાં અથવા વીચારો દરશાવતાં મોટી દલગીરી અને મોટા ખેદ સાથે એમ કહી સંભલાવ્યું હતું કે—

મીજલસના સાહેબો, આ ઉપરથી તમો જોશો કે આગલા જમાનામાં ખરેખરજ એવી ભેદી વીદયાનો એલમ અને ભણુતર જાણુનારા આત્મજ્ઞાનીઓંનો ટોલો હતો, કે જેઓ અજાએબ રીતનાં પરાક્રમો અને મોજેજાઓ. કરી બતાવતા હતા. (તાલીઓ) મજકુર યુરોપીઅન વીદવાને તે વખતનાં શેહરો અને મનુષયોનાં તોલાનાં નામ નીશાનો આગલી તવારીખના લેખોને આધારે જણાવીને, આપણી ખાતરી કીધી છે, અને વલી ખુદ આપણા આગલા જરથોશતી દશતુર દાવરોબી એવાજ એલમથી માહીતગાર અને ખોદાતાલાની મારફતને પોંહચેલા હતા (તાલીઓ) એવું ખુદ આપણા લોકોની આગલી તવારીખ અને કેતાબોમાં લખાએલુ છે, તે છતાં; મેહરજીરાણાનાં પ્રખયાત દસતુરી ખાનદાનના એક મરહુમ દશતુરે, એવીજ જાતના ભેદી એલમને જોરે, **અકબર પાદશાહના** જમાનામાં, કોઇ પરકારનો ચમતકાર કરી બતાવ્યો હતો, એવી વાત અથવા હકીકત કંઇ સેંકડો વરશો થયાં લખાતી અને બોલાતી આવી છે, તેનીજ વીરૂધમાં, કંઇબી રીતના પકા આધાર, કે દુરઅંદેશા વગર અતરેનાં એક જુવાંન પારસી ગ્રહસ્થે, ગઇ થોડી એક મુદતની વાત પર ઘણાજ કડવા, અને ઘણાજ નાપસંદ ટીકા કરવાની જાહેર છુટ લીધી હતી. તે દેખાવ ખરેખરજ મોટી દલગીરી ઉપજાવવા જોગ ગણાયો હતો. એવી નાદાનીઅત ભરેલી નુકતેચીની કરનાર ભાઇનો મોટો આધાર એજ હતો કે, એ બનાવ વીશે તે અકબર પાદશાહના વખતનાં કોઇબી મુસલમીન ગ્રંથકારનાં પુસતક મધેથી કાંઇ શાહદત મલી આવતી નથી, અને વલી એવા બનાવ, તે ભાઇની પોતાની સમજ મુજબ કબુબી બની નહી શકે તેવા ગણુતા હતા તેથીજ તેવણે તે નાપસંદ ટીકા કરવાને, અને ગયાં સેંકડો વરસોની વાતપર મરણ પામેલા, તે બેહશતી ભલા દસતુરને માંથે કેટલીએક રીતના જબુન કલંકો મુકવાને વાજબી વીચારયું હતું ! પણ એ ટીકા કરનારને, જો આટલીબી ખબર હતે કે, આગલા કે પાછલા જમાનાના મુસલમાન લખનારાઓ, જરથોસતીઓની કીરતી અને ખુબી તરફ એટલા તો હસદખોરા અને એટલી તો મોટી તાઅસુબી ધરાવનારા સાબેત થઇ ચુકેલા છે કે, જરથોસ્તી મહજબ, કે જરથોસ્તી નામાંકીત શખસો કીજે, એક હરફબી બને ત્યાં સુધી નહી લખવાને, અને જો કંઇ લખાએલા હોય તો, તે તદનજ નાબુદ કરી નાખવાને પોતાની ફરજ સમજતા અને સમજાવતા આવ્યા છે. તેવી જેહરી દુશમનાઇ અને જબુન તાઅસુબી ધરાવનારાઓની કલમથી, મરહુમ દસતુર મેહરજીરાનાની અજમતી ખુબી અને

ફીરતીના સખુનો, મરહુમ અકબર પાદશાહના જમાનાની મુસલમીન તવારીખોમાં પ્રગટ થયલા અને સલામત રહી શકેલા જોવાની આશા, ક્યો દાનાવ શખસ રાખી શકે વારૂં ? શું તમોને યાદ નથી કે "મેહમુદે ગજનવી" નામના પાદશાહના વખતમાં નામાંકીત "ફીરદોશી" શાએરે આપરા પારસી પાદશાહોની વખાણમાં અને પહેલવાનોની ફીરતીમાં, જે સખુનો "શાહનામાં" ના પુસતકમાં લખયા છે, તે બાબે તે બેહશતી શાએરને, તે વખતના મુસલમીન સરદારો અને લખનારાઓથી, કંઇ થોડી સખતી અને વીપતી ભોગવવી પડી હતી ? વલી પાછલથી ખુદ શાહનામાનાં લખાણમાંબી એવીજ તાઅસુબી ધરાવનારા મુસલમીન લખનારાઓએ શું કંઇ થોડી ઉથલ પાથલ અને ધાલમેલ કીધી હતી, અને વલી આજ સુધી કર્યા જાય છે, તે હકીકત શું જાણીતી નથી ? કોઇબી જરથોશતી વીદયારથીએ એવી નાલાએક અને નાદાનીઅત ભરેલી ચાલ ચલાવવી નહી જોઇએ, અને ગયાં સેંકડો વરશોપર ગુજર પામેલા નામાંકીત અને નીરદોશ દસતુરની પાછળ, બુરા અથવા બદનામી ભરેલા સખુનો ઓચરવા નહી જોઇએ. એવાં કામમાં એક જાતનો મોટો ગુનાહ છે. (જોશદાર તાલીઓના અવાજ). વલી એ તો એક જાતની આપણી તરફની ખરી તકરાર થઇ, પણ બીજા હાથ પર આપણે બીજી આજદીન તલકની જીવતી શાહદત જોઇએ છે તો તે એ છે કે, એજ અકબર શાહથી એજ મેહરજી રાણાનાં મરહુમ દસતુરજી ને, તે દસતુરજીનાં વતન નૌસારી કસબા તરફ એક મોટી જાગીર વંશપરમપરાની પાદશાહી બખશેશ તરીકેની તેજ વખતે મલી હતી કે જેની ઉપજ આજદીન તલક તે દસતુરજીનાં વારેશ વકીલોનું મોટું કુટુંબ ખાએ છે, અને તેઓનો માંનપુરવક રીતનો ગુજારો ચાલે છે. તેઆરે એ મોટી કીમતી જાગીર તે મરહુમ દસતુરજીને શા કારણ સર બખશી હતી એવો સવાલબી ખાતરજમાં ભરેલી રીતનો ઉભેલો છે. વલી ઘડીભર આપણે એમબી કબુલ કરીએ કે તે મરહુમ દસતુરજીએ એવો કંઇબી ચમતકાર કરી બતાવેઓ હતો નહી, તોબી સેંકડો વરશોની મુદત ગુજરી ગીઆ બાદ, જેવી રીતનાં નાપસંદ ટીકા કરવાની છુટ મજકુર પારશી જુવાન વીદીઆરથીએ લીધી છે, તેવી છુટ લેવાને અથવા તેવી પરકારની બેઅદબી કરવાને, કોઇબી ખરો શેઆણો અને દુરઅંદેશ જાહેર લખનાર શું ઘટતુ અને વાજબી ગણી શકે વારૂં ?

(ઇરાનના દસતુર મોબેદો એ અજમતી એલમ જાણતા હતા તે વીશે.)

ઇરાંન જમીનના અસલી વીદવાંનો (Magi) તો એવાં પરાક્રમો અથવાં મોઅજેજા, જાહેર રીતે બજાવી દેખાડવા કીજે, આ પૃથ્વીના પુશકલ ભાગો તરફ પ્રખ્યાતી મેલવી ચુકેલા હતા, એવા લેખો આગલી તવારીખના શફા ઉપર નોંધાયલા મોજુદ છે. મજકુર યુરોપીઅન લખનારનાં મત મુજબ, એવાં ચમતકારીક કાંમો બજાવનાર શખસ, જેમ ઘણો મોટો વીદવાંન, તેમજ પોતાનાં શરીરથી, તથા મનથી, અને કરતુકોથી લદનજ પવીતર હોવો જોઇએ, સબબ કે એજ ત્રણ સ્થંભો ઉપર, પેગમબર જરથોશતે, પોતાનાં ધરમનો દબદબા ભરેલો મહેલ શથાપેલો છે. (તાલીઓ) એવા ધરમનો ભાવારથ એક નાંધલું બાલક વટીક શમજી શકે, એટલા થોડા શબ્દોમાં શમાએલો છે, વાશતેજ તે ઘણોજ ખુબીવંતો છે, એમ હું ઇઆને પેલો યુરોપીઅન વીદવાન સમજતો આવ્યો છું. (જોશ ભરી તાલીઓ) બુધ ધરમનો સારાંશ તેના સથાપનારે સાત શબદોમાં સમજાવેલો છે, પણ જરથોશતે તો પોતાનાં ધરમનો સાર હુમત,—હુખત—અને હુવરશત,—એ ત્રણજ શબદોમાં જણાવેલો છે.

(ચમચમાંથી આતશને ગાલવાની ફીલસુફી અને તેના ભેદને લગતો અગતનો ખોલાસો.)

ચમચનાં વીધાં મધેથી આતશની ઝાલ સુખડના કટકાને લગાડીને બીજા આતશને વલગાવે છે, તેનો ખરો શબબ શું છે વારૂં? એનો જવાબ એવો સમજાવેઆમાં આવેલો છે કે,—આદરાંનો અથવા આતશબેહરાંમનો આતશ, તમોને આગલ સમજાવેઆમાં આવેલું છે તેમ, જુદા જુદા ધંધાદારીઓ અને જુદી જુદી હાલતનાં શખશો અસતકથી વાપરેઆમાં આવતા આતશો મધેથી લાવવામાં આવે છે. જેમ કે, કોઇ રાજા પાદશાહને ત્યાંથી, તથા લોહાડ, તથા ભરવાડ, તથા સોની અને બીજા કામદારોને ત્યાંથી લાવેઆમાં આવે છે, અને એ સઘલા આતશો જુદા જુદા રાખેઆમાં આવે છે. એ પછે એક સુરાખદાર ચમચની મારફતે તે આતશોનો અરક, કેટલીએક રીતનાં ઘટતાં ભણુતરો અને લાએક કીરીઆથી ખેંચી કાહડીને, અને તે બાદ તે સઘલાઓને ભેલી નાખીને, એક નવો આતશ, એક સરખી હાલતનો કરીને, દાદગાહમાં અથવા આતશ બેહરાંમમાં પરંથેઆમાં આવે છે. તે આતશ પછે ગમે તેવી પદવીનાં, કે ગમે

તેવી હાલતનાં માણુસને ત્યાંનો હોય, તોબી જ્યારે લાએક ભણુતર અને ફીરીઆથી, તેઓનાં ખાલેસ નુરનો અરક, એક બીજાની સાથે મેલવી નાખેઆમાં આવે છે. એટલે તે સઘલા એકજ ખાસ દરજાનાં આતશો થઇ જાએ છે, અને પાદશાહી આતશમાં, કે એક ફકીરને ત્યાંના આતશમાં કશોબી ફરક રહી શકતો નથી.

એજ ઉપરથી સરવે કોઇએ એમ સમજવું જોઇએ છે કે, એ દાદગાહના અથવા આતશબેહરામના મકાનમાં મોટામાં મોટા પાદશાહની તથા વજીરોની, તેમજ ગરીબમાં ગરીબ ખેડુતો અને ફકીરોની હાજરી, એક સરખાજ દરજજાની ગણાએ છે, અને એવી દાદગાહમાં કોઇબી હાલતનાં કે કોઇબી વરગનાં લોકોમાં કશોબી અંતર કે ફરક રાખેઆમાં આવતો નથી, અને તેથીજ તે દરએક અને સરવે જણાઓએ, પોતાનાં કરતુકો સદા એક સરખી રીતેથીજ ચોખાં અને સવચ્છ રાખવાં જોઇએ છે. શબબ કે, તે દાદગાહનાં પવીતર મકાનમાં, સઘલા દરજાનાં અને સઘરી હાલતનાં માણસોથી નેકી અને પવીતરાઇ શીવાએ, બીજી કોઇબી ચીજની આશા અને ખાહેશ રાખેઆમાં આવતી નથી. નેકી, ખુબી, અને અશોઇનીજ "સરટીફીકેટ" અથવા પાસ પોરટ (Pass—port)થી, આએ જેહાંનનાં સુખ શોભાનાં અને પેલી જેહાંનનાં બેહશતનાં દાદગાહમાં દાખેલ થવાઇ શકાએ છે. એ શીવાએ કોઇબી પરકારનો ધન-માલ અથવા માન અને મોભો ત્યાં કામે આવી શકતો નથી.

(જરથોશતના ગનેઆન અને ભેદી ધરમ વીશે.)

સેવટે મજકુર યુરોપીઅન વીદવાન એમબી જણાવી ગયો છે કે—

"એ ભેદ ભરેલું વરણુન પેગમબર જરથોશતે ઉતમ સચાઇ ધરાવનારી સંપુરણુ વીદીઆ તથા ફીલસુફીને આધારેજ કીધું છે. એ ભેદ ભરેલા નીઅમો વીશે "ખાલદીઆનાં કબાલા" નામનાં પુસતકમાં ખોલાસો કરેયામાં આવેલો છે. જરથોશતી ધરમનાં બે પાશાં છે, તેમાં એક પ્રગટ અને બીજું ગુપત અથવા ભેદ ભરેલું છે. અને એ સઘલું બાકટરીઆ શેહરનાં જરથોસ્ત જેવા એક ફીલસુફ અથવા પેગમબરનાં મન મધેથી ઉતપંન થયલું છે, અને એમાંજ અસલી ઇરાંનીઓનાં ધરમની ભેદી અને ખરી ખુબી સમાયલી છે."

(જરથોશતીઓની વસતી કરોડો અને અબજો માણસોની હતી તે વીશે.)

"જરથોશતનો એ આતશી કેબલાવાળો ધરમ ખુબીવંતો હતો તયારેજ તે કરોડો માણસોની વસતીમાં ફેલાયો હતો કે નહી?—મીજલસનાં સાહેબો, યુરોપીઅન વીદવાંનો રાસતીની રાહે આપણને એમ સમજાવી ગયા છે કે—

"આસરે ગયાં ૨૩૦૦) વરસોની વાતપર, ઇરાન દેશ મધેનાં જરથોશતી પાદશાહોનું રાજ લગભગ ૪૦) લાખ, ચાલીસ લાખ સકુએર માઇલથીબી વધુ જગાનાં મુલકોપર ફેલાએલું હતું, અને ત્યાંની વસતી આસરે ૬૦) કરોડ, શાહઠ કરોડથીબી વધુ માણસોની હતી, અને એટલી મોટી વસતીમાં જયારે જરથોસતી મહજબ સહેલથી ફેલાવો પામી ચુકેલો હતો, તયારે તે કંઈ ખુદ પોતા મધેની ખરી ખુબી વગર ફેલાયલો હોવો નહી જોઇએ. એ વીશે તે યુરોપીઅન ગ્રંથકારના અસલ સખુનો આ નીચે મુજબના છેઃ—

"Three centuries before Christ the united Kingdom of Persia and Media exercised a dominion extending over an area of three or four millions of square miles, and had a population of several hundred millions of people. And do you mean to tell me that the Zoroastrian religion could have dominated the minds of this enormous mass of people nearly twice the present population of India, and could have also swayed the religious thought of the cultured Greeks and Romans, if it had not had a spiritual life in it, that its pcor remnant of to-day completely lacks."

એ યુરોપીઅન વીદવાંનના લખાંણનો મુખ્ય સાર એજ છે કે,—" એટલી મોટી વસતીના લોકોમાં, જરથોશતો ધરમ, જે ફેલાયો હતો તે, તે મધેની ખોદાઇ અજમતી અસરને લીધેજ ફેલાયો હતો. અગરજો એવી કુદરતી અસર એ ધરમમાં નહી હતે તો, એ જરથોશતી ધરમનું એકીન ગ્રીક તેમજ રોમન જેવા તે જમાનાનાં ચંચલ અને સુધરેલા લોકોમાં, હીંદુસ્તાનના અને આજના અંગરેજી રાજની ૩૦) કરોડથીબી વધુ વશતી યાને ખેવડી વસતીનાં લોકોમાં તે ફેલાતે નહી, અથવા તેઓનાં દીલમાંબી લાગુ થઇ શકતે નહી. પણ માઠાં ભાયગે આજના જમાનાંનો અતરેનો ભાગી-ટુટી પડેલો અને બાકી બચી રહેલો જુજ વસતીવાલો પારસી ટોલો, એ મહજબની અસલી

ખુબીની અસરથી તદનજ ખાલી થઇ પડેલો દીશે છે ! ! એમ મોટી દલગીરી સાથે જણાવવું પડે છે. ”

મીજલસની બાનુઓ અને ગરહસ્થો, આ જગાએ ખોલાસા તરીકે મારે તમોને જણાવવું જોઇએ છે કે, ગયાં ૨૩૦૦) વરસોપર તો, આપણા ઇરાંની પાદશાહનું રાજ ઘણુંજ નબલું અને ભાગી પડેલી હાલતમાં આવી પડેલું હતું, તેથી વસતી બહુ ઓછી હતી, અને એજ વખતે યુનાંની “સેકંદર” પાદશાહે ઇઆને “એલેકઝાનદર ધી ગરેટે” મોટી ખુનખાર લડાઇ ચલાવીને, એ ઇરાંની રાજની પાએમાલી સાથે, તેનાં અસલી પવીતર અને એલમ હુનરનાં મોટાં મોટાં સેંકડો પુશતકખાંનાં બાલી-જાલીને ભશમ કરી નાંખવાની, માહ જબુન અને ગુનાહ ભરેલી ચાલ ચલાવી હતી. પણ એ જમાનાંની આગમચનાં, યાને કેખશરૂ તથા લેહરાસપ તથા ગોસતાસપ અને બેહમન પાદશાહનાં જમાનામાં તો એ આપણાં ઇરાંની રાજની જરથોશતી મહજબ પાલનારી વસતી કંઈ અબજો લોકોની હતી એટલું ઇયાદ રાખવું, કે જે વસતી અથવા જે મહજબ પાલનારાઓની સંખયા, આજે માતર એક લાખનીજ નજીવી અને નબલી સંખયાપર હીંદુસતાનમાં આવી અટકી છે ! આપણા પાદશાહોનું રાજ આગલા વખતમાં આખી પુરૂથવીનાં યાને “ હફ્ત કીશવર જમીન ” નાં મુલકો ઉપર ફેલાવો પામેલું હતું.

—•••—

(આતશબેહરામનો શબદ અસલ કેમ ઉતપન થયો.)

આતશબેહરાંમ એટલે શું ? અને એ નામ અસલ કેમ અપાયું હતું, તથા “ સંજાન ” મધેનાં પેહલાં આતશ બેહરામ વીશે એમ જણાએલું છે કે—આતશના કેબલાને રાખવાની જગાને, અસલી વખતથીજ “ આતશ ગાહ ” અથવા “ આતશ કદેહ ” અથવા “ આતશખાંને ” કેહતા હતા. પણ “ **આતશબેહરાંમ** ” નો શબદ અસલ ઇરાંનમાં વાપરેઆમાં આવેલો જણાએઓ નથી. પણ એ શબદ માતર હીંદુસતાનમાં પારસીઓ આવી વસ્યા, ત્યારે ત્યાંજ વપરાયો હતો અને તેનો મુખ્ય સબબ એજ છે કે,— આપણું ઇરાંની રાજ આરબ લોકોને હાથે, આપણા છેહલા પાદશાહ “ ઇઅજદેજરદ શેહરીઆર ” ના અમલમાં તારાજ થયા બાદ, તમામ જાતની જાસતીને લીધે, આપણ જરથોશતી લોકોની વસતી દુનીઆનાં બીજા ભાગોતરફ વીખરાઇ ગઈ હતી, તે વખતે કેટલાએક જરથોસ્તીઓ વાહાંણોમાં બેસીને હીંદુસ્તાન તરફ આવતા હતા, તેવામાં એકાએક એક

ભય ભરેલું તોફાન થયું હતું, અને સરવે કોઇ ડુબી મરવાની ધાસતીમાં આવી પડયા હતા. એ વખતે તે વાહાણો મધેનાં દીનદાર જરથોશતી આગેવાંનોએ, ખોદાતાલાની બંદગી કરીને, એવી નઈયત અથવા માનતા કીધી હતી કે, જો તે પરવરદેગારની મેહરબાંનીથી એ મુશકેલ વખતમાં, "**બેહરાંમ ઇજદ**" **ફરેશતો** મદદ આવે, અને તેઓને સલાંમત હીંદુસ્તાંનની જમીનપર ઉતારે તો. "બેહરામ ઇજદ" ની યાદગારીનું એક આતશખાનું બંધાવે, અને તેનું નામ "આતશબેહરાંમ" આપે. એ બાદ તેઓ સરવે "સંજાંન" નામનાં, તે વખતનાં એક મોટી વસતી-વાલાં શેહરમાં સલામત ઉતરયાં અને પોતાની અસલ નઇઅત મુજબ ત્યાં એક આતશખાનુ સ્થાપી તેનું નામ "**આતશબેહરામ**" રાખયું હતું. એ પછી, વખતનાં અને હાલતનાં ફેરફાર મુજબ, એ આતશને બીજી જગોએ અને બીજાં ગામોમાં લઇ જવા પડયા હતા, ત્યાંબી એજ નામથી તે બોલાતું અને લખાતું રહયું. એજ આતશ આજતલક ઉડવાડાના આતશબેહરામમાં સચવાએલો છે.

હરએક જાતના બનતા મોટા બનાવો તથા તેવીજ બીજી ઇઆદગારી રાખવાની મકસદથીજ, અસલી વખતનાં ઇરાંનમાંબી, આતશ કદેહોનાં નામ નીશાનો આપયામાં આવતાં હતાં. જેમ કે, પાદશાહ કેખશરૂએ બંધાવેલાં એક નામીચાં આતશ કદેહનું નાંમ "આઝરે ગુશ અસપ" રાખયામાં આવ્યું હતું, સબબ કે ઇરાંનીઓનાં એક જબરદસ્ત દુશમનનો કીલ્લો અને શેહર જીતતાં, કેખશરૂને બહુજ મોટી જેહમતો ખેંચવી અને જર ખરચવો પડયો હતો; અને તેથી તેનું જીગર બહુ રંજીદા થઇ રહયું હતું. પણ એક રાતની લડાઇમાં તે પોતાનાં ઘોડાપર બેશીને લડતો હતો, તેવામાં તેના એક ઘણાજ નામીચા ઘોડાના કાન તરફથી, એક જાતની રોશની અથવા ચમકાટ જણાયો અને તેથી દુશમનો ઉપર હોમલો લઈ જવાનો એક સેહલ રસતો તેને સુઝયો હતો. તે મુજબ તે પોતાના લશકરનો અને પહેલવાનોનો જોશબંદ હોમલો લઇ ગયો અને ફતેહ મેલવી, મોટી નામદારી હાંસલ કીધી હતી. તેની ખુશાલી અને યાદગારીમાં "અસનવનદ" નામના પાહડપર એક આતશ બેહરામ બરપા કરાવી તેનું નામ "આઝરે ગુશ અસપ" રાખયું હતું, યાને ઘોડાના કાનપરની રોશનીવાલું આતશ બેહરામ. એજ મીસાલે પુશકલ બીજા આતશ બેહરામોનાં નામોબી રાખયામાં આવેલાંની નોધ તવારીખ પુસતકોમાં મલે છે. પાદશાહ હુશંગે તથા તેહમુરસપે તથા નોશીરવાંને અને બીજાઓએ

આતશ બેહરાંમો બંધાવીને, જગાને અથવા કોઇ ખાશ બનાવની યાદગારીને અનુસરતાં નામો આપ્યાં હતાં.

(આતશબેહરામ ગમે તાંહાં અને ગમે તેટલાં બંધાવવાં,)

એજ ઉપરથી સાબેત થાય છે કે, આતશ બેહેરામનાં બંદગી કરવાનાં પવીતર મકાનો ગમે ત્યાં અને ગમે તેટલાં તમો બાંધી યા બંધાવી શકો તેમાં કશીબી અડચણ નથી, પણ ઓર મોટી નામદારી અને મોટો સવાબ છે. હરએક જાતની શુભ મતલબ અથવા મોરાદ પાર પાડવાથી હરએક શખસ ગમે ત્યારે અને ગમે ત્યાં આતશખાના બંધાવી શકે.

(અસલી ગરંથ કરતાઓની લેખીત શાહદત.)

"સતરોબો" નામનો એક નામીચો યુનાંની ગ્રંથકાર ખુદ પોતે ઇરાન દેશની મુશાફરીએ ગયો હતો, તે વખતે "કાપાદોશીઆ" નામનાં એક મોટા રસાલ મુલકમાંથી તે પસાર થયો હતો. એ દેશ "એશીઆ માઇનર" માં આવેલો હતો અને તેની દક્ષીણ તરફ "જીલા" નામનું મોટું શેહેર વસાવામાં આવેલું હતું. એ લતા તરફના અસલી ઇરાની પારસીઓનાં ધરમ સંબંધી લખાણ કરતાં તે ગરંથકાર એમ જણાવી ગયલો સમજાવ્યામાં આવેલું છે કે,—

"એ દેશમાં હાલમાંબી ઘણાએક જરથોસ્તી મોબેદો વશે છે, કે જેઓને આતશ રોશન રાખનાર તરીકે કહે છે. એ જગોએ જુદા જુદા ફરેશતાઓને અરપણ કરેલાં ઘણાએક આતશબેહરામો આવેલાં છે. વલી પારસીઓના તેત્રીશે ફરેશતાઓનાં બાજ અફરગાન વીશેની ક્રીરયા ઘણા લખલુટ ખરચથી કરવામાં આવતી હતી. એબાદતગાહની વચે એક આતશનું પાતરૂં હોય છે, જેમાં ઘણી સરખી રાખ ઉપર આતશને નહી બુજાએ એવી રીતે મોબેદ લોકો સદા રોશન રાખતા રહે છે. એ પવીતર જગામાં તે મોબેદો દરરોજ જાએ છે, અને આતશ આગલ ઉભા રહીને ભણયા કરે છે. તે મોબેદો પોતાને માથે મોટી કુલાહ પેહડે છે. કે જે ગાલ તથા ચેહરો વટીક ઢાંકે છે. "પોનતશ" નામનાં શેહરનાં સઘલા રેહવાસીઓ, પોતાનાં સઘલાં અગતનાં અને મોટાં કામ સારૂ કંઇબી સોગન ખાવા પડતા તો, તેઓ એ આતશબેહરામ આગલ આવી ઉભા રહીને સોગન લેતા હતા. વલી એજ જગો આગલ "આવાં અરદુસર" ની બંદગી કરવા કીજેનુંબી એક મોટું એબાદતખાનું સ્થાપયામાં આવેલું હતું, કે જયાં "અરમાંની" ટોલાના લોકોબી પરેશતેશ કરતા હતા,

અને એ પરાંતના મુલકનો સઘલો કારોબાર યાને રાજ કારોબારબી એ મોબેદ લોકોનાજ હાથમાં હતો, અને એ પારસી લોકોની ત્યાં મોટી વસતી હતી, અને તેઓ પાસે મોટી મોટી રસાલ જાગીરો હતી. વલી માલ ખજાંનાથીબી તેઓ ભરપુર હતા."

પાછલા જમાનાના બીજા ગ્રંથકારોનાં જણાવેઆ મુજબ ૨૪૦૦૦) ચોવીસ હજાર આતશબેહરામોનાં મકાનો ઇરાન સરજમીનમાં હતાં. "પારસ" અને "આઝરવઇજન" નામનાં શેહરો મધે ઘણીજ રોનકદાર બાંધણીનાં અને ગંજાવર કદનાં આતશબેહરામો હતાં, કે જે આતશબેહ-રામનાં દરએક મકાનમાં ૩૦૦૦) થી ૪૦૦૦) હજાર મોબેદો દરરોજ બંદગી અને કીરયા કામો કરવાને મશગુલ રેહતા હતા.

(મુંબઇના અનજુમનના આતશબેહરામની ખુશાલીનુ નેઆતનું જમન અને મી૦ મનસુખ તથા મી૦ શાપુરજી કાતરક વચ્ચે થયેલી ટપાટપી.)

મી૦ મનશુખે પોતાનું ભાશાણ સમાપત કરતાં, તમામ મીજલ-સીઓને એમ કહી સંભલાવયું હતું કે, અનજુમનનાં આતશબેહરામની સથાપણાંની ખુશાલીનાં જશનનું **આખી પારસી અંજુમનનું એક મોટું જમન** "અલાહી બાગ" નાં જાણીતાં મકાનમાં કરવામાં આવનાર છે. તે પવીતર ખાનાંની ચાશની કીજે, સરવે દીનદાર જરથોશતીઓએ તસદી લેવી ઘટારત છે. (જોશદાર તાલીઓના અવાજ.) એ ખાનું ગાહ-મબારોની નેઆતની વખતે જે ખવાડેયામાં આવે છે તેવું નહી થશે, પણ લગણનાં ખાણાની મીસાલ, દાલ–ચાવલ–રોટલી–કેરાં-ખાન–અચાર અને તેવીજ બીજી ચીજનું ખવાડેઆમાં આવનાર છે. (ખુશાલીના આવાજ.)

પણ આખી મીજલસની અજાએબી, અને ખાસ કરીને **મી૦ મનસુખની નાખુશી** વચ્ચે, મી૦ શાપુરજી બેરામજી કાતરકે, અચબુચ એમ કહી સંભલાવવાની હીમત કીધી હતી કે,—"સાહેબો, એ આતશબેહરાં-મનો વહીવટ ચલાવનારી કમીટીમાં હુંબી એક મેમબર છેઉં, અને તે ઉપરથી હું જાણું છું કે, એવું, નીઆતનું ખાણું આપવા જેવું કશું ઠેડવેયામાં આવેલું નથી. વલી મી૦ મનસુખે, એ આતશબેહરામ બંધાતાં

લગભગ તેરથી ચઉદ વરસો થએલાં કહી સંભલાવેઆં છે, તેમબી નથી. પણ માતર ૧૦) દસ વરસોજ થયાં હતાં. પણ એજ વખતે મી૦ મનસુખે લગરીક જોશથી તેમજ ગુસાથી ઉઠી, એમ કહી સંભલાવ્યું હતું કે, મીજલસનાં સાહેબો અને બાનુંઓ, મી૦ શાપુરજી કાતરકનું બોલવું તદન નાપાએદાર છે. આતશબેહરાંમને બાંધતાં તેરથી વધુ વરશોની મુદત ગુજરી છે તેજ વાત ખરી છે. તથા પારસી અંજુમનની નીઆતનું જમનબી થનાર છે, તે વાત ચોકસ છે. (એ સાંભલતાંજ મીજલસમાં હસાહસ અને ખુશાલીના આવાજનો ગગડાટ ફેલાઇ રહેઓ હતો, અને મી૦ મનસુખને તરણ તરણ મરતબે "ચીઅરસ" ના બોકારોથી માન આપયામાં આવયું હતું.)

એ બાદ જશનને દીવશે, મી૦ મનશુખનુંજ બોલેલું ખરૂં પડયું હતું, અને આશરે તેરથી ચઉદ હજાર જરથોશતીઓ, સહવારે આઠ વાગાથી તે બપોરે તરણ વાગા સુધી, "અલાહી બાગ"નાં મુબારક મકાનમાં, **મી૦ મનસુખનાંજ** કહેઆ મુજબનુ ખાણું ખાઇ ગયા હતા. આપણી પંચાયતના એક અકાબર શેઠ હોરમજી એદલજી આલબલેસ તથા સેકરેટરી શેઠ જીવનજીબી, ત્યાં આવ્યા હતા. વલી ઘણાએક ઇનતેજાર દીનદારો તથા અશકત શખશો, એ મોટી ભીરા–ભીરની મીજલસમાં હાજર થઇ નહી શકયા હતા, તેઓ કીજે એ પવીતર અને યાદગારી ભરેલાં જમનનાં ભોણા, તેમજ ચાશની, તેઓને મકાને લઇ જવા દીધામાં આવી હતી. એ માહભારત જમનનું કામ શરઅંજાંમ પોંચાડવાની મેનીજ આપણી વસ્તીનાં પરખયાત બબરચી મી૦ પેસતનજી પાવરીને શોંપવામાં આવી હતી, અને એ કામ કંઇબી હીલા હરકત વગર ફતેહમંદ ઉતારયાથી, એ ગ્રહસ્થનાં ખરચનો મોટો આંકડો ચુકવી આપતી વખતે, એ ગ્રહસ્થને ઇનામબી અપાએલું સંભલાયું છે.



નામદાર સર દીનશા માણેકજી પીતીત બારોનેટ.

અંજુમનનાં આતશબેહરામનાં બાંધકામ તથા તેના મુખય મદદગારો અને બીજી બાબતોને લગતો અગતનો હેવાલ.

નામદાર સર દીનશાજી માણેકજી પીતીત બારોનેટ પાસેથી લીધેલી જગા.

એ આતશબેહરામની ઇમારત ઉભી કરવાનું ફંડ ઉભુ કરવા સારૂ અવલમાં પુશકલ મેહનત પડી હતી, તથા પુશકલ વખત નીકલી ગીઓ હતો. એ બાદ તેને લગતી લાએક જગો ખરીદવા કીજેબી અતી ઘણી ધીલ થઈ હતી અને અતીઘણી અડચણ ખમવી તથા જેહમતો ખેંચવી પડી હતી, સબબકે ભગરસાથના મોબેદો અને બીજા આગેવાંનોની મરજી ચરણી રોડનાજ રસતા ઉપર એ ઇમારત બરપા કરવાની હતી, તે જગા સેહલથી મલી શકી નહી હતી. પણ અંતે સર દીનશાજીની માલેકીની એક કુશાદે અને આતશબેહરામનાં મકાંનને લાએકની જગા જણાઇ તે આશરે રૂ. ૫૫૦૦૦) પંચાવણ હજારની કીમતે લેવામાં આવી હતી અને તે ઉપર ઇમારત બાંધવાનું કામ ફતેહમંદી સાથે આરંભેઆમાં આવીયું હતું. સર દીનશાજીએ આતશબેહરામના ફંડમાં મોટી રકમ ભરી હતી અને પાછલથી પોતાની સખી તબે મુજબની બીજી બખશેશોબી આપી હતી. એવાં કામસર એ શેઠની બખશેશોની હકીકત સરવેને જાણીતી છે. હીંદુસતાન મધેનાં કોઇબી આતશબેહરામ કે આદરાંન, કે અગીઆરીનાં મકાંનો એવાં નહી હશે કે જેમાં એ દીનચુશત શેઠીઆની તરફનાં રૂપાંકાંમનાં અફરગાનીઆં અને બીજી કીમતી ચીજોની બખશેશો અપાઇ નહી હોય. આએ આતશબેહરાંમ સાહેબનાં હવે પછે ચાલુ રાખનારાં નીભાવ ફંડમાં તથા બીજાં કીરીઆ કામો સારૂબી મોટી રકમો આપીછે. વલી દસતુરજી જામાશપજીને રહેવાવશવાની એક જગા અથવા ઘર મુકરર કરી આપવાનાં લીસટમાંબી મોટી રકમ એજ પરોપકારી શેઠીઆએ ભરી આપેલી સંભલાય છે. એવા માનવંતા અને સખી દીલ સરદારની તસવીરથી આએ ચોપડીને સંગારદાર કરવા તથા તેવણની યાદગારી હવે પછેના જમાનાના જરથોશતીઓમાં પાએદાર રાખવાને હમોએ દરૂસત વીચારીયું છે.

એ આતશબેહરામનાં બાંધકામનો પાયો નાખવાની તેરીખ તથા તેના આગેવાંન વહીવટદારો અને કારોબારીઓ વીશે.

"આએ જરથોસ્તી અનજુમનનાં આતશબેહરામ સાહેબનું મકાન મુંબઈ તથા દેશાવરો ખાતેનાં જરથોસ્તી સાહેબોની મદદથી બાંધવામાં આવયું છે. એ મકાનનો પાયો રોજ ૮ મો માહ ૯ મો શેહેનશાહી, માહ ૧૦ મો કદમી સને ૧૨૫૫ યઝદેજરદી તા૦ ૨૩ મી મે સને ૧૮૮૬ ઇસ્વીને દીને નાખવામાં આવયો હતો. એ મકાનમાં જરથોસ્તી ફીરકાના લોકોને માઝદયસની દીનનાં ફરમાન મુજબ બંદગી કરવા સારૂ આતશબેહેરામ સાહેબના નુરી કેબલાને તખતનશીન કીધા છે. એ મકાન ઉપર કુલે ખરચ રૂપીઆ ૨,૧૦,૦૦૦ ને આસરે થયો છે. એ મકાન ઉભું કરવા માટે પેહેલેથી તે છેલલે સુધી થોડાક ભગર સાથ અથોરનાન ટોળાના આગેવાન ગ્રહસ્થોની કમીટીએ માથે લીધું હતું. શેઠ જાલભાઈ અરદેશર શેઠ, સરનશીન; શેઠ પેસ્તનજી રૂસ્તમજી કાંગા, નાયબ સરનશીન; દસ્તુરજી સાહેબ ડાકટર જામાસપજી મીનોચેહેરજી જામાસપઆસાનાં, એમ. એ., પી. એચ. દી., દી. સી. એલ., (ઓક્ષન,) નાયબે સરનશીન; શેઠ સોહરાબજી રૂસ્તમજી બનશાહ, સેકરેટરી; શેઠ દીનશાજી મંનચેરજી પંથકી, તથા શેઠ બેરામજી નસરવાનજી સીરવાઈ, ખજાનચીઓ. મરહુમ શેઠ ખુરશેદજી નસરવાનજી સીરવાઈ શરૂઆતથી તે પોતાનાં મરણ રોજ ૧૦ મો માહા ૫ મો સને ૧૨૬૬ સુધી આએ ફંડના જોડયા સેકરેટરી હતા. એ મકાનના દસ્તુરજી તરીકે દસ્તુરજી સાહેબ ડાકટર જામાસ્પજી મીનોચેહેરજી જામાસ્પઆસાનાં, એમ. એ., પી. એચ. ડી., ડી. સી. એલ; (ઓક્ષન) ને ઠેરવવામાં આવયા છે." અને હમારી તરફનાં માન મોહબતની ઈધાની તરીકે એ દસતુરજીની શબી આએ પુસતક મધે ગોઠવેઆમાં આવેલી જોયામાં આવશે.

એ આતશબેહરામનાં બાંધકામને લગતી તથા બંધાવનારાઓને લગતી ટુક વીગત.

"જરથોશતી અનજુમનનાં નવાં આતશબેહેરામનો નવો મકાન લાંબો ફીટ ૧૦૪) ઊગમણથી તે પશ્ચીમ સુધીનો છે, અને પોહળો ફીટ ૬૧) દખણથી તે ઉતર સુધીનો છે, અને એ મકાન પરસીપોલીતન સ્તાઈલનો (ઇઆને અસલી ઈરાની તખતે જમશેદના મેહેલની ઢપનો) બાંધેલો છે. એ મકાનની ફરતી દેવાલો જાડી ફીટ ૨ા ની છે. તેને બહારની બાજુએ કુરલાના પથરની ખાનકી સાફ ઘડેલી જડેલી છે. એ આખા મકાનમાં બારી અને દરવાજાની ઊંચાઈ ફીટ ૧૪) ને પોહળાઇ ફીટ ૬) ની છે. દરવાજાના ઉમબરો મારબલના છે અને તેની જમીન વેલાતી નળયાં, કાળા પથરની લાદીઓ અને કોબાની કીધેલી છે. એ મકાનનો ભરણી મથાળો (પલીનઠ) રસ્તા ઉપરથી ૫)



શેઠ શાપુરજી સોહરાબજી નાલીએરવાલા.

ફીટ ઊંચી છે. પલીનઠના મથાળાથી માળની ભોંય ૨૨-૧।। ઊંચી છે. મંજલો ઉપરનો ૧૯-૬ ઉંચો છે અને તે ઉપર છાપરૂં કીધેલું છે. એ મકાનમાં કુરલાના પથર, પોરબંદરના પથર, મારબલના પથર, સાગલી લાકડું વીગેરે વાપરેલું છે. એ મકાનને ૯) ભાગમાં વેંહચેલું છે તે નીચે મુજબ છે :—

(બેહશતી શેઠ શાપુરજી સોરાબજી નારીએલવાલાએ બંધાવેલો હાલ.)

બંદગી કરવાનો મોટો હાલ જે લાંબો ફીટ ૫૫ ને પોહોળો ફીટ ૫૫) છે તેમાં બારી દરવાજા નંગ ૧૭) લાંબા ફીટ ૧૪) ને પોહળા ફીટ ૬) ના મુકેલા છે. તેની ઉંચાઈ ફીટ ૨૦।। છે. તેમાં વચમાં સાગલી લાકડાના થાંભા નંગ ૪ તેની ખુરસી કુરલાના પથરની તથા તેના ઘોડાના મોહડાંના શરા ઘરંગધરાના સફેદ પથરના છે. એ થાંભલાની નકશી વીગેરે સરત્રે ઢપ અસલી ઈરાની તખતે જમશેદના મેહેલના થાંભલાના ઘાટના બનાવયા છે. એ હાલની જમીન કોબાની કીધી છે કારણકે એ હાલમાં મોટા ગાલીચા તથા શેત્રંજી બીછાવવાની છે. એના બારી બારણાને બાહરની બાજુએ પોરબંદરના પથરની પતીઆરી તથા તેને માટે કારનીશ અસલી ઈરાની ઢપની કીધેલી છે. બારીઓના ખુણામાં બેસવાને સારૂ બેઠકો બનાવી છે. એ હાલ સખી વજુદ શેઠ શાપુરજી સોરાબજી નારીએલવાળાએ બંધાવયો છે તેની તખતી મારેલી છે."

એ મરહુમ શેઠ શાપુરજી નારીએલવાલાએ ખુદ પોતાની જીંદગીમાં આપેલી મોટી રકમ ઉપરાંત તેવણના મરણબાદ તેવનના લાએકીવાલા વડા દીકરા મી૦ અરદેશરે તથા તેવણના દીનદાર માતાજીએ રૂપાંનું એક મોટું કીમતી અફ્રરગાનીઉં જેમાં એ આતશબેહરામનો પવીતર આતશ સદા રોશન રહે છે તે તથા બીજી ચીજો બખશેશ તરીકે આપી હતી, તેનો જુમલો આસરે રૂ૦ ૨૬૦૦૦) છવીશ હજારનો થાએલો છે. વલી કીરીઆકામને લગતી બાબતો કીજેબી અવારનવાર મોટાં દીલ ભરેઓ ખરચ આપેઆમાં આવેલો સંભલાયો છે.

એ મરહુમ શેઠ શાપુરજી નારીએલવાલા અસલ ઘણીજ ગરીબી હાલતવાલા હતા અને પચીસ તરીસ રૂપીઆની નોકરી કરી પોતાનુ ગુજરાંન ચલાવતા હતા. પણ જાતે ઘણાજ ચંચલ અને ઉદીઓગી તથા પરમાણીક નીશતાવાલા હોવાને લીધે પાછલથી ધંધો રોજગાર કરવામાં મશગુલ થયા હતા અને પોતાનાં રોશન નશીબની ઇઆરી, તથા તે ઇઅજદાંની તરફની બખશેશથી, ગીઆં તરણ ચેઆર વરશની વાતપર જેઆરે પોતાની પાકટ ઉમરે ગુજરયા તેઆરે આસરે રૂ ૧૧,૦૦,૦૦૦) અગીઆર લાખ રૂપીઆની મોટી પુંજી મેલી ગીઆ હતાં, જે તેવણના ભલા બેટાઓ અને બેટીઓ

વચે સલાહસંપજથી વેહેંચાઇ ગઇ હતી. એવા આપ મેહનતથી ઉધરેલા, તથા આપ ઉદીઓગથી વધેલા દીનદાર ગરહસથની તસવીર આએ કેતાબના સફાપર ઇઆદગાર રાખવા કીજે હમોએ ઘટતું વીચારીઉં છે. એ મરહુમ શેઠની ઇઆદગારી જે આતશબેહરામના મકાંનમાં એક તખતીના આકારમાં કોટરી રાખેલીછે તેમાં નીચે મુજબના સખુનો છે—

"આએ બંદગીનો હાલ મરહુમ શેઠ શાપુરજી સોહરાબજી નાળીએરવાળાએ પોતાની યાદગારી રાખવા માટે બંધાવયો છે. એ હાલનું નામ મરહુમ શેઠ શાપુરજી સોહરાબજી નાળીએરવાળા હાલ રાખયું છે. આ આતશબેહેરામ સાહેબનો નુરી કેબલો રાખવા માટે રૂપાનું આફરગાનયું ૧) તથા ચમચ ચીપીઓ, ખુમચા સાથે રૂપીઆ ૮,૫૦૦) ની કીમતનું મરહુમ શેઠ શાપુરજીનાં ઉઠમણામાં એવણનાં વારસોએ મરનારનાં પુનને માટે આપયું છે."

શેઠ કાવસજી દીનસા એડનવાલા, C. I. E., એ બંધાવી આપેલો કીમતી મારબલ પથરનો ગુંમબજ.

એ હાલની અંદર ઇઆને મજકુર શેઠ શાપુરજી નારીએલવાલાના હાલની અંદર એક ગુંબજ અથવા પાક ગોફો બંધાવેલો છે જેને અંગરેજી ભાશામાં (Sanctum Sanctorium) "સાનકટમ સાનકટોરીઅમ" કહે છે, તે તમાંમ કીમતી મારબલ પથરનો છે, અને તેની અંદર અસલી ઇરાંની કાએદા કાનુન મુજબ પવીતર આતશના કેબલાને તખતનશીન કરેઆમાં આવેલા છે, તેના બનાવનાર અને પુર હીમત ભરેલી સઉથી પેહલાં મોટી બખશેશ અને ખરચ આપનાર, તે આપણી વસતીના જાણીતા દીનદાર શેઠ કાવસજી દીનશા એડનવાલા છે. એ ગુંબજની લંબાઇ ફીટ ૨૫ અને પોહળાઇ ફીટ ૨૫ ની છે એ ગુમબજ અંદરથી ફીટ ૨૦×૨૦ નો છે તેની દેવાલ જાડી ફીટ ૨॥ છે. બહારની બાજુએ મારબલ જાડો ઈંચ ૯) છે, અને અંદરથી ઈંટ ચુનાનું બાંધકામ કીધેલું છે, અને જે જે નકશીઓ કારનીશીઓ કોતરેલી છે, તે સરવે અસલી ઇરાની બાંધકામનાં ઢપની છે. એમાં જવાને સારૂ ૧) મોટો દરવાજો લાંબો ફીટ ૧૦) અને પોહોળો ફીટ ૫) નો મુકેલો છે અને હવા ઉજાસને સારૂ બારી નંગ ૮) લાંબી ફીટ ૭॥ ને ફીટ ૪) ની છે. બારીના ઉપલા ભાગમાં નકશીની કાસત આઇરનની ઇયાને લોહડાંની બનાવેલી જાળી છે, અને એ બારીઓમાં પીતળની ગાઢની પાલીસ કીધેલી ગરાડો મુકેલી છે. એનો ઓટો ઉંબર પણ



શેઠ કાવશાજી દીનશા એડનવાલા, C. I. E.

મારબલનો શાલીદ છે, તથા એની જમીન કાળી અને પીળી લાદીના કાતરાની બનાવેલી છે. અંદરથી ઈંટના કામને કલેફાટ કીધેલી છે, તેમાં સરસામન સુખડ વીગેરે મુકવા સારૂ ટાંકુ બનાવયું છે. એના ચાર ખુણામાં મોટા પથરના કારબલો મુકીને તે ઉપર ઘંટો ટાંગયો છે. એ માટે ઈંટનો ૧) ચોરસાઇનો ગુમબજ બાંધેલો છે, તે ગુમબજની વચો વચમાં એક મોટો વેહ મુકા તે ઉપર પોરબંદરના પથરાની છતરી કીધી છે, અને તે મુજબ બીજી નાની છતરી નંગ ૪) બનાવી છે, કે તેમાંથી સરવે ધુમાડો નીકળી જાય, અને તેની ઉપર પાછું એ આખા મકાનનું છાપરૂં આવે છે. અને એ ગુમબજની જગા ઉપર બીજી લાકડાંની ચીમની કરી લીધી છે. એની જમીન બંદગી કરવાના હાલથી ઈંચ ૯) ઉંચી રાખી છે. અને લાદી ઉપરથી ગુમબજ ફીટ ૩૬) ઉંચો છે. એના ચારે ખુણા ઉપર બહારથી કુરલાના સંગીન પથરાના થાંભલા બાંધેલા છે. એના દરવાજાને માથે એ સખી વજુદ શેઠ કાવસજી દીનશાહ એદનવાળાએ, પોતાના મરહુમ ધણીઆણી બાઈ જરબાઇના પુનને સારૂ બંધાવી આપયો છે, તેની તખતી કાળા મારબલ ઉપર સોનેરી હરફે કોતરેલી મુકેલી છે.

એ ગુંબજ પાછલના ખરચના તથા બીજી અગતની બખશેશો ફીરીઆ કામો તથા ભણતનો કીજે આપી હતી તે મલીને આશરે ૨૦૨૫,૦૦૦ પચીસ હજારથી વધુ એ પરોપકારી ગરહસથે આપેઆ હતા. બચગીના વખતથીજ ઉદીઓગ અને હીમત તથા જેહમત ભરેલી જીંદગીમાં પોતાનો ભવ એ શેઠીઆએ ગુજારેઓ છે. અસલથીજ ધણાજ નાંધલા પગારની ચાકરીએ એક પારસી ગરહસથ સાથે એડન ગીઆ હતા, અને તે બાદ પોતાની જાતી હુશીઆરી અને લાએકીથી સવતંતર હાલતના થઇને પોતાનીજ બાજુની કોશેશથી પોતાનુ કામકાજ ચલાવા લાગા હતા. લગભગ પોતાની આખી જીંદગી એડન જેવા એક દુરદરાજ પાહડી જંગલના મુલકમાં અને તોફાંની દરીઆની મુશાફરી કરવામાંજ ગુજારતા રહીને જે ફતેહ તથા જે કીરતી સંપતી એ શેઠીઆએ મેલવી છે, તે ગોયા તવારીખના સફા ઉપર નોધી રાખવા જોગ છે. આજે નામદાર અંગરેજ સરકારની તરફનો તેમજ યુરોપની બીજી મોટી સરકારો તરફનો ભરોશો અને માન મરતબો ભોગવીને, ધણીજ વખાણવા જોગી, બલકે તમામ ભલા અને ઉદીઓગી ગરહસથો કીજે નકલ કરવા જોગી હાલતે પોહચેલા છે, અને એવા સદગુણી ગરહસથની સખી આ કેતાબમાં હમારા વાંચનારાઓની નજર હજુરે ધરવાને હમો એકજાતનું માન સમજેઆ છઇએ.

દસતુર જમશેદજી સોરાબજી કુકાદારૂએ બંધાવેલો હાલ.

બંદગીના હાલની ઉગમણે ૧) પાસીજ પોહળી ફીટ ૯ાા અને લાંબી ફીટ ૫૫) ની બનાવેલી છે તેની જમીન કાળા પથરની લાદીની કીધેલી છે. એ પાસીજ બંદગી કરવા આવનારા સાહેબોના સગવડ સાચવવા સારૂ તથા બીજો પરચુટણુ સામાન મુકવાને સારૂ છે.

એ પાસીજની ઉગમણે ૧ નાનો હાલ બનાવયો છે તે લાંબો ફીટ ૫૫) ને પોહળો ફીટ ૨૦ાા છે. એ હાલમાં સદરો પેહરાવવા, નાના જશનો કરવા અને બીજી નાની મીજલસો ભરવાના કામસર વપરાસ સારૂ રાખયો છે. એની જમીન વેલાતી તાઇલસની કીધી છે અને એના બારી બારણાં મોટા હાલના જેવા કીધેલાં છે. એ હાલ દસ્તુર જમશેદજી સોરાબજી કુકાદારૂએ બંધાવયો છે તેની તખતી મારેલી છે અને એ હાલનું નામ દસતુર "જમશેદજી સોરાબજી કુકાદારૂ હાલ" રાખીયું છે.

શેઠ દાદાભાઇ નસરવાનજી કનતરાકટરે એ આતશબેહરાંમના માલ ઉપરનો બંધાવેલો મોટો હાલ.

એ મકાન ઉપર માળ ૧) બનાવેલો છે તે માળ ઉપર જવાને સારૂ ઉતર બાજુએ ખોલી જમીન ઉપર સાગલી લાકડાંના દાદર ૨ પોહળો ફીટ ૫ાાા નો બનાવયો છે.

માળ ઉપરનો હાલ જે લાંબો ફીટ ૬૫) ને પોહળો ફીટ ૫૫ાા નો છે તેની ઉંચાઇ ફીટ ૧૮) શીલીંગના તળયાં સુધીની છે. એ હાલમાં મોટી બારી બારણાં મળીને નંગ ૨૦) વીસ છે. માળના હાલના જમીન ઉપર મારસેલની લાદી જડી છે, અને હાલમાં અસલી ૪રાની ઢપના ૪) થાંભલા મુકીને તે ઉપર આખા મકાનનું છાપરૂં બનાવયું છે. હાલમાં અંદરથી સાગલી લાકડાંની શીલીંગ કીધેલી છે. છાપરૂં માંગલોરી નળીઆનું બનાવેલું છે. એ હાલની પશ્ચીમે ગુમબજની બેઉ બાજુએ ૨) ઓરડા બાંધેલા છે તે ૨૫-૧૮ ફીટના, તથા ઊંચાઈ હાલના જેટલી છે. તેમાં પણ હવા આવવાને સારૂ હાલના જેટલી સાઇજનાં બારી બારણાં મુકેલાં છે. એ ઓરડાઓનો દખણુ બાજુનો ઓરડો લાઇબ્રેરી સારૂ વપ-



શેઠ દાદાભાઇ નોસરવાનજી કંટરાકટર

રાસમાં લેવાનો છે. હાલની ઉગમણુ તરફ અને નીચલા ઓટલાને માથે એક લોબી યાને મોટો વરનડા કીધેલો છે, તે પણ લાંબો ફીટ ૫૫) ને પોહળો ફીટ ૧૫) નો અને હાલના જેટલો ઊંચો છે અને એ વરનડાની ઉગમણે અને પોરતીકાને માથે અગાસી કીધેલી છે જે લાંબી ફીટ ૩૦) ને પોહળી ફીટ ૧૦) ની છે. એ હાલ સખી વજુદ શેઠ દાદાભાઇ નસરવાનજી કનટરાકટરે પોતાના પુનને સારૂ બંધાવી આપયો છે, તે હાલ મોટા જશનો તથા મીજલસો ભરવાને સારૂ કામમાં લેવામાં આવશે, એ હાલમાં કેટલાક જરથોસ્તી સાહેબો જેઓએ એ કામ ઉપર લક્ષ આપીને પાર ઉતારયું છે તેઓની તથા બીજા મદદગારોની તસ્વીર મુકેલી છે.

આગલી બાજુએ જે કાતરો કીધેલો છે અને કાતરાની બાજુએ હઇયારખી કરીને છાપરૂં ઢાંકી નાંખયું છે તે પણ સરવે અસલી ઇરાની ઢપની બનાવેલી છે. કાતરાની વચોવચમાં પોરબંદરના પથરાનું આખું ફરોહર બનાવીને એસાડયું છે. તે ફરોહરના ડાબા હાથમાં ૧ કડું ધરેલું છે અને જમણો હાથ તે પાક પરવરદેગારની બંદગી તથા શુકરાના કરવામાં ધરેલો છે. આખા મકાનનો આગલો ભાગ સરવે અસલી ઇરાની તખતે જમશેદના ચેહની ઢપનો બનાવેલો છે.

એ નામીચો હાલ બંધાવનાર મી૦ દાદાભાઇ નસરવાનજી કનતરાકટરબી એક ઘણીજ ગરીબી હાલતમાંથી પોતાની તન મનની શકતી કામે લગાડીને, તથા સરકારી અને બીજાં કનટરાકટોનાં કામોમાં વારંમવાર મશગુલ થતા રહીને, પોતાનો નસીબો ખીલવેઓ હતો, અને એ હાલનાં બાંધકામ પાછલ તથા બીજો સંગારી સામાંન અને ફરનીચર પુરૂં પાડવા પાછલ અને બખશેશો આપવા પાછલ, કુલે આસરે રૂ ૨૫,૦૦૦) પચીસ હજારથી વધુ ખરચેઆ છે. એ હાલનુ નામ "શેઠ દાદાભાઇ નશરવાનજી કંટરાકટર હાલ" રાખીઉ છે. ખુદ પોતાનાં તંન મનની જેહમતો અને રંજ શકતીઓ પોતાની જુવાંનીમાં ખેંચીને, જે શખસો પઇસો પેદા કરે છે અને વલી તેવો પઇસો પોતાની પાછલી જીંદગીમાં ઇઆને જષ્ટીના વખતમાં સારાં તથા દીનઆંઇનનાં અને સવાબનાં કારણોસર આપવા અપાવવાને ફાવે છે, તેવા શખસો ખરા ભાએગશાલી ગણાએ છે, અને આ દુનીઆના બીજા ભલા શખસોને સારો બોધ આપવા કીજે અથવા રૂડો દાખલો બતાવવા કીજે એવા ભાએગશાળી ગરહસથોની ઇઆદગારીની નોંધ સાચવી રાખવામાં કેટલીએક પરકારની ખુબી અને સારો ફેજ સમાએલા છે, તેથીજ બીજા સખી ગરહસથોની સબીની મીસાલે મી૦

દાદાભાઇ કનતરાકટરનીબી સખી આ પુસતકમાં દાખલ કરવાને હમોએ વાજબી અને લાએક વીચારીઉં છે, અને આશા રાખીએ છીએ કે એ ગરહસથે એક બીજું સદાવરત સથાપવાનું કામ આરંભીઉ છે, ઇઆને ગરીબ અને નાચાર પણ ખરી લાએકીવાલા અને ખરા હાજતમંદ જરથોસતીઓને તેઓનાં ઘર બેઠાં અંન તથા વસતર દર સાલ તેઓનાં કુટંબની અગત મુજબનું પોહચતું કરવા કરાવવાનુ મોટું સવાબી અને શાબાસી ભરેલું કામ ઉઠાવીઉ છે, અને તે વીશેનો બંદોબસ્ત આપણી પારસી પંચાતના માનવંત અકાબર સાહેબો સાથે કરવાને ઇછેછે, તેમાં તે પરવરદેગાર તેવણુનો રાહબર થાએ અને ફતેહ બખશે.

શેઠ જાલભાઇ અરદેશર શેઠના તે ભગરસાથના મોબેદોની અંજુમનના વડા અકાબર.

બાપદાદેથી જે શેઠીઆઇ દરજ્જો મરહુમ શેઠ માંણેકજી શેઠ ખાનદાન-વાલાના બેટાઓ અને નબીરાઓ ભગરશાથના મોબેદોની અંજુમન ઉપર ધરાવતા આવેઆ છે તેમાંના હાલ હઇઆત શેઠીઆ તે મી૦ જાલભાઇ અરદેસરજી છે. એ શરમાઉ અને એક મારગી ગરહસથે મજકુર આતશ-બેહરાંમ બાંધવા શારૂ સથાપેઆમાં આવેલી કમીટી ઉપર સરનશીન અથવા પરમુખ તરીકેનો ઓધો શરૂઆતથી તે છેક સેવટ સુધી જાલવી રાખેઓ હતો, બલકે આજદીન તલક એજ માનવંતા ઓધા ઉપર ચાલુ છે, અને એ મકાંનનાં બાંધકાંમને દરમીઆંન જે તરેહવાર જાતનાં વીઘણો તથા જેહમતો અને જંજાલીઓ ઉભી થઇ હતી, અને લગભગ ૧૪) વરશો તલક ચાલુ રહી હતી, તેમાંથી તદનજ નીકલી જઇને, જેમ આજના બીજા પઈસાદાર જુવાંનીઆઓ રાહત અને ફરાગત ભોગવવા પાછલ લલચાયા વગર રહે નહી, તેમ કરેઆને બદલે મી૦ જાલભાઇ તે તમામ કીસમની મુશકેલીઓ અને બુરી ઉસકેરણીઓની સામને પુર હીમતથી ઉભા રહીને, પવીતર કેબલાને ફતેહમંદી સાથે તખતનશીન કરેઆ, તે દીવસની અંજુમનની મોટી મીજલસમાં પોતાનાં હમદીનો તરફનું માનપાન અને શેઆબાશ દોશાલા મેલવવાને નસીબવંત થએઆ હતા, તે દીનની મીજલ-સમાં મી૦ મનચેરજી કાવશજી મનસુખની તરફથી, બાંગે બુલંદ આવાજથી, એમ કહી સંભલાવેઆમાં આવીઉ હતું કે—

"આએ અંજુમનનાં આતશબેહરાંમ સાહેબનું મકાંન બાંધવા પાછલ જે અનેક પરકારનાં સંકટો અને નાઉમેદીઓ ઉતપંન થઇ હતી તેની સામને ધીરજ અને સારી સમજના ઉપાએઓ લેવા બાબેની તથા જે જે ફાંવાદાવાઓ અને હીલા હરકતોના વંમલો ઉભાં થએઆં હતા, તે ભએનાંક વંમલનાં તોફાંની મોજાઓમાંથી, એ આતશબેહરાંમની કીશ્તીને, ખરાબી અને ફજેતીના ખરાબા ઉપર ચહડી જતી અટકાવીને, ખરી શોભા તથા સલામતીના કીનારા ઉપર પોહચેલી આજદીને આપણુ સરવે હાલ જોઇએ છઇએ તે બાબેની કીરતી, ઘણેએક દરજજે ભગરસાથની અંજુમનના આએ મારી જમની બાજુપર બેઠેલા વડા શેઠીઆ મી૦ જાલભાઇ અરદેસરજી શેઠ ખાનદાનવાલાને ઘટે છે. (પુશકલ જોશદાર તાલીઓના અને ખુશાલીના આવાજો.) એ ભગરસાથની અંજુમનના અસલી હકદાર સરદાર તરીકે, મજકુર આતશબેહરાંમની ઇમારતનાં બાંધકામ કીજે નેમાએલી કમીટીના સરનશીનબી એજ મી૦ જાલભાઇને ઠેડવેઆમાં આવેલા હતા અને તેમાં એ શેઠીઆએ, ડહાપણુ તેમજ દુરઅંદેશાભરેલી, તથા દીનદારી તેમજ આપ અખતીઆરી અને પ્રમાણીકપણુ ભરેલી ચાલ સેવટ સુધી ચલાવીને, ખરૂં શોભાયમાન પરીણામ નીપજાવીને, એખલા ભગરસાથના મોબેદોનીજ તરફની શાબાશીને નહી, પણ આખા જરથોશતી ટોલાની અંજુમનની તરફની સોભા અને શાબાશી મેલવવા લાએકના ઠેડેઆ છે, તેમાં કશો શક નથી. (ખુશાલીની તાલીઓ.) વાસતે સેવટની મારી તરફની સુચના અને દરખાસત તમો મીજલસના સાહેબોની હજુરમાં એજ છે કે, એ આતશબેહરામને બરપા કરવા પાછલ મેહનત કરનારાઓને તમારી તરફનાં તરેહવાર રીતના માનપાન અને શયાલ ડોશાલા મલી ચુકા છે, તો મી૦ જાલભાઇનેબી આપણી તરફનાં માંન મોહબતની એક ખાસ નીશાંની બતાવવા કીજે, એ શેઠીઆની પોતાની તેમજ એવણુનાં મરહુમ અને માનવંતા મુરબી માણેકજી શેઠની સબીઓની મોટી આરસીઓ આએ દીલકશ હાલમાં તાંગી રાખવી ઘટારત છે. (પુશકલ જોશદાર તાલીઓના આવાજ વચે એ દરખાસત એકામતીથી બાહલ રાખેઆમાં આવી હતી.)

આએજ પરસંગે જણાવવાને મોટી ખુશી ઉપજે છે કે પાછલથી આતશબેહરામને લગતી કારોબાર મંડલીમાં મરહુમ માણેકજી શેઠની તથા શેઠ મેરવાનજી ફ૦ પાંડેની, તથા પેહલા તથા બીજા સર જમશેદજી બારોનેટ સાહેબોની સબીઓબી મારપરના મોટા હાલમાં મુકવાને ઠેરાવ થએઓ હતો-

શેઠ રૂસતમજી ડોસાભાઈ શેઠ ખાનદાન તથા મી૦ મનસુખને લગતા સખુનો.

એ શેઠ રૂસતમજી બી અસલી શેઠ ખાનદાનનાજ એક નબીરા છે, અને ઉપર જણાવેલા શેઠ જાલભાઇ અરદેસરના અતલગના ખેશી થાએ છે. એ મી૦ રૂસતમજીએ આ દુનીઆના બીજા ધંધા રોજગારમાં મશ-ગુલ રહેઆ છતાં, પોતાના દીનદારી ભરેલાં દીલની લાગણી પોતાના હમદીનભાઇઓની બહેતરી ઇછવા પાછલ ચાલુ રાખેલી જણાઇ છે, અને ભગર સાથનાં મોબેદોની અંજુમનને લગતાં કામકાજમાં સામેલ રહેવાને, તેમજ પોતાથી બનતી મદદ અગતને સર તેઓને આપતા રહેવાને પોતાની ખરી ફરજ સમજતા રહેઆ છે એવું જણાવવાને હમોને મોટી ખુશી ઉપજે છે. શરૂઆતમાંજ આતશબેહરામના કામમાં રૂ ૫,૧૦૦) ની મદદ એ મી૦ રૂસતમજીએ આપી હતી.

ગીઆં આસરે ૭૦) સીટેર વરશોની વાત પર કેટલાએક ગરીબ પણ મહેનતુ અને પહરેજગાર મોબેદોએ, નૌશારીથી મુંબઇમાં આવીને પોતાનો દીનદારી ભરેલો પેશો ચાલુ કીધો હતો, અને આસરે એજ વખત ઉપર મરહુમ શેઠ હોરમજી વાહડીઆનાં આતશબેહરાંમ સાહેબનુ પવીતર મકાંન બંધાઇઉ હતું. તે કેબલાના બોએ દેનાર ધરમગુરૂઓ તરીકેના કામમાં ઘણાએક વરશો તલક, રાતદીન જેહમતો ખેંચી હતી. એવી જેહમતની કમાઇના પઇસા તે ભલા મોબેદોએ મરહુમ મી૦ હોરમજી તેમજ મી૦ હીરજીભાઇ શેઠ ખાનદાંનવાલાઓને તાંહાં જમે કરાવેઆ અથવા અનાંમત રાખેઆ હતા, અને તે બાપડાઓ મરણ પાંમેઆ હતા. એ અનાંમત રાખેલા રૂપીઆની અસલ રકમ આસરે રૂ૦ ૭,૫૦૦) સાત હજાર ને પાંચસોની હતી. પણ એ રકમનું કોઇ લેનાર કે દેનાર રહીઉ નહી હતું; તેથી લગભગ ૪૦) ચેઆલીસથી વધુ વરશો તલક મજકુર શેઠ ખાનદાંનવાલા ગરહસથોનાંજ અસતકમાં તે પડી રહી હતી. મી૦ હોરમજી શેઠ ખાનદાન તો ગુજરી ગીઆ હતા અને તેથી તે રકમ તેવણના પુતર મી૦ હીરજીભાઇના હાથમાં આવી હતી. એ બીનાનુ બેઆંન ઘણુજ લંબાણ છે, અને તે જો લખવા ચાહીએ તો આએ આખી ચોપડી ભરાએ. તેથી ટુકમાંજ જણાવીએ છઇએ કે મજકુર રૂપીઆની રકમ વેઆજનાં વેઆજ સીકે વધીને લગભગ રૂ૦ ૬૦,૦૦૦) શાહઠ હજારની થઇ ગઇ હતી. એ રીશેની હકીકત મી૦ મનચેરજી મનસુખના જાણેઆમાં આવતાંજ મી૦ મનસુખે "સત્ય મીત્ર" નામનાં પોતાનાં પરખેઆત પતરમાં મી૦ હીરજી-



શેઠ રૂશતમજી ડોશાભાઈ શેઠ ખાનદાનનાં.

ભાઇ શેઠની સામને લડાઇનો લાલ વાવટો ઉઠાવેઓ અને એ મોટી રકમ તેવણના હાથમાંથી છોડવીને, પેલા મરનાર બેઓએ દેનાર મોબેદોનાં નાચાર-બેચાર વારશો અને સગાંવાહલાંઓને વેંહચી આપવાની તકરાર ઉપર તકરાર અને બાઠો ઉપર બાઠો ઉઠાવા માંડી હતી. લગભગ પાંચ થી છ વરશો તલક એ મુજબની પુક પકડી રાખી હતી, તેમાં ખસુસ કરીને મુકતાદના ટાકણાં સર જેમ કડવા તેમજ રમુજી ટીકા કરીને મરનાર હીરજીભાઇ શેઠને બહુ મોટો ગભરાટ અને કચવાટ ઉપજે તેવું કરતા રહેઆ હતા. મુકતાદને ટાંકણે બેસતી હીરજીભાઇને ગભરાવવા મી૦ મનસુખ એવું લખતા કે–એ અશો રવાંનોની ફોજ પેલી જેહાંનથી અતરે આવવાને કુચ કરી ચુકી છે તેમાં પેલા બેઓએ દેનાર પહરેજગાર મોબેદોનાં રવાંનો મી૦ હીરજીભાઇનાં મકાંન તરફ પોતાનાં પઇસાનો દાવો કરતા અને ફરી-આદ ઉઠાવતાં રડે છે અને પોકારે છે! એવુંજ કંઇ બીજું બીજું રમુજી લખીને લોકોની લાગણી ઉસકેરતા અને ઇઆદદાસ્ત તાજી કરતા હતા. મી૦ હીરજીભાઇ શેઠ જેવા પરમાણીક ગરહસથ એ રૂપીઆ આપી દેવા તઇઆર થએઆ હતા. એ બેહશતી હીરજીભાઇની નીઅત પાક અને દેઆનત ચોખી જણાઈ હતી, તેમાં શક નહી હતો, પણ તે કેમ આપવા અને કોણને આપવા એ અંગરેજી ધારા મુજબની એક મોટી નડટલ અથવા મુશકેલી વચે પડેલી હતી. તેથી અંતે હાઇ કોરટમાં ચુકાડા કીજે જવું પડીઉ હતું, જાંહાં એ રૂપીઆ મોબેદોને આપવાનો વાજબી ઇનસાફ મલેઓ હતો. પણ નહી કોઇ બેઓએ દેનાર જીવતો હતો કે નહી કોઇ તેમના વારેશો હતા, તેથી હીંદુઓની પેલી કેહવત મુજબ "ઓધવજીકા લેહણાં નહી, અને માધવજીકા દેણા નહી" તેવો કારોબાર થઇ પડેઓ હતો. અને નામદાર વડા જડજ સર ચારલસ સારજંટે સેવટે એક તોર કાહડીને એ મોબેદોના રૂપીઆ ઉપર બે ટરસટીઓ નેમેઆ હતા, તેમાં એક મરહુમ મેહરવાનજી માણેકજી શેઠના હતા અને બીજા આ બાબતને મથાલે જણાવેલા નામવાલા મી૦ રૂસતમજી ડોસાભાઇ શેઠના હતા અને એ મી૦ રૂસતમજીના હાથમા આજદીન તલક રૂ૦ ૩૬,૦૦૦) છતરીસ હજારને આસરે અનાંમત બાકી બંચી રહેલા છે, જે વેઆજે વધેઆ જાય છે. એ કજીઆનો કોરટના વકીલ બારેસટરોનો ખરચ રૂ૦ ૨૦,૦૦૦) વીશ હજાર થાએલો હતો તે સઘળો અસલ ફંડ મધેથી આપેઆમાં આવીઓ હતો.

એ આપણા મી૦ મનસુખની કલમની લડતની અસરથી ઉભો થાએલો અને હાઇ કોરટથી ઇસવા સને ૧૮૮૧ ના સાલમાં ચુકેલા કજીઆના અસલ

કેસનો નંબર ૯૦ નો છે. અને મજકુર મી૦ રૂસતમજી ડોસાભાઇ શેઠ ખાનદાંનને તા૦ ૧૦ મી અકટોબર ૧૮૮૫ ને દીને હાઇ કોરટના નામદાર જડજોએ એક ખાસ તરસટી તરીકે નેમેઆ હતા અને એજ ઓધાપર આજદીન તલક એ લાએકીવાલા ગરહસથ કાએમ રહેલા છે, એવું જણાવવાને હમોને મોટી ખુશી ઉપજે છે. હવે હમારૂં ચાહવું એજ છે કે શેઠ રૂશતમજી જેવા બાહોશ ગરહસથ એ ફંડનો કંઇ ચોકસ અને મનપસંદ બંદોબસત પોતાની હઇઆતીમાં કરે, કરાવે, તથા વલી પેલા બીજા આસરે રૂ૦ ૨,૫૦,૦૦૦) હડી લાખ એજ બોએ દેનાર ભગરીઆ મોબેદોના વખતના હોરમજી વાહડીઆના આતશબેહરામના કારોબારીઓના હાથમાં છે, તે વીશેબી ઘટતી જોશતેજ્ઞુ અને જીકરી પાછી ઉઠાવે તો, તેમાં ફાવી શકાએ તેવા મુદા હાલ મલેલા સંભલાએ છે. એ મી૦ રૂસતમજી જેવા ભગરસાથના મોબેદોના માંનીતા નરની તસવીર આ પુસતકના સફા ઉપર હમારા વાંચનારાઓની નજર હજુર ધરવાને ખુશી ઉપજે છે.

શેઠ પેશતનજી રૂસતમજી કાંગાનાં ધણીઆંણીની નઇઅતે બંધાએલી ચાલ.

ઉપલા નામવાલા બુજરગ તથા ખરી લાએકી અને નમંતાઇવાલા અથોરનાન સાહેબે, પોતાની ગુંજાસ મુજબની મોટી રકમ એ આતશબેહરાંમનાં કામ કીજે પરથમમાંજ આપી હતી, તથા તે પછે તેવણનાં બેટા અને બેટીઓને નામેબી રકમો અપાઇ હતી. પણ એ ભલા અને દીનચુસત નરની સઉથી મોટી સવાબવંતી અને ઇઆદગારી ભરેલી સખાવત તો તેજ ગણાય કે, એ આતશબેહરામના કામની શરૂઆતથી તે છેક સેવટ સુધી, ઇઆને લગભગ ૧૫) પંદર વરશોની લાંબી મુદત તલક ખરાં તન મનથી અઠાગ મેહનત કરતા રહેઆ હતા, અને પોતાનાં ખેશીઓ તથા ઓલખાંણ પીછાંનવાલાંઓ અસતકથી અવારનવાર એ આતશબેહરાંમનાં કામ કીજે મદદ મેલવી આપતા રહેઆ હતા. વલી એ આતશબેહરાંમનાં બાંધકામના સઉથી બુરા તથા મોટી તંગીના અથવા મુશકેલ વખતમાંબી, તે પાછલ ખરે પગે ઉભા રહીને, ખુદ પોતાનીજ તરફની દેખરેખ ચાલુ રાખી હતી અને કોઇનીબી પરવા કીધી નહી હતી. એટલુંજ નહી પણ એ મુદતમાં પોતાના ઘણાજ કીબેલ તથા કમાઉ અને લાએકીવા-



શેઠ પેસ્તનજી રૂસતમજી કાંગા.

ત્રા નોજુવાંન બેટાઓના મોટા અફસોસ ભરેલાં મરણો નીપજેઆં હતાં, તે એક જાતની ખરેખરી તારીફ લાએક પેહલવાંની હીમતથી અથવા ખરેખરાં પોલાદી હઇડાંથી બરદાશત કરીને, તથા નહી વરણાઇ શકાએ એવી ધીરજ અને સબર રાખીને, પોતાની સુધી બુધી તેમજ તંદરોસતી સાચવી રાખીને, એ આતશબેહરાંમનાં પવીતર કામકાજ પાછલજ લાગુ રહેઆ હતા! એ અને એવીજ રીતની બીજી એ બુજરગ અને માનવંતા નરની ખુબીઓ ઇઆદ કરીને અંજુમનની તરફની શેઆલની અને બીજી ચીજોની ભેટ જાહેર મીજલસમાં તેવણુને આપેઆમાં આવી હતી, તથા તેવણુની એક તસવીર એ આતશબેહરાંમના હાલમાં મુકેઆમાં આવી હતી, અને હાલ હમારી તરફનાં માનની ઇધાંની તરીકે એક તસબીર આ પુસતકમાં દાખલ કીધેલી જણાશે. શેઠ પેશતનજી કાંગાનાં ધણીઆણી ગુજરેઆં હતાં તેવણુની ઇઆદગારી કીજે એ આતશબેહરાંમમાં ઓટલાપરનું એક બાંધકાંમ કરેઆમાં આવીઉ છે, તે વીશે આ નીચે મુજબની એક તખતીનો લેખ છે—

"આએ બાહેરની બેઠક બેહેશતનશીન બાઈ બેહેમનબાઈ તે મરહુમ દખણુના વડા દસ્તુરજી સાહેબ જામાસપજી એદલજી જામાસપઆસાનાની બેટી તથા શેઠ પેસ્તનજી રૂસતમજી કાંગાનાં ધણીઆણીના પુનને સારૂ મરનારની પુજીમાંથી બંધાવી છે."

શેઠ બેહરામજી નસરવાનજી સીરવઇ.

ઉપલાં નામવાળા ગરહસથબી મજકુર આતશબેહરામને બરપા કરવાના શરૂઆતના વખતથી તે એ મકાંન સમપુરણ થઇને પવીતર કેબલાને તખતનશીન કરેઆમાં આવેઆ તે દીન તલક ચુસતપણેથી સામેલ રહેઆ હતા. શરૂઆતમાં રૂ૦ ૩,૦૦૦) તરણ હજારથી વધુની મદદ કીધી હતી, તથા તે બાદ જે હજારો રૂપીઆ બીજા દીનદાર ગરહસથોએ, એ નેક કામ સારૂ ભરેઆ હતા તે વસુલ કરી—કરાવીને પોતાના અસતકમાં રાખવા-રખાવવાનુ એક ખજાનચી તરીકેનુ કામબી ચોકસાઇથી અને ભરોસાથી બજાવતા રહેઆ હતા. કેટલીએક રીતના અંચીતા અથવા કુદરતી બનાવને લીધે એ આતશબેહરામની અસલ મેનેજીંગ કમીટીના ઘણાએક ગરહસથો ભય ખાઇને, અથવા કોઇ બીજા સબબુ અથવા સંબબોને

લીધે અતરંગ થઇ અથવા દુર જઇ બેઠા હતા, તેમ એ ગરહસથે કરીઉ નહી હતું. પણ હીમતથી અને મકમપણેથી પોતાની કમીટીનાં અસલ સથાપેલાં પુનવંતાં કામને આજદીન તલક વલગી રહેઆ હતા. એ આતશબેહેરાંમ સાહેબને લગતુ કામકાજ ચલાવનારી કમીટીમાં સામેલ રહેલા ગરહસથોનાં નામ નીશાનોની જે તખતી આતશબેહરાંમની દીવાલ ઉપર કોટરેઆમાં આવી છે તેમાં મી૰ બેહરાંમજી શીરવાઇનું નામબી જોયામાં આવે છે, અને હમારા વાંચનારાઓને એ ગરહસથની ખરી સબી બી આ પુસતકમાં જોએઆમાં આવશે.

શેઠ મનચેરજી બમનજી પંથકી વીશે.

એક ખરા ચુસત અને મોટા દીલના અસલ ભગરાઈ ખવાસ અને જોશ ધરાવનાર ઉપલા બુજરગ અને જાણીતા ગરહસથે, અવલથી તે આખેર તલક છુપી રીતનો તેમજ જાહેર રીતનો આસરો મજકુર આતશબેહરાંમના કામને આપતા રહેઆ હતા અને એ આતશબેહરાંમના કામની મંડાંણને વખતે પુર ઉલટથી રૂ૰ ૧૨,૦૦૦) બાર હજાર આપેઆ હતા. એટલુંજ નહી પણ પોતાના લાએકીવાલા વડા દીકરા મી૰ દીનશાજી પંથકીને, એ આતશબેહરાંમના ફંડના લેવડ દેવડના કાંમમાં મી૰ બેહરામજી નસરવાંનજી શીરવઇ સાથે જોડીઆ ખજાંનચી તરીકે રાખેઆ હતા. મી૰ દીનશાજીબી વગર કંટારવે અથવા વગર હારી ખાવે એ ખાતાંના કારોબારમાં આજ દીન તલક સામેલ રહેલા છે, અને તેની ઈઆદદાસત એ આતશબેહરાંમની દીવાલ પર કોટરાએલી તખતીમાં દીઠામાં આવે છે.

શાહનશાહી જરથોશતી અંજુમનનાં નવાં આતશબેહરામને બરપા કરવાનાં કામમાં જે જે આસામીઓએ મુખ્ય બખશેશો કીધી હતી તેઓના નામ નીશાનોની ઈઆદી.

મુંબઇના તથા બાહેરગામોના હજારો જરથોસ્તીઓએ એનાં ફંડમાં નાણું ભરેલું છે. રૂ ૫૦૦) ની ઉપરની રકમો ભરેલા ગ્રહસ્થોનાં નામો નીચે પ્રમાણે છે:—



શેઠ બેહરામજી નોશરવાનજી સીરવઈ.

ગ્રહસ્થોનાં નામો.	રૂપયા.
શાપુરજી સોરાબજી નાળીયેરવાળા	૧૫૦૦૦
શાપુરજી સોરાબજી નાળીયેરવાળાના વારસોએ	૮૫૦૦
બાઈ વીરબાઈજી તે શાપુરજી નાળીયેરવાળાનાં ધણીયાંણી	૧૦૦૦
શાપુરજી સોરાબજી નાળીયેરવાળા અને છોકરાંઓ	૬૨૬
કાવસજી દીનશાહજી એડનવાળા, સી. આઈ. ઈ.	૨૩૦૦૦
કાવસજી દીનશાહજી એડનવાળા, સી. આઈ. ઇ. તથા ભાઈઓ ...	૭૫૧
દાદાભાઈ નસરવાનજી કંત્રાકટર	૨૦૩૦૧
નસરવાનજી રતનજી તાતા તથા છોકરીઓ તથા વહુ	૧૨૦૦૦
મનચેરજી બમનજી પંથકી	૧૦૦૦૦
દીનશાહજી મનચેરજી પંથકી	૧૦૦૦
માણેકજી હોરમસજી પરવેઝ	૧૦૦૦૭
નવરોજજી માણેકજી પરવેઝ	૧૧૧૧
દસ્તુરજી જમશેદજી સોરાબજી કુકાદારૂ	૯૦૦૦
સર દીનશાહજી માણેકજી પીટીટ, બારોનેટ	૭૫૦૦
રૂસ્તમજી ડોસાભાઈ શેઠના	૫૧૦૦
હોરમસજી નવરોજજી કુપર	૫૦૦૦
પેસ્તનજી રૂસ્તમજી કાંગા	૩૩૦૨
બાઈ બેહેમનબાઈ તે પેસ્તનજી રૂસ્તમજી કાંગાનાં ધણીયાંણી ...	૬૨૬
દીનશાહ પેસ્તનજી કાંગા	૫૦૧
બાઈ ખરશેદબાઈ તે આદરજી હોરમસજીની દીકરી અને માણેકજી પાલનજી કરંજીયાની વીધવા	૨૯૦૧
એદલજી આદરજી હોમજી	૫૦૧
કાવસજી સોરાબજી ભેદવાર	૩૧૦૦
નસરવાનજી માણકજી પીટીટ	૩૦૦૧
બેહેરામજી નશરવાનજી સીરવાઈ	૩૦૦૦
માણેકજી લીમજીભાઈ હાતરીયા...	૩૦૦૦
સોરાબજી બેહેરામજી ભાભા	૩૦૦૦
સોરાબજી કાવસજી તાતા	૨૦૦૦
બાઈ વીરબાઈજી તે સોરાબજી કાવસજી તાતાના ધણીયાણી... ...	૫૦૦
બાઈ કુંવરબાઈ તે એદલજી ફરામજી ઢોંડીનાં વીધવા	૨૦૦૦
હોરમસજી ખરશેદજી દુબાશ	૧૫૦૦
કાવસજી ખરશેદજી દુબાશ	૫૦૦
જહાંગીરજી નસરવાનજી મોદી	૧૫૦૦
ઉકરજી કાવસજી ઉમરીગર	૧૫૦૦
બાઈ રતનબાઈ તે હોરમસજી બરજોરજી કપટાનનાં વીધવા	૧૧૦૧
ખરશેદજી નસરવાનજી સીરવાઈ	૧૦૦૧

જાલભાઈ અરદેશર શેઠ ...	૧૦૦૦
માણેકજી ખરશેદજી કેરાંવાળા ...	૧૦૦૦
બાઈ બચુબાઈ તે પેસ્તનજી રતનજી રાગીનાં ધણીઆંણી ...	૧૦૦૦
બાઈ ડોશીબાઈ તે ખરશેદજી ફરામજી ખોરીનાં વીધવા ...	૧૭૦૦
પેસ્તનજી જહાંગીરજી તારાચંદ ...	૧૦૦૦
બાઈ હીરાંબાઈ પેસ્તનજી શેઠના, બાઈ હીરાંબાઈ માણેકજી શેઠના અને બાઈ ધનબાઈજી માણેકજી શેઠના ...	૧૦૦૦
બાઈ પીરોજબાઈ તે માણેકજી હોરમજી કેમીસરીવાળાનાં વીધવા ...	૧૦૦૦
બાઈ જરબાઈ તે મનચેરજી દોરાબજી ઈજનેરનાં વીધવા ...	૧૦૦૦
એક જરથોસ્તી બાઈ હસ્તક પેસ્તનજી રૂસ્તમજી કાંગા ...	૧૦૦૦
અરદેશર પેસ્તનજી શેઠના તથા ફરામજી પેસ્તનજી મેહેતા ...	૧૦૦૦
પેસ્તનજી કાવસજી વકીલ ...	૭૫૧
સોરાબજી રૂસ્તમજી બનશાહ ...	૬૫૦
મેરવાનજી એદલજી માદન ...	૬૧૦
ધનજીભાઈ બેહેરામજી મેહેતાનું કુટુંબ ...	૫૫૪
જીવણજી એદલજી ભોમીસાનુ કુટુંબ ...	૫૦૪
ડાકટર ડોસાભાઈ બેજનજી ...	૫૦૧
ડાકટર રૂસ્તમજી નસરવાનજી ખોરી ...	૫૦૧
બેજનજી રતનજી નરીમાન ...	૫૦૧
બેજનજી નવરોજજી બામજી ...	૫૦૧
નશરવાનજી માણેકજી મુલ્લાં ...	૫૦૧
દાદાભાઈ કાવસજી મસાની ...	૫૦૧
ફરામજી બરજોરજી કપટાન ...	૫૦૧
બમનજી ખરશેદજી પાવરી અથવા જંડેલ...	૫૦૧
રૂસ્તમજી ફરામજી વહાડયા ...	૫૦૧
દીનશાહ દોરાબજી કોલાબેવાળા એડનવાળા ...	૫૦૧
કેકોબાદજી કાવસજી પંથકી ...	૫૦૦
કાવસજી પેસ્તનજી વકીલ હા૦ મનચેરજી દોરાબજી વકીલ ...	૫૦૦
ખરશેદજી માણેકજી શેઠના ...	૫૦૦
પાલણજી નવરોજજી પાવરી ...	૫૦૦
એક ગરીબ મોબેદ માએ દીકરાં...	૫૦૦
બાઈ જીવણબાઈ તે પેસ્તનજી ફરામજી પાવરીનાં વીધવા અને નશરવાનજી પેસ્તનજી પાવરી ...	૫૦૦
રૂસ્તમજી સોરાબજી ઉંનવાળા ...	૫૦૦
એદલજી ફરામજી આલબલેસના છોકરાઓ ...	૫૦૦
રૂસ્તમજી સોરાબજી ખાસનાં ધણીયાણી અને છોકરાઓ ...	૫૦૦
શાપુરજી શેહેરીયારજી માદન અને કુટુંબ ...	૫૦૦



શેઠ મનચેરજી બમનજી પંથકી.

ચીનથી.	ડાલર.
એદલજી નવરોજજી મેહેતા	૧૦૦૦
દોરાબજી નવરોજજી મીઠાઈવાળા	૫૦૧
હોરમસજી નવરોજજી મોદી હા૦ ર. દા. તાતા	૩૦૦
દાદાભાઈ કાવસજી તાતા હા૦ ર. દા. તાતા	૨૫૧
કલકતાથી.	રૂપયા.
ફરામજી મનચેરજી તથા માતાજી બાઈ રતનબાઈ	૮૦૨
એક જરથોસ્તી	૫૦૧
નીમચથી.	
કાવસજી જીવણજી મેવાવાળા તથા નીમચવાળાનું કુટુંબ	૮૨૫

ઇરાંનનાં તથા હીંદુસ્તાનનાં આતશબેહરામો વીશે, તથા ઇરાની પાદશાહોની આતશબેહરામમાં બંદગી તથા સખાવત કરવાની રીતી અને બીજી બાબતોને લગતું શાહનામા મધેના ફારસી બેતોના વાંચણ સાથેનુ મી૦ મનસુખનું ભાશાણ.

બેહરામ રોજ અને તા૦ ૩ જી ડીસેમબર ૧૮૯૭ની સાંજનાં, જરથોશતી શાહનશાહી અંજુમનનાં નવાં આતશબેહરાંમનાં મોટા હાલ મધે, પારસી બાનુઓ તથા ગ્રહસથોની એક મોટી ગંજાવર મીજલસની સનમુખ, ઉપર જણાવેલી બાબતને લગતું, બેહશતી શાએર ફીરદોસીનાં શાહનામા મધેના ફારસી ઘણાજ દીલપજીર બેતોનાં વાંચણ સાથેનું ભાશાણ મી૦ મનચેરજી મનસુખે કહી સંભલાવ્યું હતું. એ વખતે એ આતશ-બેહરામનો મોટો કુશાદે હાલ તથા તેની સામેની ચાલ મીજલશીઓથી ચીકાર ભરાઇ ગઇ હતી, અને એ હાલમાં, તેમજ આખાં આતશબેહરાંમનાં મકાનમાં, જુમરો તથા વાલશેદો અને હાંદીઓની ચેરાગોની રોશની અછી રીતેથી ખીલી રહી હતી. મી૦ મનચેરજી મનસુખ બરાબર કલાક પાંચને અમલે હાલમાં દાખલ થતાંજ, મીજલશીઓએ ખુશાલીનાં મોટા આવાજથી આવકાર દીધો હતો અને જાહેર ખબરોમાં અસલ જણાવ્યા મુજબ, એજ વખતે મી૦ મનશુખ પોતાનું ભાશાણ ચાલુ કરવાને તઇયાર હતા, પણ દશતુરજી સાહેબ જામાસપજી મીનોચેહરજીને ત્યાં આવતાં લગારીક ધીલ થઇ હતી, તેથી મી૦ મનશુખ કેટલોએકવાર શુધી થોભ્યા હતા.

પણ ઇંતેજાર મીજલશીઓએ ભાશણ શરૂ કરવા સારૂ સરેસતા મુજબની થોકથાકનાં અવાજો કાહડી ઉતાવલ કરતા હતા, તોબી મી૦ મનશુખે સમજાવી તેઓને ધીરજ આપી હતી. દસતુરજી આસરે કલાક પા ને અમલે મીજલશીઓની ખુશાલીના આવાજ વચે આવી બેસતાંજ; તથા પ્રમુખની ખુરશીએ બીરાજતાંજ, ભાશણ શરૂ કરવાની એલતેમાસ મી૦ મનસુખને કીધી હતી.

તાલીઓના અને મુબારકબાદીની ખુશાલીના આવાજો વચે, આ નવા આતશબેહરામનાં પવીતર દેવાનખાનામાં, સઉથી પેહલ્લું ભાશાણ કરવા મી૦ મનસુખ પોતાની ટેબલ આગલ ઉભા થયા હતા.

આ જગોએ જણાવવાને ઘટતુ વીચારીએ છીએ કે જેમ એ નવા આતશબેહરામમાં સઉથી પેહલાં ભાશાણની શરૂઆત કરવાનું સઉથી પેહલું માન મીજલસીઓની ખુશાલી વચે મી૦ મનચેરજી મનશુખને મલીયું હતું, તેમજ એ આતશબેહરામમાં પાક કેબલાને તખતનશીન કરવાનાં પાક જશનને દીવશેબી માલ ઉપરના મોટા હાલમાં મલેલી ગંજાવર મીજલસમાંબી ખુશાલી તથા હુરરે અને હરસનાદના આવાજોનું સઉથી પેહલું માંન મી૦ મનશુખજ મેલવવાને ભાએગવાંન થએઆ હતા. અને એવા માંનભરેઆ આવકારને દરમીઆંન મી૦ મનશુખ તે જગાના દસતુરો અને મોબેદોની ભોંએ ઉપર બેઠેલી મીજલસમાંજ પલાંથી વારીને નીચેજ બેસી ગીઆ હતા તેથી મીજલસીઓમાં ભારી હસાહસ થઇ રહી હતી.

મી૦ મનસુખે પોતાનું ભાશાણ શરૂ કરતાં એમ કહી સંભલાવીઉં હતું કે:—

મીજલશના સરનશીન શાહેબ, તથા બાંનુઓ અને ગ્રહસથો, આએ પવીતર મકાંનમાં આજની આ સભામાં, આવી મોટી સંખ્યામાં હાજર થવાની તમોએ તસદી લીધી છે, તે માટે હું તમારો મોટો ઉપકાર માનું છું. અને એવું ઇચ્છું છું કે, તે ખોદાતાલા હવે પછીબી, એવીજ મીજલસો આએ મુબારક મકાંનમાં વારંવાર મેલવવાની અને તમોને તથા તમારાં ફ્રરજંદાંન ફ્રરજંદોને હશીખુશી અને તંદરોસતી સાથે રાખવાની બક્ષેશ અને મહેરબાંની કરતો રહે. હું આશા રાખું છું કે, જેવી ધીરેજથી તથા શાંતપણેથી અને હસીખુશીથી, તમો શાહેબો મારાં આગ્લાં ભાશાણો સાંભલવાનું માંન આપતા આવ્યા છો, તેમજ અતરેબી આ આજના સખુનો સાંભલવાની મહેરબાંની કરજોજી.

(ખુરશીઓની ખુંટ વીશે ફરીઆદ.)

આંજ દીને લગરીક અગવડ ભરેલી રીતે બેસવાની તથા ઉભા રહે-વાની તસદી તમોને લેતાં જોઇને દલગીરી ઉપજે છે, પણ એ પાક મકાંનનો કારોબાર હજી નવો અથવા શરૂઆતનો છે, વાસતે વખત જતે કેટલીએક અગતની ચીજોની, તેમાં હાલનાં જેવી મોટી મીજલસોમાં બેસવા લાએકની ખુરશીઓની મોટી ખુંટ છે, તે ખુંટબી તે પરવરદેગારનું ચાહવું છે તો હવે પછે થોડા દીવશોમાં મટી જશે એવી ઉમેદ છે. સબબ કે જે સખી ગ્રહસથે આએ રાજવંશી દેખાવ અને દમામવાલો હાલ સથાપવા અને લગભગ સધલી ચીજોથી સણગારવા માટે સખી દીલગુરદો અને ધરમી લાગણી બતાવી છે, તેજ શેઠજી ખુરશીની ખરી અગતબી, આએજ સમે સમજી લઇને, આપણી અગવડ ટાલવાની મહેરબાની કરવાને ધટતુ વીચાર્યા વગર રહેશે નહી, એવી મારી ખાતરી છે.

જેમ આ હાલ અથવા દીવાનખાનાની સથાપના શેઠ દાદાભાઇ નસ-રવાનજી કંતરાકટરથી થઇ છે, તેમજ આ પવીતર આતશગાહની આસ-પાસની જગાના દીલકશ હાલની સથાપના, મારા મીત્ર શેઠ અરદેશરજી નારીએલવાલાનાં બેહશતી બાવા શેઠ શાપુરજી સોરાબજી નારીએરવાલાની બક્ષેશથી થયલી છે, અને તે જગાએબી, એવીજ ચીજની અગત હોય તે પુરી પાડી આપવાને, એ ઉદાર દીલનો અને દીનદાર જુવાંન ગ્રહસથ ધટતું વીચારશે એમ હું માનું છું. (તાલીઓ.)

શેઠ દાદાભાઇવાળા હાલમાં આસરે ૧૦૦૦) ખુરશીઓની હાજત છે, અને તે તથા બીજી ચીજો બાહેરથી મંગાવતાં, ભાડાંની તથા હેલ મજુ-રીની મોટી અડચણ થાય છે, સબબ કે પારશીઓ શીવાએ કોઇ બીજી કોમનાં માણસો અને મજુરોથી અતરે અવાઇ શકાતું નથી, અને મજબુત બાંધાના પારશી મજુરો તો ગોયા સોધ્યા મલે નહી તેવું છે. મેં મારી ખુદ નજરે નજર જોયું છે કે, એક આરશી શેઠ દાદાભાઇને ત્યાંથી ઉંચકી લાવતાં, લગભગ ૧૨ પારશી મજુરો કામે લાગા હતા, તોબી તેઓના પગો ફસડાઇ જતા હતા, અને ભારી મુશકેલીમાં પડેલા મેં જોયા હતા, કે જે આરસી ધાટી જાતના ૪ નવગણીઓ અથવા મજુરો સેહલાઇથી ઉંચકી તથા ગોઠવી શકતે !

(નાચાર અને અશક્ત પણ આબરૂદાર પારસીઓને અન્ન તથા વસ્ત્ર પોંહચાડવાનું ધરમખાતું.)

વલી આએજ તકે જણાવવાને મને મોટી ખુશી ઉપજે છે કે ગરીબ તથા નાચાર અને અશક્ત જરથોસ્તીઓને અન્ન તથા વસ્ત્ર પોંહચતાં કરતા રેહવાનું "સદાવરત ધરમખાતુ" સથાપવાનેબી, એજ શેઠ દાદાભાઇ કનતરાક્ટરે ઠેરાવ કીધેલો છે, અને તે બાબે પોતાની એક કીમતી મીલકતનું લખત અથવા "અસાઇનમેનત," ધારા મુજબનું કરવાનું કામ ચાલે છે. આસરે ૫૦) થી ૬૦) હજાર રૂપીઆની એ મીલકત છે અને અતરેનાં વરતમાન પતરોમાં એ બાબેની ખબર છપાઈ ચુકી છે તે માહ પુનવંતું કામ સઉથી પેહલલાં બજાવી આપનારબી એજ શેઠ દાદાભાઇ છે. (જોશદાર તાલીઓની ખુશીના આવાજ.) મીજલસના સાહેબો, એવાં ધરમખાતાંની પારસીઓને કેટલી મોટી અગત છે, તેની ખરી હકીકત એ શેઠ દાદાભાઇ તેમજ બીજા કદરદાન અને પરદુખભંજન ગ્રહસથો, જે પારસી સંસારની ગુપત હાલતની વાકેફગારી મેલવવાને કોશેશ કરતા રહે છે, તેઓનેજ અછી રીતેથી ખબર છે. જો પારસી કોમની હસતીના ગરીબ વરગને નીભાવી રાખવો હોએ તો, એવા અન્ન અને વસ્ત્રદાનની ગુપત સખાવતની અતીશય જરૂર છે, તેમાં શક નહી જાણવો. નવસારી જેવાં આસરે તરણ હજાર પારસીઓની વસતીમાં જો ૧૩૫) જણાંને મફ્ત અંન વસ્ત્ર પોંહચતાં કરવામાં આવવાની બાત અતરેનાં જાહેર પતરોમાં છપાએલી જણાઇ છે તો, લગભગ ૫૦,૦૦૦) પચાસ હજાર જરથોસ્તીઓની મુંબઇ મધેની વસતીમાં, કેટલાં શખસો ગરીબાઇની તંગી ભોગવે છે, તેનો ધટતો ખયાલ ખરા ઊદાર દીલના ગ્રહસથોએ કરી લેવો સજાવાર છે. એવી રીતની સુચનાની અથવા એવી રીતની ભલામણની વીરૂધમાં, જે ગ્રહસથો હુજતથી અથવા બે ખબરીથી સખુનો ઓચરવાની હીમત ચલાવે, તે ભાઇઓ ખોદાની નજરમાં કેટલા મોટા ગુનાહનું કામ કરે છે, તેનો પકો અંદેશો કરવો ઘટારત છે. (તાલીઓ.)

(નવાં દોખમાં તથા અગીઆરીઓ નહી બાંધવાં જોઇએ તે વીશે.)

વલી કેટલાએક પઇસાદારો, નવા નવા દોખમાં, ચોતરા, ઓટલા અને અગીઆરીઓ બંધાવવાને દરૂસત ધારતા હોય, તેઓએબી સમજવું જોઇએ છે કે, ખરી નાચારી તથા અંન વસ્ત્રની હાજતનાં મરણોમાંથી, ગરીબોને બચાવી અને નીભાવી રાખશોં, તોજ દોખમાં અને અગીઆ-

રીઓ કામે લાગી શકશે. પણ જો ભુખમરાથી તથા તેવીજ બીજી જરૂરની હાજતો પુરી પાડવા વગર પારસી લોકોને હેરાંન થવા અને કમોહતે મરવા દેશો તો, એવાં તમારાં દોખમાં અને અગીઆરીઓ શું કાંમે આવી શકનાર છે? આજે પારસી કોમમાં, સેંકડે પંચોતેર જણું ગરીબાઇ ભોગવે છે, અને સેંકડે પચીસ જણું અંન તથા વસ્ત્રની નાપસંદ મુશકેલી અને વીપતી જાહેર અથવા ગુપત રીતે ભોગવી, ખરા કાકનાં અને આબરૂદાર શખશો પોતાની જીંદગીના દાહાડા ભરમ તથા શરમમાં ગુજારે છે, તેઓની દાદખાહીએ જે નર પોતાની દયાનો હાથ લંબાવશે, તેજ બેઉ જગતનો ખરો ભાએગવંત ગણાશે.

(ખુરશીઓની અગત કેમ પુરી પાડી શકાય તે વીશે.)

આએ આતશબેહરામમાં, ખુરશીઓની અગત પુરી પાડવા માટે, બીજા ધરમી દીલના ગ્રહસથોને, તેમજ બાઇ સાહેબોનેબી, એવીજ સુચના થઇ શકે છે કે, એ ખુરશીઓ અતરે પુરી પાડવાને, તેઓએબી પોતાની તરફની ભલી લાગણી બતાવતા રહેવું જોઇએ છે. પેલી કેહવત છે કે—"**ટીપે ટીપે સરોવર ભરાય છે**"—તેજ મીશાલે, એકએક દીનદાર ગ્રહસથ અથવા બાનુ, પાંચ પાંચ, યા દસ દસ, સારી મજબુત બનાવટની ખુરસીઓ, તે ઉપર પોતાના મુબારક નામ નીશાંનો કોતરાવીને, અતરે મોકલયાં જશે તો, તે મોટાં પુનનું કામ ગણાશે, અને સર અવસરે તે ખુરશીઓ, આએ આતશબેહરાંમની ભલી તથા ધરમી કામની મીજલશોમાં વપરાતી રહેશે તો, તેઓને મોટી સોભા ઉપરાંત મોટું સવાબ હાંસલ થતું રહેશે. (તાલીઓ.)

(અસલ ભાશાણની બાબત વીશે.)

મીજલસના સાહેબો,—હવે હું આજના ભાશાણની બાબત વીશે બોલવાનું શરૂ કરૂં છું. પવીત્ર આતશને કેબલા તરીકે આપણા લોકો, અસલી જમાનાથીજ માન આપતા આવ્યા છે. એ વીશે કેટલુંએક બેયાંન હું મારા ગયા મહીનાના ભાશણમાં કરી ચુકો છું, અને આજ દીને વધારે બોલવાનું એજ છે કે—

જરથોશતી ધરમ ફરમાન મુજબ, તમારો ખાસ ગણાઈ ચુકેલો કેબલો, તે અરદીબેહશત અમશાસપંદ છે. અશોઇનો તેમજ તમામ કીસમના આતશનો વડો ફરેસતો, તે અરદીબેહસતજ છે. વલી કેટલાએક દીનદારોના મત મુજબ, 'બેહશતના દરવાજાની કુંચીબી' એનીજ

પાસ છે. આપણા અવસતાઇ કલામમાં જણાવયા મુજબ, આપણી હર-દમ અથવા દરએક વખતની બંદગી કરતાં, અકસર કરીને એમજ બોલીએ છીએ કે,—

"તે દાદાર અહુરમજદની ખુશનુદી થજો. અએ ભલું આપનારા અથવા ફાએદો બખશનારા પાક અહુરમજદના આતશ, સરવેથી ચહડતો ઇજદ તુંજ છે અને ખુદ તુનેજ હમારી નેમાજ પોંહચજો. ફાયદો કરનાર, તથા બુલંદ દરજાનો ઇજદ, તથા નેમાજ અને નીઆએશને લાએકનો, તથા જોરાવર, તથા સરસમાં સરસ તેજીવાલો, તથા હીમત આપનાર, તથા ખુશી અને રાંમશનીઓ બખશનાર, તથા જાહેર રીતની મદદ અને રાહનુમાઇનો કરનાર, તથા દુશમનો અને કીનાંખોરોને જેર કરનાર અને શીકશતનો આપનાર, તે અરદીબેહશતનો અંસજ છે," ઇતીઆદી.

(આતશી કેબલાની ખુબી.)

એવી રીતની ખુબી અને સીફતો ધરાવનારો એ ઇજદ, અસલી જમાનાથી તે આજ દીન તલક, આપણી જરથોસ્તી દીનનાં એકીન મુજબ સેતાએશને લાએકનો ગણાતો આવયો છે. વાસતેજ અગીઆરીઓ અને ઘરબારોમાં તેમજ આતશબેહરામોનાં મકાંનોમાં, કેબલા તરીકે પાક આતશને સથાપેઆમાં આવે છે, અથવા સથાપવાને લાએકનો ગણાતો આવયો છે.

પારસીઓની એ એકીનદારી હાલનાજ જમાનાની નથી, પણ છેક દુનીઆના શરૂઆતનાં વખતથીજ, અસલી ઇરાંની નેઆગાંનોથીજ, એ નીરમલ અને નેકબખતી ભરેલું એકીન ઉતરતું આવેલું છે, અને એવું બોલવાની સાબેતીમાં, આપણી દીનઆઇનની તવારીખનાં, તેમજ બીજી આએ દુનીઆની તવારીખનાં પાએદાર લેખો ઉપરથી, કેટલીએક મુસતકીમ શાહદતો આ જોગવાઇએ મુખતેસરમાંજ તમો હજુર રજુ કરવાને દરૂસત વીચારૂં છું.

(સરવેથી પેહેલો આતશબેહરાંમ.)

સઉથી કદીમ અથવા પહેલા અથવા "પેશદાદીઆંન" ટોલાના પાદશાહોના "હુશંગ" નામના પાદશાહના જમાનામાં, કુદરતી બીશારતને આધારેજ, "આતશનાં નુર" ને કેબલા તરીકે ગણવાની શરૂઆત થઈ હતી, તે ખુદ આપણી દીનઆઇનનાં દફતરોનાં તેમજ આગલી ઇરાંન દેશની તવારીખના લેખોના આધારથી સાબેત થઇ ચુકેલી હકીકત છે.

આતશનું નુર, એક પાહડની પડોશમાં તેની નજરે પડતાંજ, એ પાદશાહ હુશંગે, તે આતશને સાચવી લીધો, અને એક ગુંબજ બનાવી, ખોદા તરફથી ઉતરેલા એ આતશની સનમુખ ઉભા રહીને ખોદાની બંદગી કરવાનો રવઇઓ ચાલુ કીધો હતો. એથી ગોયા સઉથી પેહલું આતશબેહરામ એજ ગણાઈ શકે છે. એ કેબલાનું નાંમ "આદર ખોરદાદ" કરી રાખ્યામાં આવેલું હતું, અને ફીરદોસીના લેખ મુજબ તે "નુરે ખોદા" તરીકે ગણાયો હતો. એ વીશેનું ખુશાલી અને શોકર ગુજારીનું જશન, એ પાદશાહે કીધું હતું તેનું નામ "જશને સદેહ" રાખ્યું હતું. સબબ કે ૧૦૦ દાહડા પછી એ જશનની ખુશાલી થઇ હતી.

(પેશદાદીઆંન પાદશાહો વીશે.)

"પેશદાદીઆંન" એટલે પેહલો ઇનસાફ અને પેહલી પાદશાહી અને પેહલી દીન ફેલાવનાર ટોલાના પાદશાહો. પેશદાદીઆંન, કેઆંનીઆન અને સાસાનીઆંન, એ ૩ મોટા તબકાના શાહોએ, કંઈ હજારો વરશો તલક ઇરાનમાં રાજ મામલો ચલાવ્યો હતો. એ દીનદાર અને અદલ દીલના પાદશાહો વીશે, એવા લેખો મલે છે કે, તેઓ માત્ર ઇનશાનો કીજેજ ઇનસાફ રીતી વાપરતા નહી હતા, પણ જાનવરોને બી, ઇનસાફ બખશી, નીરદોશ પ્રાણીઓની દાદખાહીએ પોંહચતા હતા. દર સાલ તેઓ જંગલોમાં લશકર સાથે જઇ, મેદાનમાં એક મોટો મંડપ અથવા ઉંચો માંચરો ઉભો કરી, પાદશાહ તે માંચરા ઉપર હાથમાં નાંગી તલવાલ લઇને ઉભો રહેતો, અને પછે આસપાસનાં જંગલ અને જાહાડીઓ તરફ ઉભાં કીધેલાં લશકરી લોકોને હોકમ કરતો કે તરેહવાર જાતના વજંતરોના આવાજો તથા બીજી રીતના પોકારો કરીને, જાહડીઓ તથા ખુના ખંટોલાં અને ખીણો મધેના જાનવરોને બાહેર કહડાવતો અને તેમાં જે જે જાનવરો ધાતકી, તથા ફાડીખાનારાં, તથા નીરદોશ પરાંણીઓને ઇજા કરનારાં અને મનુષયોની ખરાબી કરનારાં જણાતાં, તેઓને તીરો તથા તલવારો અને બીજાં હથીઆરોથી, તે મારી નખાવતો હતો, અને બીજાં ગરીબ તથા નીરદોષ જાનવરોને સલામત જવા દેતો હતો.

(તેહમુરસપ પાદશાહના આતશબેહરાંમ.)

એ પછે એ હુશંગના બેટા "તેહમુરસપે" જુદા જુદા સુબાઓને આધારે ૩) આતશબેહરામો "પેશતેટો" નામના પાહડપર સથાપેઆં

હતાં, તેમાં એકનું નાંમ "આતશે સપેનેસત," તથા બીજાનું નામ "આતશે વાજશત" હતું, અને તરીજાનું નામ "આતશે બેરેજુશવુંધ" હતું. પાછલથી "જમશેદ" પાદશાહે મજકુર "આતશે સપેનેશત" ને "ગડમન હોમનદ" નામના પાહડ ઉપર લઇ જાઇ સથાપ્યા હતા અને એ પાહડ "ખારજમ" નામના શહેરની સરહદમાં આવેલો હતો. વલી તેનું નામબી બદલીને "આતુન ફ્રોહબગ" રાખ્યું હતું.

(જમશેદના આતશબેહરાંમ.)

જમશેદ પાદશાહને મારીને જ્યારે જોહાકે ઇરાંનનો મુલક લીધો હતો ત્યારે "ફ્રેદુને" તેની સામને બલવો ઉઠાવીને ખુનખાર જંગો મચાવી હતી. તે જંગોમાં તેને ફતેહ મલે તેટલા માટે જમશેદના બનાવેલા મજકુર "આતુન ફ્રોહબગ" નામનાં આતશબેહરામમાં જઇને બંદગીઓ કીધી હતી અને સેવટે તે સફલી રીતે ફાવ્યો હતો.

(ફ્રેદુનના આતશબેહરાંમ.)

ફ્રેદુને પોતાના અમલમાં "કંગદેજ" માં મોટાં આતશબેહરામ બાંધ્યાં હતાં અને પાછલથી કેખશ્રૂના બાપ "શીઆવક્ષે" બી એજ જગોએ એક બીજું માહભારત આતશબેહરામ બરપા કીધેલું હતું. "કંગદેજ" નો બુલંદ પાહડ ઇરાંનની ઉગમણ દસા તરફ આવેલો છે અને ત્યાંની આબો હવા હમેશાં એકસરખી ખુશ અને ખુબીવંતી, ગોયા બેહશતની હવાની મીસાલની તરોતાજગી ભરેલી રહે છે. તેની ગહવાઇ આજના યુરોપીઅન મુશાફ્રોબી આપે છે. જેમ કંગદેજની હવા બેહશતની મીસાલે ખુશ રહે છે, તેમજ સર ઉ૦ અઓજલી એક બીજા શહેર વીશે જણાવે છે કે ત્યાં લોકો હમેશાંજ ખુશાલી અને ગમત રમત ભરેલાં રહે છે. એ તેપરનાં મઓકલ રહેલા સેતારાની અસરથી થાય છે

(લોહરાસપ તથા ગુસતાસપનાં આતશબેહરામ.)

"**લોહરાસપે**" પાદશાહી તજી ગોસતાસપને આપી પોતે બંદગીમાં મશગુલ થયો હતો ત્યારે "નઓબાહર" નામનું આતશબેહરામ બાંધી ત્યાં બંદગી કરતો રહયો હતો. એ મકાંન છેક "સાસાંનીઆંન" ટોલાના પાદશાહ "અરદેશર બાબેકાંન" ના જમાના તલક સચવાઇ રહેલું હતું.

ગુસતાસપ પાદશાહે "આતશે બેરજશ્નવંગ" જે આગલા જમાનામાં "પેશતેટો" પાહડપર તેહમુરસપે સથાપ્યા હતા તે આતશને

ત્યાંથી મંગાવીને "રેએવંત" નામના પાહડ ઉપર તખતનશીન કીધા હતા. તેમજ "ખારજમ" શેહેર મધેનાં પાદશાહ જમશેદના "આતોશ ફરોહબગ" નામના આતશને મંગાવીને કાબુલ શહેરનાં "રેશન" નામના પાહડ ઉપર સ્થાપ્યા હતા. વલી "ગુસતાસપે" હજરત જરથોશતના વખતમાં "આજરે મેહેર બુરજીન" નામના ચમતકારી આતશને પોતાનાં પાયતખત શહેર "બલખ" માં સુનાના ગુંબજ તથા તખત સાથે સ્થાપયા હતા. વલી એજ મકાંન વીશે શાએર ફીરદોશી એવો એસારો લખી ગયો છે કે, તમામ જાતના કીમતી જહવેરો તથા હીરા, મોતી અને માણેકોથી એ આતશબેહરામનો સણગાર પાદશાહ ગુસતાસપે કરાવ્યો હતો, અને જરથોશતી દીનનો ફેલાવો ચોતરફ કીધો હતો. એ આતશબેહરામનો ગુંબજ ગોસતાસપે જેમ નીરમલ સોનાંનો બનાવ્યો હતો, તેમ આપણા હાલનાં અતરેની અંજુમનનાં આતશબેહરામનો ગુંબજ **શેઠ કાવસજી દીનશા એદનવાલા**, C. I. E. એ, નીરમલ મારબલના કીમતી પથરનો બનાવ્યો છે, કે જેવો ગુંબજ આખાં હીંદુસ્તાનના કોઇબી આતશબેહરાંમનો બનાવેલો નથી.

(અરદેશર બાબેકાનનાં આતશબેહરામ.)

"**અરદેશર બાબેકાંને**" પોતાના દુશમન ઉપર ફતેહ મેલવી હતી તેની યાદગારીમાં "ખોરહે અરદેશર" નામની જગા અથવા શેહર વસાવ્યું હતું અને ખોદાતાલાની બંદગી કરીને એક આતશખાનું બરપા કીધું હતું. એજ પાદશાહે ઉપરા સાપરી દુશમનો ઉપર ફતેહ મેલવીને "ગદમને અંતાસર" નામના મુલકની પડોસના પાહડની ઉપર આતશબેહરામો બંધાવ્યાં હતાં. વલી એના બેટા "શાપુર" નો જનમ એજ મુલકના એક જંગલના મેહલમાં થયો હતો તે જગા ઉપર "શાપુર" નામનું શેહર ઉભું કરી એક આતશખાનું બનાવ્યું હતું.

(નોશીરવાનનાં અને બીજાં આતશબેહરાંમ.)

નોશીરવાન પાદશાહ ઇસવી સને ૫૩૧ માં યાને ગયાં ૧૩૬૬ વરસની વાતપર ઇરાંનના તખતપર બેઠો હતો અને "કુહે બલાંગ" નામના ફારસ શેહરમાં આવેલા પાહડની ઉપર "આઝર ગોશીદ" નામનું મોટું આતશબેહરામ બંધાવ્યું હતું. એ નોશીરવાન પાદશાહ ઇસવી સને ૫૭૯ માં યાને ગયાં ૧૩૧૮ વરશોની વાતપર, મરણ પામ્યો હતો.

એજ મીશાલે સર ઉલીઅમ અઓજલી અને બીજા યુરોપીઅન મુશાફરો પોતાનાં પુસ્તકોમાં પુશકલ આતશબેહરામોની બાંધણીની અને મેહલોની મોટાઇની યાદી જણાવી ગયા છે, અને કેટલાએક ગ્રંથકારો તો હજારોની સંખ્યા લખી ગયા છે, તથા હજારો દસતુર મોબેદો તેમાં ભણતરો અને ક્રીઆઓ કરતા હતા.

(અસપંદીઆરનાં આતશબેહરાંમ.)

"**અરજાસપ**" નામનો તુરીકી પાદશાહ જે હજરત જરથોસતનો તેમજ ગોસતાસપનો વેરી દીન દુશમન હતો અને અફ્રાશીઆબનો સગો થતો હતો તેની લડાઇમાં જતી વખતે "ગોસતાસપ" ના બેટા "અસપંદીઆરે" એવી નઇઅત કીધી હતી અથવા એવી મોરાદ ચાહી હતી કે, જો તે તેની ઉપર ફતેહ મેલવે અને તેને મારે તો ૧૦૦ આતશબેહરામો બંધાવે તથા ગરીબ મુશાફરોને વાસતે ૧૦૦ ધરમશાળાઓ અને ૧૦૦૦૦૦ એક લાખ કુવા અને વાવો જંગલો અને અગતની જગ્યાએ બંધાવે.

(બોખારા તથા સમરકંદ મધેનાં આતશબેહરાંમ.)

"બોખારા" શેહરની સરહદ તરફ હજી સુધી આતશબેહરામની ઇમારતોની ઇધાનીઓ ઉભેલી છે અને હાલના ત્યાંના મુસલમીન મહજબના લોકો "મસજીદે મોગાંન" નાં નામથી તેવી જગાઓને પીછાંને છે. એ ઉપરાંત બીજી જગાઓનું નામ નીશાન "કુશકે મોગાંન" બી રાખેલું છે કે, જ્યાં પારસીઓનાં આતશકદેહો હતાં. "મોગાંન" નો શબદ તે તરફ પારસીઓ કીજે વપરાએ છે.

"સમરકંદ" નામનું આજદીન તલકનું મોટું શેહર જ્યારે પારસી પાદશાહોના તાબામાં હતું ત્યારે તેનું નામ "સગદહા" હતું, અથવા "સગદીઆનાં" બી કેહતા હતા. યાને આતશના અસલી કેબલાની ઉતપંતીની અથવા સ્થાપનાની જગા તરીકે તે ઓલખાતું હતું. એ શેહરની પડોશમાં એક "અફ્રાશીઆબી" નામના પાહડ આગલ ખુદ "અફ્રાશીઆબ" નું રેહઠાંણુ હતું અને ત્યાં ધણાએક આતશખાના હતાં. હાલ એ જગો રશીઅનોના હાથમાં છે અને ત્યાં રસતાઓ બાંધવા કીજે ખોદકામ ચાલે છે ત્યારે આગલા પારસી પાદશાહોના વખતનો પુશકલ ખજાનો મલી આવે છે એમ નીઉસપેપરોમાં છપાઇઉ હતું.

(ગજનવી શેહર મધેનું આતશબેહરાંમ.)

"**મેહમુદે ગજનવી**" નામનાં "ગજની" શેહરનાં પાદશાહના શેહરના લતા તરફ એક આતશબેહરામ સ્થાપેલું દીઠામાં આવ્યું હતું.

એ પાદશાહ તે પેલોજ કે જેના અમલમાં મરહુમ ફીરદોશી શાએરે આપણું "શાહનામાં" નામનું નામીચું તવારીખી પુસતક ગયાં આસરે ૧૦૦૦ વરસોની વાતપર લખ્યું હતું.

(અરમાની લોકની તવારીખી કેતાબ મધેથી મળતી સાહદત.)

"ઇમરૂસ" નામનો એક નસરાની વીદવાન અને ગરંથકાર અરમાની ટોળાના લોકોની એક કેતાબનો તરજુમો કરતા એમ જણાવી ગયો છે કે—અસલી વખતના પારસી લોકોના "રેએ" નામના એક શેહેરમાં પારસીઓનાં આતશબેહરામો ઘણાં હતાં. તેમાં એક આતશબેહરામ અતી ઘણું મોટું હતું. અને પાછલથી "દીન શાપુર" નામનો એક અમલદાર જ્યારે તાંહાંના હાકમ તરીકે નો અમલ ચલાવતો હતો ત્યારે તેણેબી એક તેવુંજ મોટું અને રોનકદાર આતશબેહરામ બરપા કરીયું હતું. એ બંધે આતશબેહરામના આતશોની ઉપર ક્રીરીઆ તથા ભણતરની વખતે બકરાની ચરબી ચઢાવતા અથવા બાળતા હતા.

(આતશબેહરામ અને આદરાંનો ઘણાં થાયતો તેમાં ગુનાહ કે નુકસાન નથી પણ ઓર સવાબ અને સુખવાસ છે એવા આપણી દીનની કેતાબ મધેનાં લખાંણના દાખલા.)

આપણા "વંદીદાદ" જેવી મોતેબાર કેતાબ મધેના લેખ મુજબ નુરી આતશી કેબલાઓનો અને તેમાંથી ફેલાતી ગરમીની અસરનો જેમ જેમ વધારો થાએ તેમ તેમ તેની ખુબીવંતી બરકતથી તમામ પરાંણીઓને તેમજ ખાસ કરીને મનુશ જાતને મોટાં સુખ અને આબાદીઓ તથા ખુશી ખુરમીઓ હાંસલ થાએ છે, અને બુરાં દુખ તથા ઉડતા રોગ અને નાખુશ આબો હવા દુર દફે થતાં રેહ છે. અને જે શખસો એથી ઉલટી વાતો સમજાવાની હીમત કરે તેઓ ગોયા તદનજ જુઠું અને દુખ તથા નુકસાંની આપનારૂં સમજાવે છે એમજ જાણવું.

વલી "**દાદસતાંને દીની**" નામની એક પેહલવી કેતાબમાંબી એમ જણાવેલું છે કે—"જરથોશત પેગંમબરે ઇરાંની પાદશાહ ગુશતાસપને ખોલ્લી રીતે એમ કહ્યું હતું કે બને તેમ હર વખતે અને હર જગોએ

આતશબેહરાંમો વધારતો અને બરપા કરતો રહેજે. એ કામ કરવા સારૂ તું તાહરા બદન મધેના આતશને હરગેજ થઇને સરદ થવા ના દેતો, પણ સદા ગરમીદાર રાખી, એ આતશી કેબલાનો વધારો કરતો રેહજે.

ઉપલી હકીકતો મુજબ આતશખાનાંઓ છેક છેહલા "યઝદેજરદ શેહરીઆર" ના જમાના સુધી ચાલુ હતાં અને જુદા જુદા પાદશાહો ત્યાં બંદગી કરતા તથા મોરાદો ચાહતા હતા, તે વીશે "ફીરદોસી" ના લખાણોની શાહદતો મોજુદ છે અને તેનો અગતનો સાર નીચે મુજબનો છે:—

(કેખશરૂએ બોખારાના આતશબેહરાંમમાં કીધેલી બંદગી.)

"બોખારા" શેહરમાં ફરેદુનના બેટા "તુરે" બનાવેલાં આતશ-બેહરામમાં "કેખશરૂ" એ કીધેલી બંદગી અને મોબેદોને આપેલી આશોદાદ.

(બેતો.)

અજ ઉનજા બ શેહરે બોખારા કશીદ
જે લશકર જમીન શુદ હમે નાંપદીદ.
ગમી શુદ અજ આન રૂજહાએ શુદેહ
બે આંમદ ખરૂશાન બ આતશ કદેહ.
કે તુરે ફરેદુન બર આવરદેહ બુદ
બદઉ અંદરાન કાખહા કરદેહ બુદ.
નીઆએશ કનુન પીશે ઈઅજદાને પાક
બે માલીદ રૂખરા બરઆન તીરે ખાક.
બે ગોસતરદ બર મોબેદાન સીમો ઝર
બ આતશ પરાગંદેહ ચંદી ગોહર.

ઉપલા બેતોનો ખોલાસો એમ છે કે, કેખશરૂ પાદશાહ પેલા અફ્-રાશીઆબને શીકશત આપીને પાછો પોતાના લશકર સાથે બોખારા શેહ-રમાં આવી રહયો અને આગલ થઈ ગયલા બનાવો ઇઆદ કરીને, તથા અફ્રાસીઆબ તેના હાથમાં કેદ નહી પકડાયો તેથી તે બહુજ ગમગીન થયો. એ પછે ત્યાંના એક આતશબેહરામમાં તે ગયો, કે જે આતશ-બેહરામ ફરેદુન પાદશાહના "તુર" નામના બેટાએ અસલી વખતમાં બરપા કરાવેલા હતા. એ જગોએ, પાક ઇઅજદાંની બંદગીમાં તે મશગુલ

થયો, અને જમીનની સીહાખાક સાથે પોતાનું સર અને મોહડું મસલીઉં. બંદગીથી ફારેગ થયા બાદ, મોબેદોને આશોદાદ આપી હતી, અને ગરીબોને રૂપાદાન તથા જરદાન આપ્યું અને ખુદ આતશ ઉપર ઘણા-એક કીમતી ગોહરો વધાવયાં હતાં. તમો મીજલસીઓને યાદ હશે કે, ફરેદુનના બેટા તરણ હતા, તેમાં સઉથી વડો "સેલમ," તથા વચલો "તુર" અને નાંધલો "એરચ" નામનો હતો. એરચ ને તમામ ઇરાનનો દેશ આપવામાં આવીઓ હતો, તથા "તુર" ને તુરકસતાનનો અને "સેલમ" ને હાલના રૂશીયાવાલી હદ તરફના અને બીજા દેશો તરફની હાકમી બખશયામાં આવી હતી. એ ઉપરથી તેઓમાં હસદ અને દુશમનાઇની લડાઇઓ ચાલુ થઇ હતી.

(કેખશરૂએ સાત દાહડા તલક કીધેલી બંદગી.)

સાત દાહાડા તલક રાત દીન બંદગી પાદશાહ કેખશરૂએ કીધી હતી. પાદશાહ કેખશરૂએ આએ જેહાન તજી, ખોદાની બંદગીમાં એકાંતવાસ થઇને, પોતાનાં રવાનને આગલા નેક નીઆગાનોના અશો રવાનોની સંફમાં જવાને લાએકનું કરવા સારૂ જે ઇછાના સખુનો પોતાના દરબારીઓને કહી સંભલાવયા હતા તેની અગતની યાદીના બેતો નીચે મુજબના છેઃ—

(બેતો.)

મન અકનુન ચુંકીને પીદર ખાસતમ
જેહાનરા બ ખુબી બે આરાસતમ.
બે કુશતમ કસીરા કે બાએસત કુશત
કે બુદ કઝો બા પાક ઈઅજદાન દરૂશત.
બ આબાદો વીરાને જાઈ નમાંનદ
કે મનસુરે તીગે મરા બર ન ખાંનદ
બુજરગાને ગીતી મરા કેહતરઅંદ
અગર ચંદ બા તખતો બા અફસરઅંદ
કનુન આંન બે આએદ કે મને રાહ જુઉઇ.
રાવમ પીશે ઇઅજદાન પુર અઝ આબરૂઈ
રવાનમ બરઆન જાએ નીકાન બરદ
કે ઈન તાજો તખતે કેહી બોગુજરદ.
નઇઆબદ કસી જીન ફજુન નામો કામ
બુજરગીઓ ખુબીઓ આરાંમો જાંમ.

શનીદીમો દીહીમ શજે જેહાંન
બદો નીકરા આશકારો નેહાન. 1
કુશાવરઝ બાશદો ગર તાજવર
સર અંજામ બરે મરગ બાશદ ગુજર.
શબોરૂઝ ઈઅક હફતેહ બર પાઇ બુદ
તંન ઇન જાઓ જાંનશ દીગર જાઇ બુદ.
બ હશતમ જે જાએ પરેશતશ બેરફ્ત
બરે તખતે શાહી ખેરામીદ તફ્ત.

ઉપલા બેતોનો ખોલાસાદાર અરથ એમ છે કે, તમામ આલમને જેર કરીને, તથા પોતાના બાપનો કીનો લઇને, તે કેખશરૂ પરવારી ચુકો હતો, ત્યારે એકાંતવાશી થઇને, આતશબેહરાખનાં મકાનમાં બંદગી કરતાં તે એમ બોલ્યો હતો કે, અથવા પોતાની દરબારનાં લોકોને એમ સમજાવીઉં હતું કેઃ—

"હું મારા બાપ શીઆવક્ષના કીનાની તલબમાં હતો તે કીનો લઇ ચુકો અને તે બાદ આએ જેહાંનને તમામ જાતની ખુબી અને ભલી ભલાઇથી મેં આરાશતા કીધી છે. જે શખસો મરગરજાંની ગુનાહ કરનારા અથવા મારવાને લાએકના હતા તે સરવેને મેં દાર કીધા છે. આ દુનીઆંની સપાટી ઉપર કોઇબી આબાદ અથવા વેરાંન જગો એવી રહી નથી કે જ્યાં મારો હોકમ અને સતા ચાલતી નહી હોય. આ જગતના તમામ બુજરગો અને તાજ તખતવારા સરદારો આજે મારાથી ઉતરતા અને મારા હુકમને માનતા થયા છે. વાસતે હવે મને તો ઘટારત એજ છે કે હાલની મારી આબરૂ અને ભારબોજમાં હું તે ખોદાની દરગાહે જાઉં અને તે જગતમાં વસનારાં નેક લોકોને અથવા રવાંનોને મલું, સબબ કે આએ તાજ, તખત અને બુજરગી સદા નીભનારી નથી. જે નામ અને કીરતી મેં અતરે મેલવી છે, તથા જે બુજરગી અને મોજમજાહ મેં ભોગવી છે, તે કરતાં ને વધારે સરસ કોઇબી બીજો શખસ ભોગવી કે મેલવી શકશે નહી. આએ જેહાંનના તમામ ભેદ ભરમો હું અછી રીતેથી પામી ચુકો છું, અને તમામ જાતની નેકી અથવા બદીથી વાકેફ થઇ ચુકો છું. અગર કોઇ શખસ ગરીબ ખેડુતની અથવા તાજદાર પાદશાહની હાલત ભોગવતો હશે તોબી શેવટે મોહતને હવાલે થયા વગર તેનીથી રેહવાશે નહી.

એ મુજબ સાત દાહડા અને રાતો તલક, કેખશરૂ પાદશાહે આતશબેહરાંમમાં ખડે પગે ઉભા રહીને ખોદાની શેતાએશ કીધી હતી, તે

વખતે ગોયા તેનું બદન આ જેહાનમાં હતું, પણ તેનો જાંન તો પેલી દુનીઆના દેખાવમાં મશગુલ થઇ પડેલો હતો. આઠમે દાહડે આતશ-બેહરાંમના મકાનમાંથી તે બાહેર નીકલ્યો, અને પોતાની દરબારનાં પાદ-શાહી તખતની જગોપર જઇ બેઠો હતો.

(કેખશરૂ પાદશાહે આતશબેહરાંમમાં કીધેલી બંદગી તથા દસ્તુર મોબેદોને આપેલી જર તથા વસ્ત્રની બક્ષેશ વીશે.)

પોતાના બાપ શીયાવક્ષના કીનામાં, કેખશરૂએ ખુદ પોતાને હાથે અફ્રાશીઆબને તથા કસરેવજને ગરદન માર્યા બાદ, તમામ જાતની ભલીભલાઇની રાહ તેણે અખતીઆર કીધી હતી, અને આ નીચે મુજબના નેકીના તથા દાનાઇ અને શીખામણના સખુનો બોલીને, આતશ બેહરામના મકાંનમાં બંદગી કરવા મશગુલ થયો હતો, તથા આતશ બેહરામનાં નીભાવનાં ફંડમાં મોટો ખજાંનો બક્ષયો હતો, અને મોબેદોને તથા ગરીબોને જર-દાન તથા વસ્ત્રદાનની અને બીજી મોટી બક્ષેશો આપી હતી, તેને લગતા ફીરદોશીનાં સખુનો નીચે મુજબના છે:—

(બેતો.)

મકુન બદ કે બીની બ ફરજાંમ બદ
જે બદ ગરદદ અંદર જેહાંન નાંમ બદ.
બ ગીતી હમી બાશ બા તરસો-બાક
નીઆએશ હમી કુન બ યઝદાંને પાક.
તન આસાંનીઓ રંજે સખતી અઝ ઉસ્ત
કે પીરૂજીઓ શુરબખતી અજ ઉસત.
જે યઝદાંચું શાહ આરજુહા બે ઇઆફત
જે દરીઆ શુએ ખાંને આઝર શેતાફત.
બસી જર બર આતશ બર અફસુંનદંદ
બ ઝંમ-ઝંમ બસી આફરીન ખુનદંદ.
બે બુદંદ એક રૂજો-એક શબ બ પાઇ
બ પીશે જેહાંન—દાવરે રહેનુમાઇ.
ચું ગંજુરે કેખશરૂ આમદ જે રસબ
બે બખશીદગંજીબ "આઝર ગુશઅસપ."
બર આંન મોબેદાંન ખલઅત અફકંદ નીજ
દેરંમ દાદો--દીનારો--બીસીઆર ચીજ.
બ શહેર અંદર આંન હર કે દરવીશ બુદ
દીગર બોરદશ અજ કુશેરો બીશ બુદ.

બરં આંન નીજ ગંજી--પરાગંદે કરદ
જેહાંની બ દાદો દેહશ ઝંદેહ કરદ.

ઉપલા બેતોનો ખોલાસાદાર અરથ એમ છે કેઃ—

એ ભાઈ, આએ દુનીઆમાં બને ત્યાં સુધી કંઇબી બદકારીનાં કાંમ કરતો ના, સબબ કે બદકારી કીધાથી આખરે તુંને બદનાંમીજ હાંસલ થશે. આ જગતમાં તું હમેશાં બુરાઇથી બીહીતો અને અંદેશો કરતો રેહજે, અને ભલાં દીલથી તે પાક યઝદાંની બંદગીમાંજ મશગુલ રહેજે, કે દરએક ઈનશાનને નેકબખતી અને ફતેહમંદી તે યઝદાંથીજ મલતી રહે છે, અને તેનાથીજ તંદરોશતી તથા રંજ અને શકતીબી ચાલુ રહે છે. એ કેખશરૂ પાદશાહ, જ્યારે તે ખોદાતાલાથી પોતાની તમામ મોરાદ હાંસલ કરવાને ફાવ્યો, ત્યારે દરીઆઇ સફરની મારફતે, જે જગોએ એક આતશબેહરામ હતું ત્યાં ગયો, અને તે આતશબેહરાંમ કીજે પુશકલ ખજાંનો આપ્યો, તથા ધીમાં આવાજથી, એક જગે બેશીને નીઆએશ તથા દુવા આફરીનના કલામો પઢયો. એક દાહડો અને એક રાત તલક તે જેહાનના ખોદાની બંદગીમાં ખરે પગે મશગુલ રહયો હતો. તે બાદ તે "આઝર ગુશઅસપ" નામનાં આતશ બેહરાંમનાં કાંમનાં નીભાવ ફંડમાં તેણે મોટો ખજાનો બક્ષેસ કીધો હતો, તથા તે આતશબેહરાંમના મોબેદોનેબી જરદાન તથા વસ્ત્રદાન (વાગો) આપ્યું હતું, તથા એ ઉપરાંત પઇસા ટકા અને બીજી કીમતી ચીજોનો ધરમ કીધો હતો. વલી તે આતશબેહરાંમવાલાં શહેરની અંદરના ભાગમાં જઇને, તમામ ગરીબો, ફકીરો, દરવીશો, હાજતમંદો તથા જે શખસો રોજનો ઉદયોગ કરી, પોતાનાં પેટ જોગીજ રોજી પેદા કરી જીવતા હતા, તે લોકોનેબી ઘટતી રીતનો જર માલ બક્ષી, સુખી અને ખુશી કીધા હતા, અને એમ કરીને ગોયા આખી જેહાંનને દાદખાહીથી તથા સખાવતી બક્ષેસોથી હસતી, રમતી અને જીવતી કીધી હતી.

(નામદાર સર દીનશાજી તથા સખી તએહનાં બાઇસાહેબ દીનબાઇ પીટીટ અને બીજાંઓબી આજતલક એવીજ સખાવત કરે છે તે વીશે.)

સર દીનશાજીએ, તથા બાઈ દીનબાઇએ, નવાં અંજુમનનાં આતશબેહરાંમની કીરીઆને વખતે આપેલો વાગો તથા જરદાન અને વસ્ત્રદાનને લગતું બેઆંન મી૦ મનચેરજી મનસુખે અતરે એમ કહી



બાઈસાહેબ દીનબાઈ નોશરવાનજી માણેકજી પીતીત.

સંભલાવ્યું હતું કે. ઉપલા અસલી ફીરદોશીના સખુનોની શાહદતોથી, તમામે દાનાવ અને દીનદાર જરથોશતીઓની ખાતરજમા થયા વગર રહેશે નહી કે, આતશબેહરાંમનાં પવીતર મકાંનો સથાપવાનો, તથા ત્યાંના મોબેદોને અને ગરીબોને જરમાલ અને કીમતી સફાઇદાર પોશાક અથવા વસતર આપવા અપાવવાનો રવઇઓ, કદીમ ઇરાંનના જમાનાથીજ ચાલતો આવેલો છે, અને શોકર તે ખોદાતાલાના કે, તે આજદીન તલક આપણા અતરેના દીનદાર જરથોશતીમાં પાએદાર છે. સબબ કે હાલના અંજુમનનાં આતશબેહરામની કીરીઆને વખતે, નામદાર સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટ, અને પરોપકારી ખવાસનાં બાઇસાહેબ દીનબાઇજી નશરવાંનજી પીટીટ જેવાં ધરમી દીલનાં નેક બખતોએ, દસતુરજી ડા○ જામાસપજી મીનોચેરજીને તથા તેવણના બેટા નાએબે દસતુર કેખશરૂને, ઘણાજ સફાઇદાર કપડાં (વાગા,) તેમજ જરની આશોદાદ આપી હતી. (જોશદાર ખુશાલીની તાલીના આવાજો.) એવાં તથા બીજાં પુશકલ નાંધલાં- મોટાં તેમજ જાહેર અને છુપાં બાઇસાહેબ દીનબાઇજીનાં ધરમી અને પરદુખભંજનનાં કાંમોની ઇઆદગારીમાં, તેમજ બીજી પઇસાદાર પારસી બાનુઓમાં એ ભલાં બાઇનો દાખલો પકડવાની કોશેશોને ઉસકેરવાનાં એરાદાથી આએ જગોએ એ નેકનામ બાઇસાહેબ દીનબાઇના મુબારક ચેહરાનુ પીકચર હમારા વાંચનારાઓની તેમજ કદરદાંન બીજા આલમનાં લોકોની નજર હજુર ધરવાને હમોએ ઘટતું વીચારીઉં છે. એ ભલામણ હમારા એક ખરેખાહ મીતરે કરીને એ બાઇશાહેબનું પીકચર હમોને આપીઉં હતું તેનો એવો ઉપીયોગ કરવામાં ગોયા પારસી કોમના ખરા દીનદાર અને ખરેખાહ ગરહસથો અને બાનુઓનાં દીલની ઇચ્છા અને લાગણીને અનુસરતુંજ કામ કરેઆમાં આવેલું હમો માંનીએ છઇએ. ખરાં હેસાનમંદ નાચાર બેચાર અને હાજતમંદ જરતોશતીઓની દુવા એજ છે કે, એ દીનબાઈ જેવાં સદગુણી અને સખાવતી બાનુ હજીબી ઘણા વરસો સુધીની સુખ તથા સોભા અને તનદરોસતી ભરેલી લાંબી જીંદગી ભોગવે. (ખુશાલીની તાલીઓ) બીજા સખી અને દીનચુસ્ત જરથોશતીઓએબી, ગરીબો વચે શારૂં વેહેંચાણ કીધેલું સંભલાયું હતું તથા ખાસ કીમતી અગરની અને સુખડની માચીઓ પુશકલ જુદા જુદા દીનદારો તરફની આવી હતી. તે ઉપરાંત, વલી જેમ કેખશરૂએ અને બીજા પાદશાહોએ, આગલા વખતમાં આતશના નીભાવ ફંડ કીજે.. મોટા મોટા ખજાનાં અને મોટી મોટી કીમતી જાગીરો આપી હતી, તેજ મીશાલે નામદાર

દીનશાજી પીટીટે, તથા બાઇ દીનબાઇ પીટીટે અને શેઠ કાવશજી દીનશાજી એડનવાલાએ, તથા બીજાઓએ હાલના નવા આતશબેહરામના નીભાવ ફંડમાંબી, મોટી મોટી રકમો આપી છે. (તાલીઓ.) એ હકીકત આગલા ઇરાનના જમાનાના બનાવોને ઘણીજ અજાએબ જેવી રીતે એક મલતી ઉતરી છે, અને પારશીઓના ધરમી ખવાશનું અશલીઆતપણુ બતાવે છે.*

---

* વલી એજ બાઈ સાહેબ દીનબાઈનાં દીકરી બાઈ આંવાંબાઈ તે મરહુમ શેઠ ફરામજી દીનશાજી પીટીટનાં લાએકીવાલાં ધણીઆણીએ હાલ આસરે ચેઆરથી પાંચ લાખ રૂપીઆનુ શેઠ ફરામજીને નામનુ એક મોટું ધરમખાતું સથાપવાનું નક્કી કીધેલું સંભલાઈઉં છે. શેઠ ફરામજી ગુજરેઆ તેજ વખતે એક ભાશાણ કરી એવું કોઈ પારશીઓનાંજ લાભનુ ધરમખાતું ઉભું કરવાની સુચનાં જાહેર રીતે મી૦ મનચેરજી મનસુખે કીધી હતી, અને પાછલથી તેનાં ચોપાંણીઆંબી છપાએઆં હતાં, તેને આજે તરણથી ચેઆર વરશો ગુજરી ગીઆં છે. હમો ભુલતા નહી હોએતો મી૦ મનસુખની સુચના લાચાર બેચાર પણ આબરૂદાર જરથોશતીઓને અન્ન તથા વસતર અને બીજી અગતની ચીજો પુરી પાડીને તેઓનાં નીભાવનુ ધરમખાતું સથાપવાની હતી. પણ હાલતો એક "સેનીટોરીઅમ" બનાવવાની વાતો ચાલી છે કે જે જાહજુ અગતનું દીસતું નથી.

તા૦ ૬ ઠી જુલાઈ ૧૮૯૫ ને દીને ફરામજી કાવશજીવાલાં મકાંનમાં મી૦ મનચેરજી મનસુખે એક ભાશાંણ આપીઉં હતું જેનાં ચોપાંણીઆં પાછલથી છપાએઆં હતાં તેમાં શેઠ ફરાંમજી દીનશાજી પીટીટનાં મરણ વીશેનો એશારો કરતાં, તથા તે બેહશતીની ઈઆદગારી કાએમ રાખવા જોગું એક અગતનુ ધરમખાતું ઉભું કરવાની સુચના કરતાં મી૦ મનસુખે ઘણીજ વાજબી અને દુરઅંદેશીની રાહે જે કહી સંભલાવીઉં હતું તેનો અગતનો સાર નીચે મુજબનો હાલ રજુ કરવાને ઘટતું વીચારીએ છઇએ—

"**સર દીનશાજી તથા બાઈ દીનબાઈ અને તેવણનાં બીજા બેશીઓને એક અગતની સુચનાં.**—એ પીટીટ ખાનદાંનના ભવીશના બીજા બારોનેટ શેઠ ફરાંમજી પીટીટનાં મરણનાં સમાચાર સાંભલી ગોયા આખાં શેહેરમાં મોટી દલગીરી ફેલાઇ રહી હતી. એ સદગુણી અને ભાયગવંતા પુતનાં અચાનુચાં મરણથી સર દીનશાજી જેવા બુજરગ પીતાના નસીબાનો અને કીરતી તથા દોલતનો ગોયા એક માહભારત થાંમ ધશી પડેલો ગણાએ છે. એ બેહશતીનાં ઉથમણાની કીરીઆ થઇ હતી, તેમાં રૂ૦ ૪,૫૫૦૦૦) ચેઆર લાખ અને પંચાવન હજાર ધરમદાંન કીજે આપવા શારૂ ભણાએઆ હતા. અને હમો આશા રાખીએ છીએ કે પારસી કોમનાં ભલાં કીજેનાં કોઇ ચોકસ એક ખાસ અને ખુબીવંતાં કારણસરજ એ તથા બીજી વધુ રકમ વાપરેઆમાં આવશે

(બેહેસ્તી માણેકજી જડજની એકીનદારીને લગતા સખુનો.)

વલી ઉપલાજ બેતો ઉપરથી જણાય છે કે, દરીઆની ભયંકર સફરથી, સલામતી સાથે, જ્યારે લશકર લઇને જમીનપર તે કેખશરૂ પાદશાહ સલામત ઉતર્યો, ત્યારે તરતજ આતશબેહરામમાં, યજદાંની શેતાએશ કરવા અને તેનો ઉપકાર માનવા ગયો હતો, અને એથી, એને મલતો એક બનાવ મને (ઇઆને મી૦ મનસુખને) ઇઆદ છે કે, આપણી કોમને જાણીતા બેહશતી માંણેકજી ખરશેદજી શરાફ, તે અતરેની સમાલકાજ કોરટના જડજ પોતાની બે દીકરીઓ સાથે, ઈંગલંડ ગએલા, જ્યારે

તો તેથી મોટું સવાબ હાંસલ થશે—અને તે બેહેસતીનું રૂહુ તેમજ પીટીટ ખાનદાનનાં બીજાં આગલાં ગુજર પાંમેલાંઓનાં રવાંનોબી બહુ ખુશાલ થશે.

પીટીટ ખાનદાનની ભલી કીરતી અને ઈઆદગારી તથા આબાદી સાચવી રાખવાના ઉપાએ કીજે સઉથી અગતનું અને સઉથી ઉતમ ધરમદાંન જે કરવું ઘટેછે તે એજ છે કે, પારસી કોમનાં ગરીબો તથા નાંચાર બેચારો તથા વીધવાઓ અને અશકતોનાં નીભાવ અને પાલણ પોશણ કીજે એક મોટું સદાવરતું સથાપે અને સર અવસરે હવેપછેબી તેમાં વધારો કરતા-કરાવતા રેહે.

એવી મોટી રકમના ધરમખાતાંમાંથી પારસી કોમનાં ખરા નાંચાર—બેચાંરોને તેમજ આબરૂદાર હાજતમંદોને ગુપચુપ રીતેથી ખોરાક તથા વશતર તથા રેહવાનાં મકાન અને અગતનાં ખરચજોગ પઇશા વટીક પોહચાડતા રેહ—અને તેઓની શરમ-ભરમ સાચવીને તેઓના જીગરની રાત દીનની ભલી દુવા હાંસલ કરતા રેહે. એ ઉપાએથી ઘણીએક રીતે પારસી કોમની હસતીનો નીભાવ તથા પારસી ધરમનો બચાવ થઇ શકસે—અને હાલ જે કંગાલીઅતપણાથી તથા વગર ઇલાજનાં સંકટોથી સેકડો જણનો નાશ થતો રેહે છે, તથા વટલી જાએ છે અને અનીતીનાં તથા બીજાં નાપાકીભરેલાં કરતુકોમાં ગીરફતાર થઇને બરબાદ થાએ છે, તે નહી થશે અને તેનું પુંન ચોકસજ માહાભારત લાગશે, તેમાં શક નહી જાંણવો.

વલી મરહુમ શેઠ ફરાંમજી પીટીટની અંગત અથવા ખાંનગી પુંજીબી ઘણી મોટી છે, અને તેમાંથી ધરમ ખાતે ખરચવાને તેવણ પોતે ખાહેશ બતાવી ગયલા સંભલાએ છે, તેઆરે ઉપર લખયા મુજબનું ધરમખાતું તે બેહેસતીનાં નામ નીશાન સાથેનું સથાપવાને કસીબી મુસકેલી દીસતી નથી.

ફરીનેબી હમો એટલીજ સુચના કરીએ છઇએ કે એવું ધરમખાતું સથાપીને પેલા ફરેદુન પાદશાહની માએ "ફરાંનક" જેમ ગુપટ રીતની અને કોઇનાંબી રૂઆંને ખબર નહી પડે તેવાં ધરમદાંનની સખાવત કીધી હતી તેમજ કરત. રેહવાને સરવે કોઈએ ઈઆદ રાખવું."

મુંબઇમાં પાછા મધરાતે કીનારે ઉતર્યા હતા, ત્યારે તરતજ સઉથી પેહલાં, વાહડીઆજીનાં આતશબેહરામમાં જઇ, દરવાજા રાતો રાત ઉઘડાવી, ખોદાની બંદગીમાં મશગુલ થયા હતા. (જોશદાર તાલીઓ.) એ મુજબનું દીનદારીનું એકીન, આપણા આગલા બુજરગોમાં બહુ ચહડતે દરજેનું હતું (તાલીઓ.) અને સુધારાના આજના કાફરીપણાની અથવા બદએકીનની જેવી લાગણી, તેઓમાં બીલકુલજ નહી હતી. દરીઆની સફર ખરીજ દેહેશત ભરેલી છે, સબબ એક શાએરનાં કહેવા મુજબ, જ્યારે આપણે બોટમાં બેશી દરીઆની સપાતી ઉપર રાહ કાપીએ છઇએ, ત્યારે તે બોટ અથવા વહાણ, માતર એક બે ગજ્જ પાણીમાં ગરક જવાથી અથવા આપણું મોત લાવવાથી અતરંગ રહે છે.

(દીકરાએ અથવા કોઈબી બેશી દોસ્ત આશનાવે આ જેહાંનમાં કીધેલી ભલાઈ અથવા બુરાઇની અસર પેલી જગનાં રવાનને પોહચે છે તે વીશે.)

ઇરાની પાદશાહ કેખશરૂની ભલી અને ઇનસાફી ચાલથી, તથા દાદખાહી ભરેલી રાજનીતીથી બેહશતી થએલા તેના બાપ "શીઆવક્ષ" નું રવાન પેલી જેહાંનમાં ખુશાલ થયું હતું, બલકે મુરદાલ હાલતમાંથી પાછું ગોયા જીવતું થયું હતું, તેને લગતા અસલી જમાનાના વીચાર આચારનાં લખાંણનાં, શાહનામા મધેના સખુનોની મોતેબર શાહદત, અથવા દીકરાનું કીધેલું બાપને પોંહચે છે તેની શાહદતઃ—

(બેતો.)

વજ આંન પસ બ તખતે કઈ બર નીશશત
દરે બાર બે કુશાદો લબરા બેબસત.
નબીશતંદ નાંમે બ હર કીશવરી
બહર નામદારીઓ હર મેહતરી.
કે રૂએ જમીન અજ બદે અઝદહા
બ શમશીરે કએખશરૂ આમદ રહા.
બ નીરૂએ ઇઅજદાંને પીરૂજગર
ન આસુદો ન કુશાદ હરગેજ કમર.
કે તા ગીતી અજ હર બદી પાક કરદ
જેહાંન જુમલે બી તરસો--બી બાક કરદ.
રવાંને શીઆઉસ—બદઉ ઝીંદેહ ગશત
હમે રૂએ ગીતી--વેરા બંદેહ ગશત.

ઉપલા બેતોમાં ફીરદોશીએ એમ સમજાવ્યું છે કે,—"પોતાના બાપ શીઆવક્ષના કીનાના કામથી, તથા તમામ જગતમાં, તમામ જાતની ભલી ભલાઇંનો ફેલાવો કરવાથી ફારેગ થયા બાદ, પોતાનાં શાહનશાહી કેઆંની તખતપર તે બેઠો, અને દાદ તથા ઇનશાફની દરબારના દરવાજા ખોલ્લા મેલ્યા, અને તમામ મુલકોના રાજાઓ તથા સરદારો ઉપર પત્રો લખીને, તેઓને જણાવ્યું કે, આએ દુનીઆંની સપાતી ઉપરથી, તમામ જાતની બદીને તથા બદકારોને, મેં મારી તલવારના જોરથી નાબુદ કીધાં છે. તે ફતેહ બક્ષનાર યઝદાંતાલાની મદદથી, જ્યાં સુધી આ જગતના મુલકો તમામ કીસમની બદી અને જુલમાતથી મોકલા થયા નહી હતા ત્યાં સુધી મેં મારી કમરથી તલવાર છોડી નહીં હતી અને આરાંમ તથા આશુદગી ભોગવવામાં વખત ગુજાર્યો નહીં હતો. હવે એ કામથી હું રાહત પામ્યો છઉં અને તમામ જેહાંન મારા તાબામાં આવી ચુકી છે, અને એવી મારી નેક ચાલથી, મારા મરહુમ પીતા શેઆવક્ષનું રવાંન, પેલી જેહાંનમાં, ગોયા ખુશાલી અને હરખના જોરથી પાછું જીવતું થયું હશે!"

મીજલસના સાહેબો, ઉપલા સખુનો ઉપરથી ખોલ્લી રીતે એવુંજ સાબેત થાય છે કે, અસલી જમાનાથીજ આપણા લોકોનું એવું એકીન ચાલતું આવેલું છે કે, ગુજરી ગએલાં રવાંનોને પેલી જેહાંનમાં, તેનાં ફરજંદો અને ખેશીઓનાં આએ જેહાંનનાં કામ કરતુકોની ભલી અથવા બુરી અસર લાગુ પડતી રહે છે, તથા આગલાં ગુજર પામેલાં રવાંનો સાથે પાછલનાં તેઓનાં વારેસ વકીલો અને બીજાઓનાં રવાંનોનો મેલાપબી થાય છે, કે જે વીશે આજના પેલા ભુલાવો ખાધેલા અને બદ એકીની ઉપર ઉતરી પડેલા ખોટતા સુધારાવાલામાં ખપનારા મુઠીભર શખસો, કંઇ જુદુંજ "હમબગ" સમજાવે છે, અને ફરોહરને તથા રવાંનોને લગતી બેધંગી અને વેહમી વાતો સમજાવીને, ભોલા તથા અભણ લોકોને આડે રસતે ઉતારે છે, અને એવો ના લાએક તથા ગુનાહ ભરેલો બકબકારો કરે છે કે, એક ગુજરી ગએલા જરથોશતી શખશને ચેહારમની અથવા ચેઆર દાહડાની મુદત પછેથી, કંઇબી ચીજની અથવા કંઇબી ભલી ભલાઇ અને સખાવતની અસર તેનાં રવાંનને પેલી જેહાંનમાં પોંહચી શક્તી નથી. (હીશ હીશના તીરસ્કારના આવાજ.)

(લોહરાસ્પને પેલી જેહાનમાં મલવાનો કેખશરૂ પાદશાહે કીધેલો ઇશારો.)

પાદશાહ કેખશરૂએ, પોતાનાં રાજપાટનો અધીકાર, પાદશાહ "લોહરાસપ" ને આપતી વખતે, જે ફરજીઆત બજાવવાને લગતા શીખામણના સખુનો કહયા હતા, તે મુજબ ચાલ્યાથી, તેનું રવાંન જ્યારે પેલી જેહાંનમાં તેને તથા તેનાં બાપ "શીઆવક્ષ" ને મલશે, ત્યારે આનંદ અને શુરખરૂઇ સાથે મલે, તેવી ચાલ ચલાવવાને અને ખેજાલત નહી પાંમે તેવું કરવાને સુચવ્યું હતું, તેને લગતા સખુનો, અથવા પેલી જેહાંનમાં રવાંનોની મોલાકાત થાય છે, તેની શાહદતને લગતા સખુનો ફીરદોસીનાં શાહનામાં મધે નીચે મુજબનાં છે—

(બેતો.)

ખરૂશીદો લોહરાક્ષપરા પીશ ખુનદ
વજ ઇશાંન ફેરાવાન સખુનહા બેરૂનદ.
મજુઈદ અજીન રફતન આજારે મંન
કે રોશંન શવદ રાહો દીદારે મંન.
ન બાએદ કે ઈઅજદાંન ચું ખાંનદત પીશ
રવાંને તો શરમ આરદ અજ કારે ખીશ.
ચું બીની મરા બા "શીઆઉશ" બહંમ
જે શરમે દો ખુશરૂ બેમાં નદ દઝંમ.
તો શવ તખતે શાહી બ આઇન બેદાર
બ ગીતી જુજ અજ તોખમે નીકી મકાર.
હર આંન ગેહ કે બાશી તન આસાંન જે રંજ
ન નાંજી બ તાજે ન નાંજી બ ગંજ.
હમે દાદ જુઇઓ હમે દાદ કુન
જે ગીતી તને મેહતર આજાદ કુન.

ઉપલા બેતોનો ખોલાસાદાર તરજુમો એમ થાય છે કે,—

જ્યારે પાદશાહ કેખશરૂ, પોતાનું રાજપાત છોડી, ખોદાઇ બંદગી કીજે એકાંતવાસ થવા ગયો, ત્યારે પોતાના વારેશ "લોહરાસપ" ને પોતાની આગલ બોલાવી, ઘણી એક રીતના સખુનો સમજાવ્યા હતા. તેમાં ખાસ કરીને એમ કહયું હતું કે, એ લોહરસપ, મારાં આએ રીતનાં કાંમથી, તારાં દીલમાં તું કંઇ માઠું લાવતો રખે, સબબ કે એવીજ મારી ચાલથી આખેરશ મારો શેવટનો રસતો મોકલો અને મારો દીદાર રોશંન

થશે. તું પોતેબી ભલીજ ચાલ ચલાવતો રેહજે, અને એવું નાં કરતો કે, જ્યારે તે સાહેબ તુને પેલી જેહાનમાં બોલાવી લીએ, ત્યારે તુને તારાં કરતુકથી સરમમાં પડવું પડે. વલી જ્યારે તું પેલી જેહાંનમાં માહરાં અને મારા બાપ શીઆવક્ષનાં **રવાંનોને મલે**, ત્યારે તારાં બદ કરતુકને લીધે, તુને મુજાવું પડે અથવા તુને ખેજાલત ભોગવવી પડે, તેવું ના કરતો. હાલ તો તું આએ તખત ઉપર બેસ અને દીનઆઈનના તથા દાદખાહીના કાનુન મુજબ અમલ ચલાવજે, અને નેકી શીવાએ બીજું ઉલટું કામ કરતો રખે. જ્યારે દુનીઆઇ રંજથી તારૂં તંન-મન ફારેગ થાએ, ત્યારે ફોકટ નાંજનખરાંમાં અને ગંજની ગરૂરીનાં વીચારમાં, તું કંઇ ભુલ ભર્યાં કામ કરતો રખે. પણ હંમેશાં દાદખાહીનાં અને સખાવંતનાં તથા ધરમ દાનનાં કામો કરતો રેહજે અને આએ તારાં શાહનશાહી તન-મનને પેલી જાવેદાંનની જેહાંનમાં સુખ સંપજ મલે તેવું કરજે. **(તાલીઓ.)**

કેખશરૂને તખત-તાજ અને દુનીઆદારી નહી છોડી જવાની વીનંતી અને કાકલુદી કરતી વખતે, ઇરાંનની આલમના અદના તથા આલા લોકોએ **આતશબેહરાંમ**માં જઇ દુવા બંદગી કરવા કીજેના તથા તેના ઘોડાના પગની હેઠલની ખાકની મીસાલે રગડાઈ મરવા કીજેના કહેલા શખુનો.—

(બેતો.)

હમે ખાક બાશીમ અસપે તોરા—
પરેસતંદે **"આઝર ગુશઅસપે"**—તોરા.
હમે પીશે ઇઅજદાંન સેતાએશ કુનીમ.
બ આતશ કદેહ દર નીઆએશ કુનીમ.

ઇઆને અસો અને અદલ કેખશરૂ પાદશાહ પોતાની પરજાને એટલો તો વાહલો અને માનવંતો હતો કે તેની હકુમત નીભાવવાને ખાતર તેમજ તેની હઇઆતી લંબાવવાને ખાતર આતશબેહરાંમના પવીતર કેબલાની સનમુખ જઇને તે ખોદાતાલા પાસે એક આવાજે દુવા ચાહવાને ખાતર, તેમજ તેની ઉપર કુરબાંન થઇને અગત પડે તો તેના ઘોડાના પગ હેઠલની રજની મીસાલે રગડાઇ જઇને પોતાનાં પરાંણો સદકે કરવાને ખાતર તેની રઇએતનાં લોક તઇઆર થએઆ હતા, અને તેઓએ તે પાદશાહને વીનંતી કીધી હતી કે દુનીઆદારી તજી દઇને એકાંતવાસ થવાનો પોતાનો ઇરાદો તજી દેવો. પણ તે ખોદાઇ મોહબતમાં ગીરફતાર થઈ પડેલો અથવો ખોદાઇ

એશકમાં મસત અને ચકચુર થઇ પડેલો કેખશરૂ પાદશાહ કંઇબી રીતે સમજેઓ નહી હતો અને પોતાના દીલના ઠેરાવનેજ વળગી રહીને, ઇરાંનથી દુરદરાજ મંજલ પર આવેલા એક પાહડની ગુફા તરફ જઇને બંદગીના અથવા ખોદાશનાંસીના કામમાં મશગુલ થઇ રહેઓ હતો અને આલમના લોકોની નજરથી તદનજ છુપો થઈ ગીઓ હતો, એવી મતલબ જેમ જેમ શાહનામામા તેમજ બીજી કેતાબોમાં જણાવેઆમાં આવેલી દીસે છે.

કેખશરૂ પાદશાહ પાસેથી ઇરાંનના રાજની હકુમતનો શાહનશાહી અખતીઆર પોતાના અસતકમાં લીધા બાદ, તથા ચો તરફ સરવે પરકારની શાંતી અને સુલેહસંપજ ફેલાવેઆ બાદ, પાદશાહ લોહરાસપે એક મોટું શહેર વશાવીઉં અને તેમાં જગેજગે આતશકદેહો-ઇઆને આતશબેહરાંમો બરપા કીધાં હતાં તે વીશે ફીરદોસીએ એમ લખેલું છે કે—

(બેતો.)

એકી સારેસાંની બર આવોરદ શાહ—
પુર અજ બરજનો—કુઉઓ—બાજારગાહ.
બ હર બરજની જાએ જશને સદેહ
હમે ગરદ—બર ગરદ આતશકદેહ
એકી આઝરી સાખત "બરજીન" બ નાંમ
કે બુદ બા બુજરગીઓ—બા—ફરરો—કાંમ.

ઇઆને એ લોહરાસપ શાહે પાછલથી એક નવો મુલક વસાવેઓ હતો અને તેમાં પુશકલ મેહલો તથા ઘરો તથા લાએક રેહઠાંણો અને બાગ-બગીચા તથા બાજારગાહો બરપા કીધાં હતાં. તથા જશંનો અને બીજી લાએક તથા મોટી મીજલસો મેલવવાને બરના મકાંનો બંધાવેઆં હતા, અને વલી તેઓની આસપાસની જગાઓ ઉપર બંદગી અને સતાએશ કરવા લાએકના આતશબેહરાંમો ઉભા કીધાં હતાં. તેમાં એક મોટો આતશબેહરાંમ બંધાવેઓ હતો તેનુ નાંમ "આઝર બરજીન"-રાખીઉ હતું—અને તે પાક મકાંન મોટા દમામ અને મોટી રોનક અથવા બુજરગી વાલું ગણાતું હતું.

એ કેખશરૂ પાદશાહે પોતાનું રાજપાટ છોડી જતી વખતે પોતાના વફાદાર અને લાએક સરદારો અને સુબાઓને મોટા ગંજ-માલની તેમજ

મોટી મોટી જાગીરોની બખશેશો આપી હતી તેમાં "ગોદરેજ" પહેલવાંનને મુલકની અથવા જાગીરની બખશેશ આપતી વખતે "કેખશરૂએ"–આતશ-બેહરાંમો બાંધવાની અને ગરીબોને નવાજવાની તથા બીજી આબાદીઓ ફેલાવવાની કીધેલી ભલાંમણને લગતા શાહનામા મધેના અસલ સખુનો આ નીચે મુજબના છે—

(બેતો.)

બર ઈશાંન દરે ગંજ બસતે મદાર
બે બખશો—બે તરસ અજ બદે રૂજગાર.
દીગર હર કુજારસમે **આતશ કદેહ અસત**
કે બી હેરબદ જાઈ વીરાંન શુંદેહ અસત.
બે બાએદ હમી **આતશ અફરૂખતંન**
બદાંન નાંમે નીકુ બે અનદુખતંન.
બદીન ગંજો સીમો જર આબાદ કુન
દેરંમ ખાર કુન મરગ રા ઈઆદ કુન.

ઇઆને "ગોદરેજ" ને મોટાં મોટાં ગામોની અને જરમાલની બખશેશ આપતી વખતે કેખશરૂએ તેને એમ સુચવીઉ હતું અથવા એવી શીખાંમણ દીધી હતી કે,–તારી રઇઅતના અથવા તારા તાબા તળેના ગરીબ અને નાચાર બેચાર લોકોને પઇસા ટકાની તેમજ બીજી ચીજોની મદદ કરતો રેહજે, અને તારા અસતકના માલ ખજાનાંના દરવાજા તું કંજુસાઇ અથવા બેખલપેટાઇથી બંધ કરી બેસતો રખે. વળી જે જે જગોએ આતશબેહરામના અથવા બંદગી કરવાના મકાંનોની હાજત હોએ તાંહાં તે બંધાવીને સગવડ આપતો રેહજે અને વગર ધરમગુરૂઓની વેરાંન જગો વસાવીને પાછી હેરઆદો અથવા મોબેદોથી વસતીદાર કરજે. તથા હરદમ બખશેશો અને સખાવતો કરતો રહેજે અને આએ જેહાંનની બદકારી ભરેલી અસરથી બીહીને તેનાથી સદા દુર રેહજે. બંદગી કરવાના આતશખાનાઓ બનાવીને તેમાં આતશી કેબલાનુ નુર હરદમખીલતું રાખજે, કે એથી તારૂં નામ નીશાન આએ જેહાનમાં નેકી ભરેલું રેહશે. આએ ધન માલ અને જર જહવેર જે મેં તુને આપીઉં છે, તે એવાંજ કારણો સર તું સદા ખરચતો રેહજે, એ ધન માલને એક નજીવી અને કંઇબી બીસાદ વગરની ચીજ ગણીને, હરદમ તું તારી છેહલી ઘડીની અજલને ઇઆદ કરતો રેહજે.

બંદગી કરતાં પોતાનું રવાંન બેહશતમાં જવા કીજે તથા રોશન દીલના લોકોની અથવા અસોરૂવાંનોની સંફમાં બીરાજવા કીજે પાદશાહ કેખશરૂએ તે પરવરદેગાર પાસ ચાહેલી દુવાને લગતા અસલ સખુનો—

(બેતો.)

કે દારંદેહો—બર સર આરંદેહ ઉસત
જમીનો—જમાંનરા—નેગાહરંદેહ ઉસત.
હમ ઉ આફરીનંદેહે—મુરો—પીલ
જે ખાશાકે નાંચીજ દરીઆએ નીલ
હમે બા તવાંનાઇએ ઉ ઈએકીઅસત—
ખોદાવંદે હસતો—ખોદાવંદે નીસત.
કસીરા કે ઉ પરવરાંનદ બ મેહેર.
બર ઉ બર ન ગરદદ બ તુંદી સીપેહેર.
હમી ગોફત કે અએ બરતર અજ બરતરી
ફજાએઅંદેહે—પાકીઓ—મેહતરી.
તો બાશી બ મીનુ મરા રેહનુમાઈ
ચું મન બોગુજરમ જીન સે પંજી સરાઈ
બ કઝી—દીલમ હીચ નાં તાફતેહ
રવાંન જાએ રોશન દીલાંન ઈઆફતેહ.

ઉપલા બેતોનો ખોલાસાદાર અરથ એમ થાય છે કે—તે પરવરદેગાર સરવે ચીજને ઉતપંન કરનાર અને નીભાવનાર પોતેજ છે, તથા જગત અને વખતનો નેગાહરંદેહબી તેજ છે. નાંધલામાં નાંધલી કીડી-તેમજ મોટામાં મોટા હાથી જેવા પ્રાણીઓને પેદા કરનારબી તેજ છે, તથા એક નજીવા પાણીના કતરામાંથી "નાઇલ"-નાં જેવા દરીઆ અથવા મોટી નદીને ઉતપંન કરનારોબી તેજ છે. તેનાં સામરથ આગલ સરવે ચીજો એક સરખી અથવા ઉતરતી છે અને તે સાહેબજ સઘળી હસતી તેમજ નીસતીનો ખરો ધણી છે. જે શખસને તે ખોદાતાલાજ જો પોતાની મહેર અને પનાંહ હેઠલ પરવરશ કરે, તે શખસને આ ફરતો બોહલો આકાશ વટીક કસી ઇજા-હરકત કરી શકે નહી.

સેવટે તે કેખશરૂ પાદશાહ એમ બોલ્યો હતો કે,—એ ખોદા સઘલી બુલંદમાં બુલંદ અને સરસમાં સરસ ચીજો કરતાંનેબી તું પોતેજ વધારે બુલંદ અને વધારે સરસ છે, અને તમામ જાતની પાકીજગી અને મોટાઇનો ફેલાવનારબી તુંજ છે. વાસતે આ મારા પરાંણને પેલી જેહાંનના બેહસતમાં લઇ જવા શારૂ તું મારો રાહબુમા થજે, જ્યારે આ તરંણુ

પાંચ દીનની જગતમાંથી હું રવાંના થાઉ અથવા ગુજર પાંમુ ત્યારે કોઇબી રીતનો આડા અથવા પાપી વીચાર અને રાહ તરફ મને ધલવા દેતો રખે, અને માહરાં રવાંનને પેલી જેહાંનના બીજાં બેહશતી રવાંનોની સફમાં દાખલ કરજે.

અતરે મી૦ મનસુખે ટીકા કરી એમ સમજાવ્યું હતું કે ફીરદોશીનાં લગભગ તમાંમ લખાણોમાં **રવાંનો** પેલી જેહાંનમાં જાયછે અને ત્યાં **રવાંનોનીજ** મુલાકાત થાએ છે, અને બેહશતનાં મકાંનમાં રવાંનોનેજ એક બીજા સાથની મુલાકાતની વકી રાખ્યામાં આવતી હતી, એવુંજ એકીન અસલી દીનદાર ઈરાંની પારસીઓ અને પાદશાહોનું હતું, એવું સાબેત થાએ છે: અને જેમ આજનાં કેટલાએક સુધારાવાળામાં ખપનારાઓ, કેટલાએક નાસતીક એકીનના યુરોપીઅન લખનારાઓના મતના આધાર પકડીને, "ફરોહરની" અને તેનેજ લગતી કંઇ બીજી ગલત વાતો સમજાવે છે, અને બાજરોજગાર તથા ભણતરો અને ક્રીરીઆ કામોનુ ગુણગારૂં એકીન બરહમ મારવાની કોશેશો કરે છે, તેવું કંઇબી લખાંણ ફીરદોશીનાં આખા તવારીખ પુસતકમાંથી મલી શકતું નથી. અસલી ઇરાંની પારસીઓની રાહરીતી અને એકીનદારીની ખરી નોંધ જો કોઇબી તવારીખી પુસતકમાં નોધાઈ રહેલી સાબેત હોય તો તે **શાહનામાં** નામના ફીરદોશીના અસલ તવારીખી પુસતકમાંજ છે, એટલું તમો સાહેબોએ અને બાંનુઓએ ખુબ યાદ રાખવું.

(ઇરાંનના તખત પર ગોસતાસપ પાદશાહ બેઠો અને જરથોશત પેગમબરની દીન કબુલ રાખી તે દીનના એકીનનો ફેલાવો બીજા દેશના અને બીજા ટોલાના લોકોમાં કીધો હતો તે વીશે.)

જરથોશતી દીનનુ એકીન દુનીઆના બીજા ભાગોમાં વસનારા લોકોમાં પેગમબર જરથોશતના હોકમ મુજબ પાદશાહ ગુસતાસપેં લશ્કરી લડાઇઓના જોરથી, તેમજ દસતુરો અને મોબેદોની મોહડેની સમજાવટથી ફેલાવીઉ હતું, તેને લગતા કેટલાએક અસલ શાહનામાના ફારસી બેતો નીચે મુજબના છે.—

(બેતો.)

પસ આઝાદેહ ગોસતાસપ બર સુદ બ ગાહ
ફરેસતાદ હર શું બ કીશવર સીપાહ.

પરાગંદે કરદ બ જેહાંન મોબેદાંન—
નેહાદ અઝ બરે આઝરાંન ગુંમબદાંન.

નખુસત આઝરે મેહરબુરજીન નેહાદ.
બ કીશવર નેગર તા ચે આઈન નેહાદ.

કે આંન મેહર બુરજીન બીદુદ બુદ
મુનવવર ન અજ હીઝમો અઉદ બુદ.

ફરેસતાદ હર સુ બ કીશવર પેએઆંમ
કે ચું સરવે કશમીર બ ગીતી કુદાંમ?

બગીરીદ એકસર રેહે જરદોહશત—
બ સુએ બુતે ચીન બર આરીદ પોશત.

બબર જુ ફરે શાહે ઈરાંનીઆન—
બબંદીદ કુશતી હમે બર મીઆંન.

સુએ ગુંમબદે આઝર આરીદ રૂઈ
બ ફરમાંને પએગમબરે રાસત ગુઈ.

ઉપલા બેતોનો ગુજરાતી સાર એમ છે કે—ગોસતાસપ ઇરાંનની ગાદી ઉપર બેઠો અને તે બાદ જરથોશતનુ તેની પાસે આવવું થઇઉ. તેની દીન કબુલ રાખીને દીનનાં એકીનનો ફેલાવો કરવા શારૂ લશકરી ફોજ તેમજ મોબેદો અને બીજા દીનદાર દાનાવોને આ જેહાંનના જુદા જુદા લતાઓ તરફ મોકલીને લોકોને સમજાવેઆ હતા, તથા આતશબેહરાંમો જગે જગે બરપા કીધા હતા. સઉથી પેહલા "મેહરબુરજીન" નામનાં આતશને તખતનશીન કીધા હતા—કે જે આતશ ખુદ પોતાની મેલે સદા રોશનજ રેહતો અને કંઇબી ધુમાડો તેમાંથી નીકલતો નહી હતો—અને કંઇબી લાકડાંની અથવા બીજાં બલતનની તેને અગત નહી હતી. જરથોશતી દીનની રાહ કબુલવાને અને કમર ઉપર કશતી બાંધવાની શેફારશ બીજા લોકોને તેમજ સરદારોને કીધી હતી. તથા ચીનદેશ તરફના રેહવાશીઓને ભુતપરસતી તજી દેવાને ફરમાવીઉ હતું, ઇતીઆદી.

હાલ જમાનાના પારસીઓની વસતીના ઘટાડા બાબે મી૰ મન-સુખના વીચારો અને ટીકા. તથા ગયા ૪૨) બેહટાલીસ વરશો પર તેવણે પરગટ કરેલા વીચારો સાથે તેનો મુકાબલો.

ઉપલા બેતોનો તથા સખુનોનો ખોલાસો સમજાવતાં મી૰ મનસુખે એવા ટીકા કીધા હતા કે મીજલસના સાહેબો તમો જોશો કે આપણા પેગમબર સાહેબ જરથોશતે તેમજ શાહનશાહ ગોસતાસપે આપણી જરથોશતી દીનનો ફેલાવો કરવા કીજે પોતાના ધરમગુરૂઓ તેમજ લશકરી અમલદારોને જુદી જુદી જગોએ અને જુદા જુદા લોકો વચે મોકલેઆ હતા અને તે વખતના પારકા ધરમવાળાઓને પોતાના ધરમમાં લઇને એ ધરમ પાલનારાઓની સંખયાં લખો અને કરોડોનીજ નહી પણ અબજો માણસોની કીધી હતી. અને એમ કરે તોજ એક નવા ધરમ પાલનારાઓની સંખયા વધે અને તે ધરમનો નીભાવ ચાલુ રેહે. પણ બીજાઓની તેમજ ખુદ પોતાના નીઆગાંનોની તવારીખી બાબતોથી આજના અકસર પારસી ભાઇઓ અજાણયા રહેઆને લીધે હાલ તેઓ એવુંજ ગુમાંન ધરાવતા જણાએ છે કે આપણા ધરમમાં કોઇ પારકી કોમવાલાઓને લેવાઇ અથવા આંમેજ કરાઇ શકાએ નહી, અને તેમ કરવામાં મોટી એબ અથવા પાપ ગણાએ! પણ તેઆરે એવા શખશોએ વીચાર કરવો જોઇએ છે કે શું જરથોશતના જમાનાનાં લખો અને કરોડો દીનદારો ખુદ આકાશપરથી ઉતરી આવેલા હતા કે? અથવા જરથોશતી દીનને પવીતર અને ખાલેસ ગણીને ખુદ તમોજ અખતીઆર કરી બેશો અને બીજાઓને તેમાં દાખલ નહી કરો તો શું એખલા તમોજ તે દુનીઆના બેહશતમાં જવાની ઉમેદ રાખી, બીજાઓને દોજખજ ભોગવતા રેહવા દેવા ચાહો છેઓ કે? એવો બેહુદો ખેઆલ તમોએ તરક કરવો જોઇએ છે, અને અસલી તમારા વડવાઓનીજ રીતી નીતી અખતીઆર કરીને જરથોશતી ધરમની એકીનદારી દુનીઆની સપાતી ઉપર સચવાએલી અને ચાલુ રહી શકે તેવા ઉપાય અમલમાં લાવવાની કોશેશો કરતા રેહવું જોઇએ છે. કોઇબી પેગમબરી ધરમ અસલી જમાનામાં એવો નહી હતો, અને આજેબી કેથે નથી, કે જેમાં પારકી કોમ અને પારકા દેશવાળાઓને દાખલ નહી કીધામાં આવેલા હોય, અથવા દાખલ કરતા નહી હોય. આજના પારસીઓને પોતાના મહજબની સલામતી સંબંધી ઘણાજ

બેદરકાર જોઇએ છઇએ, અને જરથોશતીઓની આબાદી અને હસતી નીભાવી રાખવા શારૂ કંઇબી ઘટતી લાગણી અને ઉલટ તથા તદબીર તેઓમાં રહેલી દીસતી નથી તે દેખાવ અતીશય દલગીરી અને નીરાશી ઉપજાવવા જોગ છે તેમાં કશો શક નહી જાણવો. ગયાં ઘણા વરશો થએઆં (મી૦ મનસુખ બોલેઆ કે) હું એવાજ પોકાર ઉઠાવતો અને એવાજ સવાલો પુછતો આવેઓ છેઉ કે જો હાલનીજ હાલતમાં પારસી-ઓની જીંદગી ચાલુ રેહે અને તેઓનાં બચાંઓને હાલનાજ જેવી અધરમી અને વગર દીનદારીનાં એકીનની કેળવણી મલતી રેહે તો, એ ટોલો અને એ ધરમ હવે પછે લાંબા વખત તલક કેમ નીભી શકે વારૂં? પારસીઓમાં હાલ મરણો વધેયાં જાએ છે, તથા જનમોનો મોટો ઘટાડો થતો રહેઓ છે અને એવોજ મામલો જુજ મુદત તલક ચાલુ રેહે તો એ ટોલો નાબુદ કેમ નહી થાય? પારસી કોમમાં જનમોનો ઘટાડો થઇ પડેઓ છે, તેનાં સબબો ખોલલા છે, પણ તે બાબે હાલ લંબાંણ બોલવાને હું દરૂસત વીચારતો નથી.

ગયાં ૪૨) બેહટાલીસ વરશોની વાતપર "અહેવાલે ઝંદ અવસતા" નામનુ એક મોટી ઇઆદગારી ભરેલું પુસતક મી૦ મનસુખની કલમથી ગોઆ મી૦ મનસુખની ઉધરતી જવાનીના વખતમાં લખાયલું છપાઇઉ હતું તે પુસતકના સફે ૧૨૭) થી તે સફે ૧૩૭) તલકમાં છપાએલા સખુનો મધેથી કેટલાએક અગતના સખુનનો ઉતારો કરી, મી૦ મનસુખની તરફની ઉધરતી જુવાંનીના વખતની કાબેલીએત અથવા દુર અંદેશા અને અગમચેટીનો નમુનો આ પરસંગે અતરે બતાવવાને ઘટતું વીચારીએ છઇએ, અને તે નીચે લખીઆ મુજબનો છે.—

"તમાંમ દુનીઆના શેઆણા ગરહસથોના દીલોની રોશન ચશમોને પુરતી રીતે દેખઈતું છે કે એક ધરંમની આબાદાંની અથવા એક ટોલાની જાલવનીનો માહાભારત આધાર અને મુશતકીન પાએઓ અકશર કરી બે ચીજો અથવા બનાવો ઉપર છે.

તેમાં પેહેલું એ છે કે જુદદીનવારાઓને પોતાના ધરમની ભલી નીતીઓ, અને ખુબીઓની હર રીતની કલા અને કરાંમત તથા ટાલ અને તલાવટથી રેહેનુમાઈ કરી પોતાના દેશ અથવા નખીનો ધરમ કબુલ કરાવી પોતાની હંમજાતનો વધારો કરવો.

બીજું એ કે પોતાનાં હંમદીનોને એકથી વધારે ઓરતોસે નેકા કરવાની છુટ આપવી, કે તેથીબી જુજ મુદતમાં તે કોમના દીનદારોની સંખયાનો

અને તેમની તરફેન કરનારાઓનો, અતી ઘણો મોહોટો વધારો થઈ જાએ છે. એ એજ શબબો ઉપરથી આજ સઘલા દુનીઆના ભાગોમાં ખ્રીસટી અને મહમદી ધરમો કબુલ રાખનારાઓની સંખયાનો અતી ઘણો મોહોટો વધારો થાએઓ છે, અને હજી થાએઓ જાએછે, અને થાશે.

ખ્રીસટી ધરમમાં જોપણ એકથી વધારે ઓરતો સાથે નેકા કરવાની રશંમ નથી, તોપણ એ ધરંમમાં સરવે દેશ અને સરવે ગણેઆતનાં લોકોને વટલાવાનુ કાંમ હરદંમ અને હર જગે ચાલુ છે, અને તે બાબે કરોડો રૂપીઆનો હર શાલ અંગરેજ સરકાર વગેરે બીજા યુરોપીઅન રાજવાલાઓને તથા તેઓની રઈએતને ખરચ છે, એ વાતની ખરી હકીકત કંઇ દુનીઆના લોકોથી છુપી નથી.

મહમદી ધરમમાં બીજી કોમવાલાઓને વટલાવાની કોશેશો બલકે જુલંમો છતાં એકથી વધારે ઓરતો સાથે નેકા કરવાની છુટ એ ધરમના નબી અને વલીએ અસલથી આપી છે તેથી ઘણીજ થોડી મુદતમાં એ દીનને પાલનારાઓની સંખયા દુનીઆના સરવે ભાગો ઉપર બહુ વધી ગઈ છે અને હજી વધે છે, તે ઉપરથી એવું સાબેત થાએચ કે એ બેઉ ધરમો પાલનારાઓની સંખયામાં જેમ કુદરતી મોહોતથી અથવા કમોહોતથી અથવા મરકી અને લડાઈઓ અને બીજા શબબોથી જે ઘટારો થાએચ તે ઘટારો પુરાતાં ઉપરાંત ઘણાં વધારે પરાંણીઓ એ ધરમોમાં સામેલ થાએચ અને અકલની આંખે જોતાં એવું જણાએચ કે જો એજ સાદી રીત ચાલુ રેહ તો એ ધરમોની આબાદીને કોઈ કાલેબી મોહોટો ધોકો અને હીલો હરકત પોંહોચી શકે નહી અથવા એ ધરમોને પાલનારાઓની સંખયામાં ઘટારોબી થાએ નહી.

જો જરથોશતી દીનની આબાદી કાએમ રાખવા સારૂ અથવા એ દીનને પાલનારાઓની સંખયામાં વધારો જારી રાખવા સારૂ (બીજાઓને પોતાના ધરમમાં લેવાનો) ઉપાએ હાલના જરથોશતીઓ પોતાનામાં દાખેલ નહી કરે તો ઘણાંજ શેહેલથી બની શકવા જોગ નાંપશંદ બનાવોથી અથવા જમાનાના દોરથી નીપજનારી સાધારણ બલા અથવા આફતોથી આવતાં પચાશ અથવા સો વરશની મુદતમાં પારસીઓની માહા કદીમ દીન તદન ફના થાએ અથવા એ નાંમીચો ટોલો પરથવી પરથી નાબુદ અને નનાંમો થાઈ પડે તેવું આએ નીચે લખેલાં કારણો ઉપરથી કબુલ રાખવાને કોઈબી વીચારવંત પુરૂશથી મોહટી અડચણ લેવાઈ શકાએ અથવા મોતેબર દલીલો ઉપરથી રદ કરાઈ શકાએ તેવું નથી.

જો સઉથી ભરોશો રાખવા જોગ જરથોશતી ધરમ પાલનારાઓની સંખયાનો હાલ અડશટો કાહાડીએ તો દુનીઆનાં સઘલા ભાગોમાં કુલે ૫૦૦૦૦ પચાસ હજાર થી વધુ હોએ તેવું મનાઈ શકાતું નથી. અને ઘણીજ માહાભારત તજવીજ અને અજમાએશથી કુલ દુનીઆના દાનાંવો એક એતેફાક અને એકમતથી એવું જણાવી અથવા જાહેર કરી ગીઆચ કે આ પુરથવીપરની

મનુશ જાતની વસતીમાં સદાકાલ જેટલો કુદરતી મોહોતથી ઘટારો થાએચ તેટલોજ બીજા નવાં પરાંણીઓનાં જનમેઆથી પાછો વધારો થાએઓ જાએચ, એ માઆકુલ કોલને આજસુધી કોઈ ભરોશો રાખવા જોગ દાખલા દલીલથી રદ અથવા નાપાએદાર ઠેરવી-શકેઉ નથી.

હવે જારે એવુંજ શાબેત થાએલું માનીએ કે આજ લાંબી મુદત થઇ જેટલાં પરાંણીઓ આ જગતમાં દર સાલ અથવા એવી કોઇ ચોકશ મુદતમાં પેદા થાએચ તેટલાજ પરાણીઓનો અડશટો કુદરતી મોહતથી સદા કાલ નાબુદ થાતો આવેએચ અને હવે પછેબી એજ રીત ચાલુ રેહેશે તો હમો કુલે પારસીઓના દાનાવ શેઠીઆઓ અને દુરબીન દશતુરોને પુછીએચ કે, જો તમારા હંમદીનોની ૫૦૦૦૦ પચાશ હજાર મરદોની શંખેઆ જેવી હાલના સુખી જમા-નાના શાએઆ અને સખી અને સુધી સરકારના આશરા હેઠલ આબાદ છે, તેવીજ હાલતમાં આવતાં બીજાં ૧૦૦ એક સો વરશ સુધી રેહે તોબી એ પચાશ હજારની શંખેઆમાં કશો મોટો વધારો ઘટારો થવો નહી જોઈએ, એ વાત સરવે પરકારે મનપતીજ છે, પણ હમો મોટા ભય અને ભારી નાખુશી સાથે તમો ભલી દીનના નેક ખાહવોના રોશન દીલના ખાલેશ દરીઆફની હજુર એવું જણાવવાની રજા માંગીએચ કે જો પારસીઆના નામીચા ફીરકામાંથી કુદરતી મોહોતથી પરાંણીઓનો ઘટારો થાતાં ઉપરાંત, જેટલાં પરાંણીઓ ક મોહોતે મરે, અથવા કોઈ ગેબી આફત અને ન ધારવેલા બનાંવોથી જાએઆ જાએ, તેટલા તમારા હંમદીનો ઉપલી પચાશ હજારની શંખેઆમાંથી ચોકશજ ઘટેલા જાણવા, અને એ ઘટારો તમારી હાલની હાલત અને રશંમ પરમાંણે કબુબી પુરાઈ શકાએજ નહી, ઇઆને જો એક વરશમાં કુદરતી મોહોત પારસી-ઓમાં દુનીઆંની ચાલતી આવેલી રીત પરમાંણે થાએઆ ઉપરાંત, બીજાં કમો-હોતે જેવાં કે મરકી, કોલેરા, દરીઆઈ તોફાંન, ધરતીકંપ, મારામારી, લડાઈ, અને એવાજ બીજા બનાંવોથી નીપજનારાં મોહોતો, અથવા જરથોશતી ધરમ તજીને ઈશાઈ અથવા મહમદી અથવા કોઈ બીજા ધરંમમાં વટલી જાએ, તેટલાવોની જે સંખેઆ દર સાલે થાએ તે ઉપલા પચાશ હજાર મધેથી કમતી થાએલા જાંણવા અને (ન ખાહાશતે ખોદા) જો એ નાપશંદ બનાવોથી નીચે લખેઆ મુજબ કજા થાએતો પારસીનાં ટોલાની હઈઆતીની હદનો અરશટો બી સેહેલથી વીચારમાં આવી શકે છે તેની વીગત.

જો એક વરશની મુદતમાં,

*કોલેરા અથવા મરકીથી ... ... ૪૦૦) પરાંણીઓનો નાશ થાએ.

દરીઆઈ અથવા ખુશકીનાં આફતથી . . ૧૦૦) પરાંણીઓનો નાશ થાએ.

દીન ધરમ સંબંધી અથવા બીજી મારાં
મારીમાં . . . . ૨૦૦) પરાંણીઓનો નાશ થાએ.

જરથોશતી મહજબ તજી બીજા ધરમમાં
વટલી જાએ, અથવા કોઈ રીતની તકશી-
રથી ફાંશી જાએ તથા દેશનીકાલ થાએ
તથા આપઘાત તથા બીજા એવા બનાંવો
અને કજાથી ... ... ૩૦૦) પરાંણીઓનો નાશ થાએ.

ઉપલી વીગત પરમાણે જો કુદરતી મોહોત ઉપરાંત એક વરશમાં ૧૦૦૦ અંકે એક હજાર પરાંણીઓ કમોહોતે જાએઆ જાએ, અને (નખાહશતે ખોદા) જો એવાજ બનાવો ઉપરાસાપરી પાંચ દશથી વધારે વરશો સુધી બનેતો કુલે પારસીઓનો ફીરકો ૫૦) પચાશ વરશની મુદતમાં તદન નાબુદ અને નનામો થાએ, એવું નહી કબુલ રાખવાને, કોઈ મજબુત આધાર મલી આવતો નથી. †

પારસીઓના ટોલામાં ઉપલા બનાવોથી નીપજનારી ખુટ હમોએ ઘણી મોહોટી ધારીચ, અથવા ગણીચ એવું કોઈબી દાહેઆ માનસથી કેહેવાઈ શકાશે નહી પણ એની વીરૂધમાં જો હમો ખોલી રીતે બતાવા માંગીએ તો, એવું કેહેવાઈ શકાએચ કે જો પારસીઓના ધરમ સંબંધી, બાબદોની હાલની હાલત, અને તેવોને જુદદીનોની ભાશાઓની અને એલમોની, જેમ હાલ કેળવણી મલેચ, તેની હાલત આવતાં પચાશથી વધુ વરશો તલક કાએમ રેહેતો, ખાલી વટલી જનારા પારસીઓની સંખયા દર વરશે ૧૦૦૦) એક હજારની અથવા એથીબી વધુ થવી જોઈએ, તેમાં કશો મોહોટો સંદેહ રેહેતો નથી, અને જો ગીઆં ૧૨૦૦ બારસો વરસપર પારસીઓની હુંમજાતની સંખયા ઓછામાં ઓછી તરંણ કરોડની ગણીએ અને એ તરંણ કરોડમાંથી કમોહતે મરતાં, વટલતાં, અને બીજી રીતે જાએઆ જાતાં આજ પુરથવીની સપાટીપર કુલે ૫૦૦૦૦) પચાસ હજારથી વધુ પારસીઓ બાકી રહેઆ નથી એવું કબુલ રાખીએ તો કંઇ હજારો પારસીઓ દર એક સાલમાં વટલેઆ અથવા કમોહોતે મરણ પામેઆ હોએ તેવું જણાએછે. એજ સાદા હીશાબની ગણતરી તથા એને લગતી બીજી બાબદો ઉપર નેગાહ પોંચાડતાં હમોએ જે અતરે હાલનાં પારસીઓની સંખેઆમાં હવે પછે ઘટાશે થવો જોઈએ તેનો દર સાલનો અડસટો દેખાડેઓછે, તે બેવજન અને વગર આધારનો ઠડતો નથી. જે સુખી અને સલાહ ભરેલા હાલતમાં હાલના પારસીઓનો ટોલો અંગરેજ સરકારના શાએઆ હેઠલ આબાદ છે, તેજ હાલતમાં હવે પછેબી સદા ટકેલો રેહેશે એવું બોલવું તો શું બલકે વીચારવુંબી બેહુંદુ અને બેજા છે અને (ન ખાહશતે ખોદા) હવે પછી કોઇબી અંનબનાવ ઉપરથી મહમદીઆંનો અથવા હીંદુઓ અથવા કરીશટીઆંનો અથવા કોઈ બીજી ગણેઆતવાળા સાથે પારસીઓને જઘડો અથવા મારામારી કરવી પડે અને તેમાં એકથી તે દશ હજાર સુધી મારેઆ

---

† અંગરજો પારસીઓની સંખયાં એક લાખની ગણીએ તોબી ઉપર જણાંવેલી હાલતમાં રેહેતાં એ ટોલાની આખરીની હદ શોહેજમાં માલમ પડી આવે છે એ ખરેખર ઘણી ખરાબ નીશાની છે.

જાએ, અને એવાજ બનાવ એકથી વધુ વાર બને તો હાલના પારસીઓની કામની આબાદી અને હઈઆતી કેટલી અને કાંહાં સુધી ટકે તેની ગણતરી કરવાને એક મુરખબી શેહેલલું વીચારશે, અને એવા અથવા એવીજ રીતના બીજા માઠા બનાવો હવે પછે બીલકુલ બની શકનારજ નથી તે વીશેની જામીનગીરી તો કોઈબી ઈનસાનનું ડહાપણ આપી શકતું નથી.

તેઆરે કુલે દાનેશમંનદ જરથોશતીઓને લાજમ અને ઘટારત છે કે પોતાની નેક કોમનુ ભલું ઈછી તથા પોતાની ઓલાદો અને વંશોની આબાદી અને સુખ હઈએ ધરી, આ ચમતકારીક જમાનામાં, અને હર તહરેનાં ગનેઆં-ના પરપુછ અને શોધના દોરમાં પોતાના અસલી અને અશો ધરમના નીભાવ સંબંધી ખુબ વીચાર કરી, એવા પકા અને પાકીજે બંનદોબસતો અને ઠેરાવો કરે કે જેથી એ દીનના દશતુરોની હાલની નભરવશી, અને મોબેદોની સુસતી તથા બેહેદીનોનુ બદગુમાંન અને બેદીલી એકદંમ દુર થાય અને જરથોશતી દીન ઓશતવાર પાએઆ ઉપર ટકી, દીન દુશમનોની મંનતકી લડાઈના મેદાંનમાં મોરાદની દરી જીતી, આપરા ટોલાની અસલ મોહોટાઈ અને મોભાનો જીુહુંનડો નવેસરથી બુલંદ હુવા ઉપર ઉડી, પોતાનાં ખાલેશ જહલકાટથી બદ મનશાનીનાં મુદઈઓનાં, શીહા દીલને હેરત અને દેહેશત-મંદ કરે.

તે દાદગર સાહેબની બખશેલી અકલનાં દુર અંદેશાની આંખે જેતાં એક અગમચેતી અથવા ભવીશ વાત દાખલ હમોએ ઉપર એવું જણાંવેઉ છે કે, જો પારસી લોકો પોતાની હાલની હાલતમાં ઘટતો ફેરફાર નહી કરે તો આવતાં ૫૦) પચાશ વરશની મુદતમાં તેવોની અવશથા ઘણી બારીક અને નબલી થવી જોઈએ, એ દુશત બનાંવનો અટકાવ, અને જરથોશતી શીરકાનો નીભાવ, કરવાનો સઉથી મોહોટો અને અકલ કબુલ કરે તેવો એલાજ એ છે કે બીજા બેદીન અને જુદદીનવાલાઓને જરથોશતી દીન કબુલ કરાવી, એ શીરકામાં સામેલ કરવા જોઈએ. એ ચીજ કરવામાં કશી હલકાઇ અથવા ગોનાહ નથી, બલકે દાનાઇ અને શવાબ છે, અને એ દીનનાં નેક નબીની ખાહેશ અને ફરમાંન, તથા કુલ જગતનાં દયાલુ સાહેબની મનુશ જાતને શર રોજે અવલથી મુકેલી ફરજોબી એવીજ છે, કે ભલી દીન ધરાવનારાવોએ સદા બીજા ગુમરાહાવો અને કાફરો તથા બદકારો અને બુત પરશતોનાં રેહેનુમા થતા રેહેવું, અને પોતાની દીનનો મોભો, તથા મોટાઇ, અને પાકીજગી, તથા સફાઇથી તેમને ખબર-દાર અને હુશીઆર કરતા રેહેવું. એવી રીતનાં નેક ફરમાંનો અને વાજબી ફરજોજે હાલના જરથોશતીઓ કેવું માન અને કેટલુ વજંન આપેચ તેનો પકો વીચાર તેવોએજ કરવો ઘટારત છે. એ ફરજો નહી બજાવામાં કેટલું પાપ છે, અને એ ફરમાંનો નહી ગુજારવામાં તેવો કેટલા તકશીરવાર છે, તેનો ભયંકાર અડશટો ઘ્પતરે લખી દેખાડવાને હમો હાલ મગદુર અને મરજી ધરાવતા નથી, તોબી પારસીના ટોલાના કાબેલ, અને કાંમેલ, તથા ધંનવંત અને આનવંત

ગરહસથોને એક સાદો સવાલ પુછીએચ કે વગર દીનના અને બુતપરશતો અથવા અદકારોની રાશત રેહેનુમાઈ કરી તમારા ધરંમમાં દાખેલ કરવાની તમોને શું અડચંણ છે? અને કંઈ દલીલોથી અને કીઆં ધરંમ પુશતકોના ફરમાનથી એ ચીજનો ઈનકાર કરવાની તમોને સતા છે? શું તમારા અસલ પેગંમબર, અને વડવાઓએ એ ચીજ કીધી નહી હતી? શું તમોજ તમારી દીનને ભલી અને પાક બુજી, જુદદીનવાલાઓ અને પરગણેઆતને તેની ખુબી અને ફાએદાથી તદંન દુર અને બેખબર, તથા બેનશીબ રાખી, તમોજ એખલા પેલી જેહાંનનાં બેહેશતનાં ચમંનમાં આરાંમ ભોગવવા માંગોચ? જો એવુંજ હોએ તો ખરેખર તમો માહા કરપીણ ભુલ કરોચ અને શાદી અકલબી કેહેચ કે એવી ભુલને તે શાહેબની દરગેહે માંફી મલવીબી માહાલ છે. તમારી કોમનાં કોઈબી કદીમ દાંનાંવો, અને દીનદારો એવા નથી થાએઆ કે બીજાઓને પોતાની દીનનાં નેક મારગથી રેહેનુમા નહી કીધા હોએ, તમારી દીનનાં પેગંમબરો અને સરદારોએ એવું નથી કહીઉ કે પરદેશીઓ અને પરગણેઆતોથી પરીત તોડી તમારી દીનના દરવાજાના શાએઆ હેઠલ તેવોને લેવાની છીત ગણજો, બલકે તેઓએ પોતાનાં દોરમાં જેમ જુબાનની તલવારની કુકરાજીથી, તેમજ લોહોડાંની શ[ના]મશેરબાજીથી બીજાં દેશ અને બીજી દીનનાં લોકોને જરથોશતી ધરમમાં વટલાવેઆ હતા, એવું ઘણી માહભારત તવારીખોના એક એતેફાકી કોલથી અને તમારાં પોતાનાં ધરમ પુશતકોની શાહાદતથી સાબેત થઈ ચુકું છે, તેવું જાણતાં છતાંબી જો, તમો આલશાઈ, બેપરવાઈ, અને નભરવશી કરો તો તેમાંથી નીપજનારી ખરાબીઓનો સરવે પાંતીનો દોશ તમારે સર રેહે છે, એવું માનવાને હરએક શેઆણાને મજબુત કારણો મલી આવશે.

આએ ઠેકાંણે દીનનાં ફરમાનો મધેનાં એક અગત જોગ અને ઓતંમ ફરમાંનને માંન આપવાની જરૂરીઆત અને તે સાહેબે બે મીશાલની સરવે જમાનાઓમાં બતલાવેલી ખાશ મરજી અને આગનેઆ મુજબ ચાલવાની ફરજીઆત શીવાએ બીજું કશું બેહુનદુ અને બે વીચારનુ હમો બોલતા નથી, તે વીશે દરએક દીન ચાશીદાર મરદે પોતાની ખાતર જમા રાખવી. સંસારી કારભારનો ભલો મારગ સમજી બીજા અનજાંણાને સમજાવવો, અને ઈઅજદાં પરશતીનો નેક અને નીરમલ તરીકો અખતીઆર કરી, બીજા નાંવાકેફ અને ગુમરાહાવોનેબી તેમજ કરવાની કોશેશ અને ભલાંમંણ કરવી, એ કાંમ દરએક સાચા દીનદાર અને શુધા સરદારનુ છે, એટલા વાશતે હરએક રીતનો બુરો અંનદેશો અને તકલીદી વસવસો દીલથી દુર કરી, તમાંમ પારસીની અંનજુમંનને લાએક છે કે એ નેક કાંમ જારી કરવામાં બને એટલી શેતાબી કરે, અને પોતાનાં નેક નામ નબી અને નેઆગાંનોનાં રવાંનોને શાદ, અને આએ જગમાં જરથોશતીઓની હઇઆતી શદા આબાદ રાખે." *

* વાંચનારી ચંચલ આલમે 'ઇઆદ રાખવું જોઈએ છે કે, ઉપર મુજબનાં સંગીન અને અગંમચેટી ભરેલા વીચારો ગીઆં ૪૨) થી વધુ વરશોની વાત-

(હીંદુસતાન મધેનાં આતશબેહરાંમો વીશે.)

હવે ઇરાંન છોડી જયારે પારસીઓ બીજી જગાએ અને બીજા મુલકોમાં વીખરાઇ જઇ બરબાદ થયા હતા, તેમજ હીંદુસતાન તરફ કેટલાએકો નીકલી આવ્યા અને જુદી જુદી જગોએ તથા જુદે જુદે વખતે આતશબેહરામો સથાપેઆ હતા તેનો સાર નીચે મુજબનો છે—

પહેલા—આતશબેહરામ સમશત જરથોશતી અનજુમન તરફથી "શંજાન"માં સથાપેઆ હતા અને તે લાવીને "ઉડવારા" માં તખતનશીન કીધા હતા તેને આજે લગભગ ૧૧૭૭) વરશો થયાં છે.

બીજા—આતશબેહરામ નોસારીમાં દેસાઇજી ખોરશેદજી તેમુલજીએ સથાપેઆ હતા અને તેને લગભગ ૧૬૨) વરશો થયાં છે.

તરીજા—આતશબેહેરાંમ મુંબઇમાં મરહુમ શેઠ દાદાભાઇ નશરવાનજી દાદીશેઠના સથાપયા હતા તેને લગભગ ૧૪૪) વરશો થયાં છે.


ચોઠા—આતશબેહેરાંમ સુરતમાં દાદાભાઇ નસરવાનજી મોદીએ સથાપેઆ હતા તેને આશરે ૧૦૪) વરશો થયાં છે.

પાંચમાં—આતશબેહેરાંમ સુરતમાં શેઠ પેસતનજી કાલાભાઇ વકીલના આસરે ૧૦૩) વરશોપર થયા હતા.

છઠા—આતશબેહેરામ મુંબઇમાં શેઠ હોરમજી બમનજી વાડીઆના આસરે ૬૭) વરશોપર સથાપેઆ હતા.

સાતમાં—આતશબેહેરાંમ મુંબઇમાં શેઠ કાવશજી બેરામજી બનાજીના આસરે ગયાં પ૨) વરશપર થઆ હતા.

પર "આપણા મી૦ મનસુખે"—એક જાહેર પુસતકમાં પરગટ કીધા હતા, અને તેનેજ મલતા વીચારો પાછલથી "માકસ મુલર" નામનાં જરમન વીદવાંને તેમજ બીજા યુરોપીઅન ગરંથકારોએ પરગટ કરી, ગોઆ ઘણોજ મજબુત રીતનો ટેકો મી૦ મનસુખનાં અસલ મતને અને અસલ લખાંણને આપો છે, અને તેમાંજ મી૦ મનસુખનાં લખાંણની ખરી સફાઇ અને સચચાઇ સાબેત થઇ ચુકી છે. મી૦ મનસુખની તે અસલ કેતાબનુ નાંમ "એહવાલે ઝંદ અવસ્તા"—છે અને ગીઆં ૪૨) વરશોની વાત પર મરહુમ બેહરાંમજી ફરદુનજી મરઝબાનનાં "દફતરે આશકાર" નામના છાપાખાનામાં છપાઇને બાહેર પડી હતી.



શાહનશાહી જરતોશતી અંનજુમનનાં
મુંબઈ મધેના નવા આતશ બેહરાંમની ઈમારત.

આઠમાં—આતશ શાહનશાહી "જરથોશતી અંજુમનનાં"—આએજ વરશે ગયેજ મહીને મુંબઇમાં સથાપેઆમાં આવીઆ છે.

(એક સારાં અથવા સવાબવંતાં કામને હરકત કરવા ચાહનારા શખશોને અપાએલી શીખાંમણ.)

ઉપર જણાવેલા મુંબઇ મધેનાં શાહનશાહી પારસી અંજુમનનાં આતશબેહરાંમ સથાપવાને લગતી જે મુશકેલીઓ, હરકતો અને ઇનતેજારીઓ તેના સથાપનારાઓને ભોગવવી પડેલી હમોને તેમજ તમો બીજલશીઓને ઇઆદ છે અથવા ખબર છે, તે ઉપરથી, આપણા ઇરાંની નેઆગાંનોનાં પાદશાહના એક દાનાવ વજીરના તથા બીજાઓનાં કહેલા નીરમલ શીખામણથી ભરેલા અસલ સખુનો હાલ ઇઆદ કરવાને અને સઘલા લગતા વલગતા આસામીઓને એક જાતનો રૂડો ધડો શીખવવાને ઘટતું વીચારીઆમાં આવે છે, કે જે ઇઆદગારી ભરેલા સખુનો આ નીચે મુજબના છે.—

(બેતો.)

બે તરસીદ એકસર જે ઈઅજદાંને પાક
મ બાશીદ ઈમંન દર ઈન તીરેહ ખાક.
કે ઈન રૂજ બર હર કસી બોગુજરદ—
જમાંને દમે માં હમી બેશમોરદ.
કેરા પુશતે ગરમી જે ઈઅજદાંન બુવદ
હમીશે દીલો બખત ખંનદાંન બુવદ.
જવાંની કે અંદર સરશ મગજ નીસત
અગર દુર બે બારદ હમાંન નગજ નીસત.
કે હર કુ બ બીદાદ જુએઅંદ નબરદ
જીગર ખસતે બાજ આએદો રૂએ જરદ.
ગર અજ દુશમનત બદ રસદ ઈઆ જે દુસત
બદો નીકરા દાદ દાદંન નીકુ અસત.
બીઆ તા જેહાંન રા બ બદ ન સપરીમ—
બ કુશેશ હમે દસત બ નીકી બરીમ.
ન માંનદ નીકો બદ પાએદાર—
હમાંન બહે કે નીકી બુવદ ઈઆદગાર.
હમીન ગંજો દીનારો કાખે બુલંદ
હરગેજ ન આએદ તોરા શુદમંદ.

કે ગોફતારે તલખ અસત બા રાસતી—
બે બંદદ બ તલખી દરે કાંસતી.
ન બાએદ કે આજાર ગીરી જે મંન
અજીન રાસતી પીશે ઈન અંજુમંન.

ઉપલા બેતોમાં તેનો દાનાંવ બોલનાર, ખરા વેરસી, તથા હસદખોરા અને લોભી તથા આપમતલબી શખસો, જેઓ બીજાઓનુ બુરૂં ચાહીને, જુઠા ફતવા આપવાની અથવા નાલાએક ઉસકેરણી કરવાની હુલરાઇ અથવા શોખાઇ બતાવવાને બીહતા નથી, તેવા શખસોને શીખાંમણુની રાહે તે એમ સમજાવે છે કે.—

"એ ભાઇઓ, તમો હમેશાં તે પાક ઇઅજદાંથી બીહીતા રેહજો, અને આએ સીહા અથવા ફાંની દુનીઆમાં બેશીકરીથી રહીને બુરી ચાલ ચલાવતા રહેવાની હુલરાઇ કરતા રખે. સબબ કે આ જગતની અંદર હઇઆતી ભોગવવાનો દીવસ સરવે પરાંણીઓ કીજે સદા વહી જતો અને નાબુદ થતો રહે છે, અને આખેરના મોહતની ઘડીના દમની ગણતરી આ ફરતો જમાનો રાખતો રહે છે. જે શખસની પીઠે તે પાક યજદાંની પનાહનીજ ગરમીનો આસરો હશે તે શખસનુ દીલ સદા હસતું અને તેનુ બખત સદા ખીલતુંજ રેહશે. (અને કોઇબી બુરા શખસનાં ફાવાદાવાથી અથવા કસરેવજીથી તેને કશો હીલો હરકત પોંહચી શકશે નહી.) જેઆરે કોઇ શખસના માથામાં દાનાઇનુ કે નીરમલ દીનદારીનુ ભેજુ હોતું નથી, તેઆરે તે શખસ પોતાના મોહડેના બકબકારા કરીને તેમાંથી એક મરતબે કીમતી મોતી અથવા ગોહરના જેવા કીમતી સખુનો બોલે, તોબી તે તદનજ હલકા અને હસી કાહડવા જેવા લાગે છે, અને ખરા સમજુ શખસો તેની મશકેરી કરે છે. જે શખસ વગર કારણે જાસતીથી અથવા આપ સવારથ અને બુરા લોભને આધારે, કોઇ બીજા નીરદોશો સાથે કીતનો ઉઠાવે અથવા છેડતી સોધે, તેવા શખસને સેવટે શરમ ભરેલી રીતે હારી જઇને, જરદ અથવા સીહા મોહડાં સાથે પાછુજ હટવું અને ચુપ બેસવુંજ પડે છે. વાસતે એ ભાઇઓ, સઉથી સરસ રીતી એજ છે કે તમારા કોઈ દુશમનથી અથવા તો કોઇ દોસતથીબી, કંઇ બુરૂં અથવા કંઇ દુખ સોસવું પડે તો, અખાડા કરી જજો, અથવા સબર પકડી ચુપ બેસવામાંજ ખરૂં ડહાપણુ અને દાદખાહી સમજજો.

"એ ભાઇ તું આવ અને આ મારી શીખામણ સાંભલ, કે આ દુની-આમાં બને તાંસુધી કંઇબી બદીના કામ કરીએ નહી, અને બને તાંહાં

તલક નેકી કરવાનાંજ કામમાં આપરે કોશેશ કરતા રહીએ. આખરેશ આ દુનીઆમાં નેકી કે બદી હમેશ તલક પાએદાર રહી શકતી નથી તે વાત ખરી છે, તોબી ખરી નેકીનીજ વાત કંઇબી રીતે ઇઆદગાર રાખવામાં ભલું છે. આ જગતનો જર અને માલ તથા ઘરબાર અને મોટા મેહેલો આખેરે તુને કંઇ કામ આવશે કે કંઇ ફાએદો કરશે નહી તે ખુબ ઇઆદ રાખજે.

"આએ માહરા ઉપલા શખુનો કેટલાએક લગતા વલગતા આસામીઓ કીજે લગરીક તીખા છે ખરા, પણ તેમાં નીરમલ રાસ્તી છે, તેજ તેની ખુબી છે. સબબ કે રાસતીથીજ બદકારી અને ખોતી નીતી રીતીના દરવાજા બંધ રખાઈ અથવા બંધ રહી શકે છે. એવાં મારા બોલવાથી કોઇબી શખસોએ પોતાના મનમાં બુરૂં લાવવું નહી, સબબ કે રાસતીજ સખુનો બોલવાને અને હક વાજબીજ ટીકા વાંચનારી અને સાંભલનારી અંજુમન આગલ કરવાને હું મારી ફરજ સમજેઓ છેઉ. (પુશકલ જોશદાર તાલીઓ.)

એટલુંજ બોલીને મી૦ મનસુખે પોતાનુ ભાશાણ ખતમ થાએલું જણાવી પોતાની ખુરશી પર બેઠા હતા, તે વખતે તમામ મીજલશીઓની તરફથી ખુશાલીની તાલીઓ અને હુરરેના પોકારો ઉથાવેઆમાં આવેઆ હતા અને તેની ગડબડ કેટલીએક સેંકડ તલક ચાલુ રહી હતી.

એ પછે સરનશીન સાહેબ દસતુર ડાકટર જામાસપજી મીનોચેહેરજીએ ભાશાણ કરતાની ટેબલ આગલ હરોલમાં આવીને એમ કહી સંભલાવીઉં હતું કે,—બાંનુઓ અને ગરહસથો, મી૦ મનચેરજી મનસુખે ખુદ પોતાની તરફથી અને ખુદ પોતાનીજ મેહનતથી ઉપજાવી કાહડેલું રસીલું તથા તવારીખી બાબતોથી અને ભારી નસીહતી કલામોથી ભરેલું (તાલીઓ) આજનું ભાશાણ લગભગ બે કલાક તલક તમારી સનમુખ ખડે પગે ઉભા રહીને કહી સંભલાવાની તજદી લીધી છે, તે વીશે હું જેમ ખુદ માહરી તરફથી તેમજ આ મોટી મીજલસની તરફથી તેવણનો મોટો ઉપકાર માંનુ છેઉં. (જોશ ભરી ઉલટ અને ખુશીની તાલીઓ.) આટલી મોટી ઉમરે પોહચવા છતાં આપરી કોમનુ ભલું તથા આપરા ધરમની પાએદારી ચાહીને મી૦ મનસુખ વારંવાર એવી તજદી લેવાને શકતીવાંન અને તંદરોસતી ભરેલા રહેલા છે, તે બાબે શોકરગુજારી કરીએ અને હવે

પછેબી ખોદાની બખશેશથી લાંબી મુદત તલક એવણ ખુશી અને તનદરોસતી ભરેલા રેહે એવુંજ આપણે ઇછીએ છઇએ. (તાલીઓનો ગગડાટ). પારસી કોમની અસલ નીરમલ એકીનદારી તથા તેઓની વસતી ઘટતી જાએ છે, અને તેનાં વધારા વીશેનાં કંઇબી ઉપાએ આપણાંમાં નથી તે બાબેના મી૦ મનસુખના ટીકા વાજબી અને પાએદાર છે એમ મોટી દલગીરી સાથે કબુલ રાખવું પડે છે. તમો મીજલસીઓને તેમાં ખસુસ કરીને બાંનુઓને આજે લગરીક લાંબા વખત તલક ખોતી થવાની તજદી લેવી પડી છે તે વીશે હું તમારો આભાર માનુ છેઉં.

એ પછે મી૦ મનસુખે, સરનશીન સાહેબ દસતુરજીએ લીધેલી તજદી બાબે તથા પોતાનુ કામ મોભા અને ચાલાકીથી બજાવેઆ બાબે, ખુદ પોતાની તેમજ મીજલશીઓની તરફથી ઉપકાર કહી સંભલાવેઓ હતો, જે આખી મીજલસે તાલીઓના આવાજથી સ્વિકારેઓ હતો.

વલી આતશબેહરાંમની મેનેજીગના કમીટીએ અથવા કારોબારી સાહેબોએ તે નવાં પવીતર મકાનમાં સઉથી પેહલું ભાશાણ કહી સંભલાવાનુ માંન લેવાની તક સઉથી પહેલાં મી૦ મનસુખને આપી હતી, તે વીશે મી૦ મનસુખે પોતાનાં ખરાં અંતઃકરણથી તેઓનો ઉપકાર માનેઓ હતો (પુશકલ તાલીઓના ગગડાટ.) સેવટે મી૦ મનસુખે લગરીક રમુજી ધપથી એમ બી કહી સંભલાવું હતું કે; સાહેબો મેં પોતે બી એ આતશબેહરાંમ સાહેબને બરપા કરવાની જીકરીમાં લાંબા વખત તલક મારી કલમથી અથવા ભાશાણોથી ભાંજગડો ચાલુ રાખવાને અથવા બાથાબાથી કરતા રેહવાને કશું બાકી રાખીઉ નહી હતું—હો!! (હસાહસ અને ખુશાલીની પુશકલ તાલીઓ તથા હુરરેના પોકારો વચે મી૦ મનસુખનુ એ ભાશાણ ખતમ થઇઉ હતું અને સભા હસતી રમતી બરખાસત થઇ હતી.)

સમાપ્ત.

મુંબઈ: ધી રીપન પ્રીંટીંગ પ્રેસ કંપની, લીમીટેડ.

A PARSEE POET.

(From the "Pall Mall Budget" of the 22nd February 1894.)

A CORRESPONDENT writes from Bombay:—" I beg to forward a portrait of an eminent Parsee poet, Mr. Muncherji C. Munsookh. He is a well-known and much-respected citizen of Bombay. Born in 1828, he is still, at the advanced age of sixty-five, active in mind and body to an extent quite unusual with the Orientals. His name is associated for the last half a century with every question of social reform and progress among his



countrymen. Gifted with a versatile talent, he has composed thirty large works in the current vernacular of Western India, on history, moral philosophy, and fiction. His high poetical powers are well displayed in his accurate transliteration of the poems of Firdusi, the great Persian historian of ancient Persia. Of his literary productions, his poetical rendering of the German Rhine Songs, and his poetical sketch of the life of the late Prince Albert, were received with suitable acknowledgments by Her Majesty the Queen, and the Empress Frederick of Germany."

(Price, One Rupee.)